उन्नति
# વિચાર

વર્ષ ૧૩ અંક ૨ મે – ઓગસ્ટ , ૨૦૦૮

**અનુક્રમ**

**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- સામાજિક અન્વેષણ: હેતુઓ, અભિગમો, પદ્ધતિઓ અને પ્રશ્નો 2

**મંતવ્ય**

- સહભાગી પદ્ધતિઓ કયા માર્ગે? 11
- ખરા ગુનેગારો સુધી પહોંચીએ 13

**આપણી વાત**

- સ્થાનિક સંસ્થાઓની પ્રતિભાવાત્મકતા: ગુજરાતમાં સામાજિક ઉત્તરદાયિત્વ માટે નાગરિક માળખાં 15

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** 25

**સંદર્ભ સાહિત્ય** 28

**અમારા વિશે** 29

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## ઉત્તરદાયિત્વનો માર્ગ: સામાજિક અન્વેષણ થકી પારદર્શિતા

શાસનની સંસ્થાઓને પારદર્શી બનાવવા માટેના પ્રયાસો દુનિયાભરમાં તાજેતરનાં વર્ષો દરમ્યાન વધારે સઘન બન્યા છે. વિકાસની સમસ્યાઓને લાગેવળગે છે ત્યાં સુધી એમ સાબિત થયું છે કે વિકાસમાં જે ખામીઓ રહી જાય છે તેનું એક અગત્યનું કારણ શાસનમાં ખામી છે. શાસન ગરીબો, છેવાડાના લોકો, વંચિતો, રહિતો, મહિલાઓ, બાળકો, વિકલાંગો, અશક્તો અને અન્ય તકવંચિત અને લાભવંચિત વર્ગો પ્રત્યે ઉત્તરદાયી બનવાને બદલે મોટે ભાગે ધનવાનો અને તેમનાં હિતો પ્રત્યે વધારે ઉત્તરદાયી દેખાતું રહ્યું છે. આ વલણ બદલીને શાસનને જો આ વર્ગો પ્રત્યે ઉત્તરદાયી બનાવવું હોય તો તેને પારદર્શી બનાવવું આવશ્યક છે એમ સમજવામાં આવે છે. આ માટે નવી કાર્યપદ્ધતિની આવશ્યકતા જણાય છે. બજારતંત્રના સંદર્ભમાં વધારે સાવધાન અને કાર્યપ્રેરક બનવાની જરૂર છે.

તેને પરિણામે જ શાસન અને તેની સંસ્થાઓ તથા તેમાં કાર્યરત એવા રાજકીય નેતાઓ અને વહીવટી પાંખ બંને ઉત્તરદાયી બને તે માટેનાં માળખાં ઊભાં કરવા અને તેમને મજબૂત કરવા પ્રયાસ કરવામાં આવે છે. ઘણી વાર આવાં માળખાં અસ્તિત્વમાં હોવા છતાં શાસનની સંસ્થાઓ નાગરિકોને જવાબદાર હોતી નથી. તેનું કારણ એ છે કે આવાં માળખાં માત્ર યાંત્રિક બની ગયાં હોય છે અને તેમાં લોકોની ભાગીદારી હોતી નથી. હિસાબી ઓડિટ એ આવા જ પ્રકારનું એક માળખું બની ગયું છે. શાસન અને તેની સંસ્થાઓનું ઓડિટ નિયમિત રીતે થયા કરે અને છતાં શાસકો નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી ના હોય એવા પ્રકારની પરિસ્થિતિ લોકશાહી દેશોમાં પણ વ્યાપકપણે જોવા મળે છે. આ ચિંતાજનક પરિસ્થિતિમાંથી બહાર આવવા માટેનો અને નાગરિકોના પ્રત્યે શાસનને વધારે ઉત્તરદાયી બનાવવા માટેનો એક અગત્યનો રસ્તો સામાજિક અન્વેષણ છે. સ્થાનિક રીતે વિચારવાની અને કાર્ય કરવાની અને તે માટે આયોજન કરવાની પદ્ધતિ એ જ સામાજિક અન્વેષણ છે. તેનાથી માનવતાવાદી લક્ષ્યાંકો આસાનીથી પાર પાડી શકાય છે. સામાજિક અન્વેષણ લોકશાહી દેશોમાં એક નવા જ પ્રકારનો અભિગમ રજૂ કરે છે. આ ઓડિટ કે અન્વેષણ કોઈ નિષ્ણાત હિસાબનીશો દ્વારા થતું નથી પરંતુ લોકો દ્વારા થાય છે. લોકો તેમાં સહભાગી થાય છે અને શાસનની સંસ્થાઓ પોતે કેવી રીતે પોતાના દાવાઓ અનુસાર લોકો પ્રત્યે ઉત્તરદાયી બનેલી છે તે લોકો પોતે જ તપાસે છે અને શાસનનો હિસાબ માંડે છે. આ એક એવી પ્રક્રિયા છે કે જેમાં વિકાસના કાર્ય સાથે તો તેનો સંબંધ છે જ પણ તે ઉપરાંત શાસનની સમગ્ર પ્રક્રિયામાં લોકો સહભાગી થઈને વિકાસને પોતીકો બનાવે છે. આ રીતે જોઈએ તો સામાજિક અન્વેષણ શાસનને સામાજિક ઉત્તરદાયી બનાવવા માટેનો પ્રયાસ છે. મૂળભૂત રીતે આ પ્રક્રિયા રાજકીય પ્રક્રિયા છે, માત્ર હિસાબી પ્રક્રિયા નથી કે તટસ્થ પ્રક્રિયા નથી. સમાજમાં અને શાસનમાં જે દૂરી છે તે દૂર કરવાની પ્રક્રિયાનો આરંભ સામાજિક અન્વેષણથી થાય છે. આથી તે ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટેનો એક નોંધનીય માર્ગ છે. "જે ઓછામાં ઓછું શાસન કરે તે સારામાં સારું શાસન" એવા સિદ્ધાંતને ચરિતાર્થ કરવા માટે સામાજિક અન્વેષણ મહત્તમ લોક સહભાગિતા ઊભી કરીને સંનિષ્ઠ પ્રયાસ કરે છે. આવા સામાજિક અન્વેષણ માટે લોકો માંગ કરે એ પણ એટલું જ મહત્ત્વનું છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં કરાયેલી સામાજિક અન્વેષણ માટેની જોગવાઈને તમામ સ્તરે તમામ યોજનાઓના અમલ અને શાસનની પ્રક્રિયામાં જોતરવાની આવશ્યકતા છે.

# સામાજિક અન્વેષણ: હેતુઓ, અભિગમો, પદ્ધતિઓ અને પ્રશ્નો

આ લેખમાં '**ઉન્નતિ**'ના **શ્રી બિનોય આચાર્ય** અને **શ્રી અરુણકુમાર** સામાજિક અન્વેષણ શું છે અને તે શા માટે લોકશાહીને મજબૂત કરવા આવશ્યક છે તે સમજાવે છે. સામાજિક અન્વેષણ માટેની રીતો કઈ હોઈ શકે અને તેમાં અવરોધરૂપ પ્રશ્નોનો ઉકેલ કેવી રીતે આવી શકે તે વિભાવનાત્મક અને વ્યવહારુ સ્વરૂપે લેખમાં સમજાવાયું છે. લેખ '**ઈરમા**' દ્વારા ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલયના ઈજનથી તૈયાર કરાયેલા 'ધ સ્ટેટ ઓફ પંચાયત્સ: ૨૦૦૭-૦૮, એન ઈન્ડિપેન્ડન્ટ એસેસમેન્ટ, વો.-૧'નો ભાગ છે.

## પ્રસ્તાવના

તાજેતરનાં વર્ષોમાં ઉત્તરદાયિત્વની કાર્યસૂચિનું ચલણ વધ્યું છે. અનેક વિકસિત લોકશાહીઓમાં વિકેન્દ્રીકરણ તરફનું વલણ વધ્યું છે અને નવાં ધોરણો અને પ્રણાલીઓ માટેની શોધ પણ વધી છે. તેનો અર્થ નાગરિકો અને રાજ્યની સંસ્થાઓ વચ્ચે ઉત્તરદાયિત્વને મજબૂત કરવાનો છે. લંબરૂપ ઉત્તરદાયિત્વના પગલા તરીકે ઓડિટ (અન્વેષણ)નાં પરંપરાગત સ્વરૂપોની મર્યાદાઓ છે અને લોકોને તેમાં ઓછો વિશ્વાસ છે, તેથી ભારતમાં વિકેન્દ્રિત શાસનમાં સામાજિક અન્વેષણ (સોશ્યલ ઓડિટ) દ્વારા સેવાઓના વપરાશકારો કે નાગરિકો પ્રત્યેના ઉત્તરદાયિત્વ ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે. સામાજિક અન્વેષણો ફક્ત નીચે તરફના ઉત્તરદાયિત્વને જ મજબૂત કરે છે એવું નથી, પણ તે ગરીબો અને છેવાડાના વર્ગોનો 'અવાજ' પણ ઊભો કરે છે. અહીં પંચાયતી રાજ સંસ્થાઓમાં દેશના ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક અન્વેષણની હાલ જે સ્થિતિ છે તેના વિશે વિશ્લેષણ કરાયું છે. અહીં રજૂ થયેલાં અવલોકનો સામાન્ય નાગરિકો, નાગરિક સમાજનાં સંગઠનો, પંચાયતોના પ્રતિનિધિઓ, વિદ્વદ્જનો અને સરકારી અધિકારીઓ સાથે વિવિધ જાહેર મંચો ઉપર લેખકોએ જે અનૌપચારિક વાતચીત કરી છે તેના પર આધારિત છે. અનેક પ્રકાશિત અને અપ્રકાશિત સાહિત્ય અને અહેવાલોનો સંદર્ભ પણ લેવાયો છે. જે અવલોકનો અહીં રજૂ કરાયાં છે તે એવાં વિવિધ વલણોને પ્રકાશમાં આણે છે અને તેમનું સામાન્યીકરણ કરે છે કે જે જાહેર જવાબદારીને સંસ્થાગત બનાવવા માટેની પરિસ્થિતિ ઊભી કરે છે, અથવા તો તેની આડે અવરોધો ઊભા કરે છે.

## સામાજિક અન્વેષણ શા માટે?

છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન સ્વાયત્ત સંસ્થાઓમાં વધારો થયો છે. તેને પરિણામે તેમની વચ્ચે સામાજિક અને આર્થિક વિશ્વાસની વહેંચણી થઈ છે. ઓડિટ આ સંસ્થાઓ વચ્ચે વિશ્વાસ અને નિયંત્રણનો માહોલ ઊભા કરે છે અને તેને વ્યક્ત કરે છે. આરંભમાં ઓડિટનો ઉપયોગ વિવિધ પ્રકારના સોદાઓ તપાસવા માટે થતો હતો પરંતુ તેનું પ્રમાણ વધતું ગયું અને ફેલાવો વધતો ગયો તેથી પદ્ધતિની કે વ્યવસ્થાની તાકાત માપવા ઉપર તેનું ધ્યાન કેન્દ્રિત થયું. તેમનું મૂળ ધમકી (ડેટરન્સ)ના મૂલ્યમાં હતું, કે જેમાં તપાસનો અર્થ તફાવતો અને ભૂલો શોધી કાઢવાનો હતો. વધુ ને વધુ પ્રમાણમાં ઓડિટે નાણાકીય ક્ષેત્રને બદલી નાખ્યું અને હવે સંગઠનની કામગીરી સુધારવાના અને શાસનમાં પરિવર્તનના સાધન તરીકે તેનો ઉપયોગ થઈ રહ્યો છે.

શાસનની સંસ્થાઓમાં નિયમ પાલન, ગુણવત્તા સંચાલન અને કાર્યક્ષમતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા સુધારા ઉપર વધારે ભાર મૂકવામાં આવી રહ્યો છે. જાહેર સંચાલનના નૂતન માળખા હેઠળ સેવાઓ પૂરી પાડવાની બાબતમાં રાજ્યની ભૂમિકા ઘટી રહી છે. તેને પરિણામે શાસન અને સેવાઓ પૂરી પાડનારી સંસ્થાઓ અલગ થઈ રહી છે. આ પ્રકારની પરિસ્થિતિમાં શાસનની સંસ્થા નિયમન કરે છે અને સેવા પૂરી પાડનારી સંસ્થાને ઓડિટ, મૂલ્યાંકન અને નિરીક્ષણ દ્વારા જવાબદાર ગણવામાં આવે છે. જ્યારે પંચાયતો જેવી શાસનની સંસ્થાઓ પણ સેવાઓ પૂરી પાડી છે ત્યારે વૈધાનિક ઓડિટનું પણ વિશેષ મહત્ત્વ છે. આમ, અમલદારશાહીને સ્થાને ઓડિટિંગ અને એકાઉન્ટિંગનાં સંચાલકીય સાધનો આવ્યાં છે. ઓડિટિંગ અને એકાઉન્ટિંગને રાજકીય રીતે તટસ્થ ગણવામાં આવ્યાં છે તેથી લોકોમાં તેનો સ્વીકાર થયો છે.

હાલ તેથી ઓડિટનો ઉપયોગ આ બાબતો સુનિશ્ચિત કરવા માટે થાય છે: (૧) શાસનની સંસ્થાઓમાં હોય તે સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં નિયમપાલન. (૨) સંબંધો ઉપર દેખરેખ અને મૂલ્યાંકન. (૩) કામગીરી અને વપરાશકારના સંતોષને ક્રમાંકન. (૪) સુધારા આરંભવા માટેનાં પગલાં, જેમ કે, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સેવાઓ સુધારવી. ઓડિટિંગમાં નિદાન માટેની માંગ વધી રહી છે. 'શા માટે' ઓળખવા માટેની એ ચિંતા છે. જો કે, ઓડિટ એ ઉત્તરદાયિત્વની સાંકળમાં અંતિમ કગાર છે એમ કહીને તેની ટીકા પણ કરવામાં આવે છે. કેટલાકની એવી દલીલ છે કે, "કંઈક ઉચ્ચ દૃશ્યતા ધરાવનારી અને મોંઢામોંઢ સીધું ઉત્તરદાયિત્વ ધરાવનારી બાબતો ઊભી કરવા નાગરિકો વચ્ચે વધુ સંવાદનું નિર્માણ કરવાની આવશ્યકતા છે."

સામાજિક અન્વેષણ જાહેર સંવાદ અને તપાસ આરંભે છે. તેનાથી હેતુઓની પ્રસ્તુતતા અને તેમાંની પ્રક્રિયાઓ તપાસવામાં મદદ મળે છે. ખાસ કરીને સ્થાપિત સંદર્ભમાં, સામાજિક અન્વેષણ ખર્ચની ઉપયોગિતા અને લાભો નક્કી કરવામાં મદદ કરે છે અને તેમાં યોગ્ય રીતે લક્ષ્યાંકો નક્કી થયા છે કે નહિ તે પણ નક્કી થાય છે. 'શા માટે' નક્કી કરવામાં અને સ્થાનિક ઉકેલો ઘડી કાઢવામાં તેની શક્તિ ઉપર ઓછો ભાર મૂકવામાં આવ્યો છે. તે જાહેર સંવાદને નિમંત્રવામાં, નાગરિકોની સામેલગીરી ઊભી કરવામાં, નાના ઉકેલો શોધી કાઢવામાં કે સ્થાનિક સ્તરે તપાસ અને સંતુલનના પગલા તરીકે કામ કરી શકે છે. વિવિધ સ્થાનિક સંદર્ભમાં સામાજિક અન્વેષણનું જે આંદોલન છે તેની કોઠાસૂઝે નીતિવિષયક સ્તરે માર્ગરેખાઓ સુધારવામાં કે ઘડવામાં મોટા ફેરફારો લાવવામાં મોટું યોગદાન આપ્યું છે. સામાજિક અન્વેષણ જાહેર કાર્યક્રમો વધારે અસરકારક રીતે ચાલે તે માટે જ છે. આ રીતે સામાજિક અન્વેષણ એકસાથે ઉત્તરદાયિત્વના પગલા તરીકે અને સેવા તથા શાસનમાં સુધારાના પગલા તરીકે કામ કરે છે અને તે ઘાતક ઉકેલની પદ્ધતિ બની જતું નથી, અથવા તો નિરીક્ષણના યુગમાં તકેદારીની સ્થાપના કરતું નથી. સામાજિક અન્વેષણની પ્રત્યક્ષ અસર તો થાય છે જ પરંતુ તે સામાજિક નેટવર્કનું નિર્માણ કરીને તથા તેને મજબૂત કરીને સ્થાનિક સ્તરે સામૂહિક રાજકીય કાર્યને આગળ ધપાવવાનું કાર્ય કરી શકે છે, અને પસંદગીઓ કે પ્રાથમિકતાઓ નક્કી કરવામાં યોગદાન આપી શકે છે. જો કે, વ્યવહારમાં વિભાવનાત્મક સ્પષ્ટતા લાવવાની જરૂર છે, ખાસ કરીને ઓડિટમાં જે 'સામાજિક' ઘટક છે તેને વિશે તો એની ખાસ જરૂર છે. જો એમ ન થાય તો, તે ખોટી વિતંડાવાદી કવાયત બની જાય અને લોકશાહી ઉદ્દેશો આગળ ધપાવવામાં તે ખરેખર કશું પ્રદાન આપી શકે નહિ.

## સામાજિક અન્વેષણ: નીતિવિષયક બાબતો અને કાનૂની જોગવાઈઓ

ગ્રામ પંચાયત સ્તરે નાગરિકોની સહભાગિતા, પારદર્શિતા અને ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત સ્વીકારીને આસામ, ગુજરાત, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક, કેરળ, રાજસ્થાન, સિક્કિમ અને દમણ-દીવમાં સામાજિક અન્વેષણ વિશે કાયદા કરવામાં આવ્યા છે. આ રાજ્યોએ સામાજિક અન્વેષણ હાથ ધરવા માટે વિગતવાર માર્ગરેખાઓ જારી કરી છે. સામાજિક અન્વેષણ હાથ ધરવા ઉપરાંત આસામ, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક અને પંજાબમાં ગ્રામ સભા દ્વારા પ્રગતિની સમીક્ષા કરવા માટે પણ જોગવાઈઓ કરવામાં આવી છે. આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ અને ઉત્તરાંચલમાં સામાજિક અન્વેષણનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, પરંતુ ગ્રામ સભા દ્વારા પ્રગતિની સમીક્ષા થાય તેની જોગવાઈઓ કરવામાં આવી છે. દેશમાં ૧૨ રાજ્યોએ કામની પ્રગતિની સમીક્ષા ગ્રામ સભા દ્વારા થાય કે સામાજિક અન્વેષણ દ્વારા થાય તે સંબંધી કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે. છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, ઓરિસ્સા અને સિક્કિમ એમ માત્ર છ રાજ્યોમાં જ મહિલાઓ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને ભૂમિહીન મજૂરો ગ્રામ સભામાં હાજરી આપે તે માટે કાયદામાં સ્પષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે.

એમ કહી શકાય કે ગ્રામ સભાને પાયાનો પથ્થર ગણવામાં આવે છે કે જેની આસપાસ રહીને દેશમાં ગ્રામ વિસ્તારોમાં વિકેન્દ્રિત શાસનનું આયોજન કરવામાં આવે છે. પ્રત્યક્ષ લોકશાહીની આ સંસ્થાગત વ્યવસ્થા છે અને તેનો ઈરાદો કાયદો કરીને રાજ્ય જે કામો તેને સોંપે તે કરવાનો છે. તેથી ગ્રામ સભા સ્થાનિક સ્તરે લોકશાહીને વ્યવહારમાં મૂકવાનો મંચ છે. વર્ષમાં કમ-સે-કમ બે વાર ગ્રામ સભા મળે છે ત્યારે તે વિકાસ માટેનું આયોજન કરે, લાભાર્થીઓને ઓળખી કાઢે અને અમલ માટે માર્ગ સુલભ કરે અને ચર્ચા કરવા માટેનો અવકાશ પૂરો પાડે કે જેમાં નાગરિકો દ્વારા પ્રશ્નો પૂછાય અને સ્પષ્ટતાઓ માગવામાં આવે. '૨૦૦૬-૦૭ની પંચાયતી રાજની સ્થિતિ' અનુસાર દેશમાં તમામ રાજ્યોમાં ગ્રામ સભા લાભાર્થીઓને પસંદ કરે અને ગ્રામ પંચાયતમાં સામાજિક-આર્થિક વિકાસની યોજનાઓને મંજૂરી મળે તે માટેની કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે.

ગ્રામ સભા ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, ઓરિસ્સા, રાજસ્થાન, સિક્કિમ, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળમાં વોર્ડ સભાની જોગવાઈ પણ કરવામાં આવી છે. ગોવામાં 'વોર્ડ વિકાસ સમિતિ'ની રચના કરવા માટે કાયદામાં સુધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી છે કે જે ગ્રામ પંચાયતમાં સામાજિક-આર્થિક વિકાસની યોજના બનાવે. વધુમાં, રાજસ્થાનમાં સામાજિક અન્વેષણ મંચ, પશ્ચિમ બંગાળમાં ગ્રામ ઉન્નયન સમિતિ અને લાભાર્થી સમિતિ, ત્રિપુરા, બિહાર, ગોવા, હિમાચલ પ્રદેશ અને મણિપુરમાં તકેદારી સમિતિ અને ગુજરાતમાં સામાજિક ન્યાય સમિતિઓ આયોજન અને દેખરેખમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહન આપવાનું કામ કરી રહી છે. આ સમિતિઓ ગ્રામ સભાના સભ્યો અને ગામ સ્તરના કાર્યકરોનો સમાવેશ કરે છે. દા.ત. ગુજરાતમાં સામાજિક ન્યાય સમિતિઓ સ્થાનિક સ્તરે સામાજિક અસમાનતાના પ્રશ્નનો સામનો કરવા માટે છે. તે આ કામ માટે સરકારના કાર્યક્રમોનો લાભ સામાજિક અને આર્થિક રીતે લાભવંચિત વર્ગોને મળે તે માટેનો માર્ગ સુલભ કરી આપે છે.

દેશમાં સામાજિક અન્વેષણ લોકપ્રિય બન્યું છે, અને તેનાં મૂળિયાં ઊંડાં ગયાં છે કારણ કે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી કાર્યક્રમમાં વેતનની ચુકવણી, કામનું આયોજન અને કામના સ્થળની સવલતો વગેરે નક્કી કરવાનું અને તેનો અમલ કરવાનું કામ સ્થાનિક સ્તરે

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં સામાજિક અન્વેષણ

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના (એનઆરઈજીએસ)માં સામાજિક અન્વેષણ માટે જોગવાઈ કરવામાં આવી છે. કાયદા હેઠળ જે માર્ગરેખાઓ બહાર પાડવામાં આવી છે તેમાં ફરજિયાત સામાજિક અન્વેષણની જોગવાઈ કરાઈ છે. તેમાં તે માટે સ્થાનિક સ્તરે તકેદારી અને દેખરેખ સમિતિ છે. તેમાં જે ગામ કે વિસ્તારમાં કામ હાથ ધરાય છે ત્યાંના જ લોકો હોય છે. ગ્રામ પંચાયતોએ સામાજિક અન્વેષણ યોજવાનું છે એટલું જ નહિ, પણ સામાજિક અન્વેષણ વિશે તેણે ગ્રામ સભાને જાગૃત કરવાની છે અને તેની ક્ષમતા વધારવાની છે.

પંચાયતી રાજ અંગેના કાયદાઓમાં તમામ રાજ્યોમાં ગ્રામ સભા, વોર્ડ સભા કે ફળિયા સભાની જોગવાઈ કરાઈ છે. તેઓ વિકાસલક્ષી કાર્યક્રમો ઉપર દેખરેખ રાખે અને તેમનું આયોજન કરે એ અપેક્ષિત છે.

સામાજિક અન્વેષણ ઉપર શક્તિશાળી લોકો અને નિયંત્રણના રાજકારણની અસર થાય છે. સામુદાયિક ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાગત તંત્ર વિકસાવવું જરૂરી છે, કે જેમાં લોકો નિર્ભયતાપૂર્વક ભાગ લે, દસ્તાવેજો તપાસે અને પ્રશ્નો પૂછે. સામાજિક અન્વેષણ મૂળભૂત રીતે જ વધુ સમાવેશી છે, અનેક સંસ્થાઓને તે સામેલ કરે છે અને તમામ વર્ગોના લોકોનો તે સમાવેશ કરે છે.

દા.ત. રાજસ્થાનમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના માટે માર્ગરેખાઓમાં સામાજિક ઓડિટ ફોરમની રચનાની જોગવાઈ કરવામાં આવી છે. આ ફોરમ સામાજિક અન્વેષણ હાથ ધરે. તેમાં ગ્રામ સભા એક અધ્યક્ષની નિમણૂક કરે, સરપંચ કે અન્ય કોઈ અધિકારી સામાજિક ઓડિટની બેઠકનું અધ્યક્ષપદ ન શોભાવી શકે. આને લીધે ગ્રામ સભાના સભ્યો સામાજિક અન્વેષણની સમગ્ર પ્રક્રિયા ઉપર અંકુશ ધરાવે છે.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં તેના કામદારોનું મંડળ સામાજિક અન્વેષણ કરે તે જરૂરી છે એમ ઘણા માને છે. તમામ સ્તરે આથી સક્ષમતા ઊભી કરવાની જરૂર છે એમ જણાય છે.

સામાજિક અન્વેષણમાં ધરાતલ પર ઘણી બધી બાબતોનો સમાવેશ થાય છે. તે કામનું ઔચિત્ય તપાસી શકે છે, પર્યાવરણ ઉપરની વિપરીત અસરોને તપાસી શકે છે, નવા સાધનોનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તે તપાસી શકે છે. અસ્કામતમાંથી આવક સર્જન કેવી રીતે થઈ શકે તે પણ તપાસી શકે છે. બેંક અને ટપાલ કચેરી મારફતે ચુકવણીઓ થાય તે માટે તે પ્રેરણા આપી શકે છે અને એ રીતે ભ્રષ્ટાચારને ખાળી શકે છે.

સામાજિક અન્વેષણ દરમ્યાન જે બાબતો તપાસી શકાય તે નીચે મુજબ છેઃ

૧. નોંધણી.
૨. જોબ કાર્ડ.
૩. જોબ કાર્ડ આપવામાં વિલંબ.
૪. કાયદાની વિવિધ જોગવાઈ અંગેની સમજ.
૫. કામ માટે અરજી કરવાની જરૂરિયાત અંગેની જાગૃતિ.
૬. કામ મંજૂર કરવાની ગ્રામ સભાની સત્તા અને કાર્યવાહી.
૭. કામના સ્થળે પ્રાપ્ય સવલતો.
૮. યોગ્ય વેતનની સમયસર ચુકવણી.
૯. કામની પસંદગીમાં સુધારો.
૧૦. સાધનો અને સમગ્રીમાં સુધારણા.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાને સફળ બનાવવા માટે સામાજિક અન્વેષણ વિશેનો ભય દૂર કરવો જરૂરી છે. તે હેતુ અને પ્રક્રિયાની પ્રસ્તુતતા તપાસવામાં મદદ કરે છે. તે લક્ષ્યાંક જૂથ માટે થતા ખર્ચના લાભ અને તેની ઉપયોગિતાને સુનિશ્ચિત કરે છે. સામાજિક અન્વેષણથી નીતિમાં અને માર્ગરેખાઓમાં સુધારા પણ થઈ શકે છે. સામાજિક અન્વેષણ આ રીતે ઓડિટના હેતુને ચરિતાર્થ કરે છે અને સાથે સાથે લોકો પ્રત્યેનું ઉત્તરદાયિત્વ ઊભું કરીને શાસનમાં સુધારા લાવે છે.

થાય તેવી જોગવાઈ સમગ્ર રાષ્ટ્ર સ્તરે કરવામાં આવી છે અને તેમાં ગ્રામ પંચાયત મુખ્ય સત્તામંડળ છે. ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલય અનુસાર સામાજિક અન્વેષણ અને માહિતી અધિકાર ધારો સ્થાનિક સ્તરે ગ્રામ સભા દ્વારા પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં કરે એ અપેક્ષિત છે. તે જાહેર તકેદારીનાં સાધનો તરીકે કમ કરે એ સ્વાભાવિક છે. આમ, સામાજિક અન્વેષણ જાહેર બાબતોમાં પારદર્શિતા, સહભાગિતા, પરામર્શ અને સંમતિ, ઉત્તરદાયિત્વ અને ફરિયાદોનું નિવારણ વગેરેને પ્રોત્સાહન આપવા માટે છે.

આ સંદર્ભમાં (૧) પ્રસિદ્ધિ અને તૈયારી, (૨) સંગઠનાત્મક અને

કાર્યવિધિગત પાસાં અને (૩) આદેશાત્મક કાર્યસૂચિ અંગે વિગતવાર માર્ગરેખાઓ જારી કરવામાં આવી છે.

## સામાજિક અન્વેષણના અભિગમો

સામાજિક અન્વેષણના વૈવિધ્યપૂર્ણ અનુભવોએ અસરકારક સામાજિક અન્વેષણ વિશે બહુવાદી સંવાદને જન્મ આપ્યો છે. એક એવો પ્રશ્ન પણ ઊભો થાય છે કે ઓડિટનો અર્થ સહુલિયત પેદા કરવા માટે છે કે પછી તે અનિવાર્યતયા વિપરીત બાબત છે. અનેક સંસ્થાઓની હાજરી હોય છે તેથી સામાજિક અન્વેષણનાં વિવિધ સ્વરૂપો સર્જાય છે. કેટલાંક સહુલિયત ઊભી કરે છે તો કેટલાંક મુસીબતો ઊભી કરે છે. જો કે, સામાજિક અન્વેષણના વ્યવહારોનું વિશ્લેષણ ત્રણ જુદા જુદા અનુભવો પૂરા પાડે છે. જો કે, દરેક અભિગમ બીજા કરતાં તદ્દન જુદો જ પડે છે કે પછી તે બધા પારસ્પરિક રીતે વિરોધી છે એવું નથી.

## આપમેળે જાહેરાત

પ્રથમ અભિગમ છે તે આપમેળે સામે ચાલીને જાહેરાત કરીને સ્વનિયમન માટેની જરૂરિયાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. એ માટે સરકાર જુદા જુદા સ્તરે કામ કરે છે. તે નીતિવિષયક નિવેદનોમાં તેનો સમાવેશ કરે છે તો બીજી તરફ ગામ સ્તરના અધિકારીઓને ડેપ્યુટ કરે છે. ગ્રામ પંચાયત આપમેળે જાહેરાત માટે જે વિવિધ રસ્તા અપનાવી શકે તે નીચે મુજબ છેઃ જરૂરી માહિતી પૂરી પાડવા માટે કામના સ્થળે સમયાંતરે બુલેટિન જારી કરવું, ખર્ચની વિગતો વાંચવી, ગ્રામ સભામાં લાભાર્થીઓની યાદી વાંચવી, ગ્રામ પંચાયતની કચેરીએ માહિતી પ્રદર્શિત કરવી. બુલેટિન, બોર્ડ, છાપેલી નોંધો, ચોપાનિયાં અને અખબારોમાં કાગળો મૂકાવીને ગ્રામ પંચાયતની કામગીરીની વિગતો જાહેર કરવામાં કેરળમાં ખાસ્સી પ્રગતિ સધાઈ છે. પસંદગી પામેલા લાભાર્થીઓની યાદી, આવક અને ખર્ચનું નિવેદન અને દરખાસ્તોની વિગતો લોકો વચ્ચે જાહેર થવી જોઈએ. એમાં સ્થાનિક સ્તરે ગ્રામ પંચાયતો આપમેળે જાહેરાત કરે તેમાં નાગરિક સમાજનાં સંગઠનોની ભૂમિકા નોંધવી અનિવાર્ય છે.

હાલ, લગભગ તમામ રાજ્યોમાં આમ કરવામાં આવી રહ્યું છે. જે માહિતી પ્રાપ્ય છે તેમાંથી નાગરિકોને ગ્રામ પંચાયતની કામગીરીમાં રસ ઊભો થાય છે. દા.ત. લાભાર્થીઓની ઓળખ માટે ગ્રામ સભામાં નાગરિકોની હાજરી તુલનાત્મક રીતે વધારે હોય છે. તેથી લાભાર્થીઓની ઓળખમાં પારદર્શિતા એ સ્થાનિક સ્તરે ભ્રષ્ટાચારને ખાળવાનું, ગરીબી-વિરોધી અને વિકાસલક્ષી કાર્યક્રમોને અસરકારક બનાવવાનું અને સામાજિક અસમાનતા દૂર કરવાનું એક મહત્ત્વનું પગલું છે. જો કે, કોઈ વાંધો ઉઠાવવામાં આવે અથવા કોઈ સ્પષ્ટતા માંગવામાં આવે તો, તે જો ધ્યાનમાં ન લેવામાં આવે તો પછી નાગરિકોની સામેલગીરી ઓછી થઈ જાય છે

## સહયોગાત્મક કાર્ય

બીજો એક અભિગમ સહયોગની પદ્ધતિ ઉપર આધારિત છે. તેમાં ચર્ચા, સર્વસંમતિનું નિર્માણ અને ઉત્તરદાયિત્વને નાગરિક કાર્ય દ્વારા પ્રોત્સાહન આપવાનાં મૂલ્યો સમાયેલાં છે. સ્થાનિક સ્તરે નાગરિક સંસ્થાઓ મોટે ભાગે સ્થાનિક નેતાઓ સાથે વિચાર-વિમર્શ કરીને કામ કરે છે, તેની સાથે સાથે સમુદાયને જોડવાનું અને તપાસ કરવાનું કામ પણ ચાલે છે, અને છેવટે સામાજિક અન્વેષણનો માર્ગ પ્રશસ્ત થાય છે. આ અભિગમ ક્ષમતા નિર્માણ દ્વારા સંવાદ માટેનો અવકાશ ઊભો કરવા પર અને તત્કાલીન નીતિઓ અને સ્થાનિક પર્યાવરણને તે માટે સક્ષમ બનાવવાની જોગવાઈઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ મોડેલ માહિતીની પહોંચ અને સામૂહિક આકલન માટેનો માર્ગ મોકળો કરવા ઉપર ધ્યાન આપે છે. જો કે, આ અભિગમ હાલ તો આરંભિક તબક્કામાં છે. તેનું કારણ એ છે કે સરકારની વિવિધ સંસ્થાઓ વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ પ્રવર્તે છે. તેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નાગરિક સમાજની સંસ્થાઓ વચ્ચેના અવિશ્વાસનો પણ સમાવેશ થઈ જાય છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધારી યોજનાનો અમલ જ્યાં થઈ રહ્યો છે તે રાજ્યોમાં આ અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. ઘણાં રાજ્યોમાં નાગરિક સમાજનાં સંગઠનો ઓછા કે મર્યાદિત પ્રમાણમાં પણ રિપોર્ટ કાર્ડની પદ્ધતિનો ઉપયોગ સેવાઓ અંગે વપરાશકારોને કેટલો સંતોષ છે તે માપવા માટે કરી રહ્યાં છે. તેમાં જાહેર વિતરણ વ્યવસ્થા, મધ્યાહ્ન ભોજન યોજના, આંગણવાડી વગેરે હેઠળની સેવાઓનો સમાવેશ થાય છે અને એ કામ ગ્રામ પંચાયતોના સહયોગથી કરવામાં આવી રહ્યાં છે. આ પ્રક્રિયાને સુલભ કરી આપનારાં બિન-સરકારી સંગઠનો એમ માને છે કે એક વાર પાયાની સેવાઓ ઉપર દેખરેખનું કામ થઈ જાય તો પછી ધીમે ધીમે સમુદાયના સભ્યોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને ઉત્તરદાયી બનાવવાનો આત્મવિશ્વાસ જાગે છે.

એમાં એમ જોવાયું છે કે સ્થાનિક સ્તરે સાતત્યપૂર્વક નાગરિક કાર્ય થાય તો ગ્રામ પંચાયતને પારદર્શી અને ઉત્તરદાયી બનવાની ફરજ પડે છે. જો કે, દેશભરમાં અનુભવ જુદા જુદા પ્રકારનો રહ્યો છે. કેરળમાં જાહેરમાં માહિતીની રજૂઆત અંગે ખાસ્સી પ્રગતિ સધાઈ છે. શાસનના ઉત્તરદાયિત્વના સાધન અને નાગરિક સમાજનાં સંગઠનો દ્વારા સેવાઓ પૂરી પાડવાના સંદર્ભમાં એનો સારો એવો ઉપયોગ થયો છે. ગોવામાં નાગરિક સમાજનાં સંગઠનો અને સ્થાનિક સ્તરની સમુદાય-આધારિત સંસ્થાઓને વિવિધ પ્રકારની માહિતી મેળવવા માટે માહિતી અધિકાર ધારાનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. પાયાની સેવાઓ ઉપર દેખરેખ રાખવાના સાધન તરીકે રિપોર્ટ કાર્ડ જાહેર ઉત્તરદાયિત્વ ઊભું

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં સામાજિક અન્વેષણનાં પગલાં

૧. જિલ્લા વહીવટી તંત્ર, પંચાયતો અને સ્થાનિક બિન-સરકારી સંગઠનો સાથે પરામર્શ કરીને સામાજિક અન્વેષણ કરવા માટે સર્વસંમતિ ઊભી કરવી.

૨. સામાજિક અન્વેષણ ફોરમ, ગ્રામ તકેદારી અને દેખરેખ સમિતિ, પંચાયતોના કર્મચારીઓ, સરકારી અધિકારીઓ અને બિન-સરકારી સંગઠનો વગેરેને સામાજિક અન્વેષણની પ્રક્રિયા વિશે અભિમુખતા તાલીમ આપવી.

૩. સામાજિક અન્વેષણ માટે સમયપત્રક નક્કી કરવું. સામાન્ય રીતે એને માટે છ માસનો સમયગાળો યોગ્ય થઈ પડે. જો તેથી મોટો સમયગાળો રખાય તો કદાચ લોકો માહિતી અને અનુભવો ભૂલી જાય એમ બને.

૪. ગ્રામ તકેદારી અને દેખરેખ સમિતિ તથા પંચાયતી રાજ સંસ્તાઓ, જંગલ ખાતું વગેરે જેવી અમલકર્તા સંસ્થાઓ સાથે રહીને સામાજિક અન્વેષણની પ્રક્રિયાનો આરંભ કરવો અને તેમની સહભાગિતા સુનિશ્ચિત કરવીઃ

૪.૧ હાજરીપત્રકો અને અન્ય પત્રકો એકત્ર કરવાં.

૪.૨ હાજરીપત્રકનો કોઈક નમૂનો (કહો કે ૧૦ ટકા) પસંદ કરવો.

૪.૩ પૂર્વનિર્ધારિત માળખામાં માહિતીનું વિશ્લેષણ કરવું.

૪.૪ ઘરોની અને સ્થળોની મુલાકાત લઈને માહિતીની ચકાસણી કરવી.

૪.૫ અહેવાલનો મુસદ્દો તૈયાર કરવો અને ફળિયા બેઠક કે વોર્ડ બેઠકમાં તેની ચર્ચા કરવી.

૪.૬ ગ્રામ સભા બોલાવવા માટે નિયમ મુજબ નોટિસ આપવી.

૪.૭ ગ્રામ સભામાં તમામ અમલકર્તા સંસ્થાઓ હાજર રહે.

૪.૮ ગ્રામ સભાની કાર્યવાહીની નોંધ લખાય.

૪.૯ શક્ય તેટલી સમસ્યાઓનો ઉકેલ ગ્રામ સભામાં જ આવે.

૪.૧૦ યોગ્ય સત્તાવાળાને ગ્રામ સભાની નોંધ મોકલવી કે જેથી આગળ કાર્યવાહી થઈ શકે.

કરવામાં ખૂબ જ ઊંચી સંભાવના ધરાવે છે.

### ભ્રષ્ટાચારને પડકાર

ત્રીજો અભિગમ સંઘર્ષનો અભિગમ છે. તેમાં સામાજિક અન્વેષણ દ્વારા રાજ્યની સંસ્થાની અંદરની સત્તાને પડકાર ફેંકવામાં આવે છે. આ અભિગમનું એક નોંધપાત્ર તત્ત્વ એ છે કે રાજ્યની સંસ્થાઓનો અભાવ હોય છે, તેમની ગેરહાજરી પ્રવર્તે છે. સ્થાનિક સ્તરે પંચાયતોને ઉત્તરદાયી બનાવવા માટે જે કેફિયતો, દસ્તાવેજો, નોંધો અને તપાસના અનુભવો છે તેમનો ઉપયોગ કરવામાં આવે છે. આ અભિગમમાં જાહેર દસ્તાવેજો મેળવવા માટે માહિતીના અધિકારનો ઉપયોગ કરવા ઉપર આધાર રાખવામાં આવે છે. આ કિસ્સામાં પ્રાથમિક તંત્ર જનસુનાવણીનું છે. નાગરિક કાર્ય માટે સમુદાયને પ્રોત્સાહિત કરવા માટેના સાધન તરીકે તેનો ઉપયોગ થાય છે. એમ માનવામાં આવે છે કે સામાજિક અન્વેષણોથી લોકોને સત્તા પુનઃ પ્રાપ્ત થાય છે કારણ કે લોકો માહિતીથી સજ્જ બને છે. વિદ્વાનો એમ જણાવે છે કે સામાજિક અન્વેષણને પરિણામે એક પ્રકારની અસ્થિરતા જન્મે છે અને રાજ્યના નિયમનકારી વ્યૂહાત્મક અંકુશ માટે વિપરીત રાજકીય પરિણામો જન્મે છે. સ્પષ્ટ છે કે આ અભિગમને પરિણામે સ્થાનિક સ્તરના અને રાજ્ય સ્તરના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને વહીવટી તંત્ર બંને તરફથી જોરદાર પ્રતિકાર થાય છે.

### સામાજિક અન્વેષણમાં અનેક અવાજો

સાત રાજ્યોના આઠ તાલુકાની ૪૧ ગ્રામ પંચાયતોમાં થયેલાં સામાજિક અન્વેષણોના અનુભવોનો સર્વે અને દેશભરમાં નાગરિક સમાજનાં સંગઠનો સાથે થયેલો વિચાર-વિમર્શ એમ દર્શાવે છે કે તેમાં જુદી જુદી બાબતો પર ધ્યાન અપાય છે, તેમાં કાર્યસૂચિમાં ભિન્નતા નજરે પડે છે, કાર્યવાહીઓ જુદી જુદી હોય છે, જુદી જુદી સંસ્થાઓની સામેલગીરી હોય છે અને તેનો માર્ગ સુલભ કરી આપવાની ક્ષમતા જુદી જુદી હોય છે.

#### રાજ્યોના પ્રતિભાવો

જિલ્લા અને તાલુકા સ્તરેથી જે મોટા ભાગના પ્રતિભાવો પ્રાપ્ત થયા છે તે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના સંદર્ભમાં જ પ્રાપ્ત થયા છે, સિવાય કે રાજસ્થાન અને મધ્ય પ્રદેશ કે જેમણે વત્તાઓછા પ્રમાણમાં સામાજિક અન્વેષણ માટે કાનૂની જોગવાઈઓ કરી છે અને ધરાતલીય નાગરિક કાર્ય તેમાં મહત્ત્વનું રહ્યું છે. રાજસ્થાનમાં સામાજિક અન્વેષણ માટે સ્પષ્ટ કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે જ્યારે અન્ય રાજ્યોમાં સામાજિક અન્વેષણ માટે સરકારી હુકમો જારી કરવામાં આવ્યા છે અને તે માટે તે એક મહત્ત્વનું સાધન છે.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી યોજના માટે માર્ગરેખાઓ જારી કરવામાં આવી છે, પણ માત્ર રાજસ્થાનમાં જ મેન્યુઅલમાં ગ્રામ પંચાયતનાં બાંધકામનાં કામો, સામાજિક સલામતીના કાર્યક્રમો, આરોગ્ય સંભાળ, પ્રાથમિક શિક્ષણ, કૃષિ વિસ્તરણ કાર્યક્રમો, જાહેર વિતરણ વ્યવસ્થા અને પીવાના પાણીની સેવાઓના સામાજિક અન્વેષણનો સમાવેશ કરાયો છે. ઉપરોક્ત કામોના ઓડિટિંગ માટે રાજસ્થાનમાં સોશ્યલ ઓડિટ ફોરમની રચનાની જોગવાઈ કરવામાં આવી છે. કેરળમાં પલક્કડ અને વેયાનાડ જિલ્લાઓમાં સામાજિક અન્વેષણની

માર્ગરેખાઓનો પ્રયોગ થયો છે અને ક્ષેત્રીય પરીક્ષણ થયું છે. ઈડુકી અને કોઝિકોડમાં ટૂંક સમયમાં જ આ પ્રયોગ વિસ્તારવાનો છે. રાજસ્થાન, ગુજરાત, કેરળ અને મધ્ય પ્રદેશમાં વ્યાપકપણે તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. તેમાં પણ નાગરિક સંસ્થાઓની સામેલગીરીનો નિર્દેશ છે. કર્ણાટક સરકાર પણ સામાજિક અન્વેષણને ફરજિયાત બનાવવા માટે કામ કરી રહી છે. તેણે સરકારી અધિકારીઓની નિયુક્તિની પ્રક્રિયા પણ શરૂ કરી છે, ગ્રામ પંચાયત સ્તરે સ્થાનિક ઓડિટ બહારથી કરાવવાનું અને હિસાબી ક્ષેત્રે સુધારા કરવાનું શરૂ કર્યું છે. ગ્રામ પંચાયતને માટે વધુ નાણાકીય જોગવાઈ કરવામાં આવે અને તેની રાજકીય સ્વાયત્તતા ઊભી થાય તો આ વ્યવસ્થા જરૂરી દેખરેખ તંત્ર તરીકે કામ કરે એવું અપેક્ષિત છે. વહીવટી તંત્રના સંદર્ભમાં સમાંતર ઉત્તરદાયિત્વને મજબૂત કરવા માટેનું આ એક સારું સુધારાત્મક પગલું છે ખરું, પણ તેથી નાગરિકોના અવાજની રજૂઆત માટે તેમાં કશી જોગવાઈ ભાગ્યે જ છે.

## ચૂંટાયેલા પ્રતિનિધિઓઃ ચાવીરૂપ સુલભકર્તાઓ

સર્વેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ગ્રામ પંચાયતોની કામગીરી ઉપર પ્રકાશ ફેંક્યો હતો. કાર્યસૂચિમાં તે એક મહત્ત્વની બાબત હતી. તેમણે એ બાબત ઉપર પણ ભાર મૂક્યો કે સામાજિક અન્વેષણ માટેની કાર્યસૂચિ ગ્રામ સભામાં વંચાઈ હતી. સાત રાજ્યોમાં જે ૪૧ સરપંચોની મુલાકાત લેવાઈ હતી તેમાંથી માત્ર ૩ સરપંચોએ એમ કહ્યું હતું કે સામાજિક અન્વેષણ સામે વાંધા ઉઠાવવામાં આવ્યા હતા. તે સ્પષ્ટપણે એમ દર્શાવે છે કે સમુદાયનું સશક્તિકરણ થયું નથી. સામાજિક અન્વેષણોના મોટા ભાગના કિસ્સામાં જે તે વિભાગના સરકારી અધિકારીઓની મોટા પાયે હાજરી જોવા મળે છે. તમામ કિસ્સાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભૂમિકા લોકોને એકત્ર કરવા પૂરતી મર્યાદિત હોય એમ તેઓ પોતે જ માને છે. તેઓ સામાજિક અન્વેષણના પ્રસંગની જાહેરાત કરે છે અને લોકોને એકત્ર કરે છે તથા તપાસ માટે જાહેર દસ્તાવેજો પ્રાપ્ય બનાવે છે. એ નોંધવું રસપ્રદ છે કે સામાજિક અન્વેષણથી અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને લઘુમતી સમુદાયોના સરપંચો ગ્રામ સભામાં ભવિષ્યના કાર્યક્રમ વિશે વિગતે વાતચીત કરી શકે છે અને સમુદાયની સાથે રહીને સર્વસંમતિથી આયોજન કરી શકે છે. સામાજિક અન્વેષણ સામે વ્યાપક વિરોધ હોવાનું પણ જાણાય છે. જરૂરી જાહેર માહિતીની જાહેરાત ન કરવામાં આવતી હોય તો સમુદાયોને અને તેમના વતી કામ કરતી સંસ્થાઓને માહિતીના અધિકારનો ઉપયોગ કરીને માહિતી મેળવવાની ફરજ પડે છે. જો કે, તેને લીધે લોકોમાં અવિશ્વાસ જન્મે છે.

તેનાથી વિરુદ્ધ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ્યારે સામાજિક અન્વેષણ સરકાર દ્વારા કરાવાય ત્યારે ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આક્ષેપોનો પ્રતિકાર કરવા માટે તેનો ઉપયોગ કરે એમ પણ જણાયું છે. આમ, સામાજિક અન્વેષણ માત્ર સમુદાય માટે જ અવાજ ઊભો કરે છે એવું નથી પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે પણ અવાજ ઊભો કરે છે. ખાસ કરીને, જ્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે રાજકીય અવકાશની સ્પર્ધા હોય અથવા સ્થાનિક સ્તરે સરકાર કે તેની સંસ્થાઓ અને રાજકીય પક્ષો વચ્ચે તે માટે સ્પર્ધા હોય ત્યારે આવું બને છે.

## નાગરિક સંસ્થાઓઃ માહિતી અને સમુદાય વચ્ચેની કડી

માહિતીની પ્રાપ્તિ સુલભ બને, નાગરિકો સામાજિક અન્વેષણના પ્રસંગે એકત્ર થાય અને દસ્તાવેજોની જાહેર તપાસ થાય તે માટે નાગરિક સંસ્થાઓ કામ કરતી રહી છે. જો કે, જાહેર દસ્તાવેજો પ્રાપ્ત કરવામાં તેમને મુસીબતો નડે છે. સામાજિક અન્વેષણનાં તારણોને આધારે તત્કાળ પગલાં લેવાયાં હોય એવાં ઉદાહરણો ખૂબ જ મર્યાદિત છે. વિવિધ નાગરિક સંસ્થાઓના છ જણાએ એમ જણાવ્યું હતું કે તેમની દરમ્યાનગીરીથી દલિત સમુદાયને માહિતી મળી હતી અને તેઓ તેની ચકાસણી કરી શક્યા હતા. જે પ્રતિભાવો મળ્યા છે તેના પરથી એમ જોવા મળે છે કે સ્થાનિક સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નાગરિક સંસ્થા બંને વચ્ચે સામાજિક અન્વેષણ માટે મજબૂત સહકાર ઊભો થાય છે પણ ઘણી વાર સરકારી અધિકારીઓ આ પ્રક્રિયાનો જોરદાર પ્રતિકાર કરતા હોય છે. સ્થાનિક સ્તરે નાગરિક સમાજના સંગઠનની હાજરીથી જે મહત્ત્વની વાત બને છે તે એ છે કે સ્થાનિક સ્તરે બધું વલોવાય છે. અછડતી રીતે એમ કહી શકાય કે જે કંઈ વણદેખ્યું રહ્યું છે તે દેખાય છે. જો કે, નાગરિક સમાજનાં સંગઠનો, કે જે સંઘર્ષનો અભિગમ અપનાવીને કામ કરતાં હોય છે, તેમનાં સામાજિક અન્વેષણો સ્વીકૃતિ પામતાં હોતાં નથી. તેમને ઘણી વાર ઉત્તરદાયિત્વ અને ન્યાયતંત્રની સમાંતર સંસ્થાઓ તરીકે કામ કરવાની ફરજ પડે છે. જાહેર અદાલતો અને જાહેર સુનાવણીઓ એ આ પ્રકારની વ્યવસ્થાઓ બને છે. સમુદાયને એકત્ર કરવા માટે અને યોગ્ય માગણીઓ રજૂ કરવા માટે તેઓ કામ કરે છે, અને માગણીઓ માટે સામાજિક અન્વેષણોનાં તારણોનો ઉપયોગ કરે છે. પરંતુ સ્થાનિક સ્તરે સરકારી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ આવા નાગરિક કાર્યની કાયદેસરતા સામે જ વાંધો ઉઠાવે છે.

## સમુદાયના અવાજોઃ લોકશાહીનો લિટમસ ટેસ્ટ

નાગરિકો અને સામુદાયિક નેતાઓમાં સામાજિક અન્વેષણ લોકપ્રિય નથી કારણ કે તેઓ તેમાં ભાગીદાર થયા હોતા નથી. નાગરિક નેતાઓની ભાગીદારી સ્થાનિક સ્તરનાં નાગરિક સમાજનાં સંગઠનો દ્વારા શક્ય બનાવવામાં આવે છે. વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હોય અને એ નોંધાયા હોય એવું તો બહુ જ ઓછું બને છે. સમુદાયના નેતાઓની દરમ્યાનગીરી બહુ મર્યાદિત હોય છે પરંતુ ભવિષ્યમાં

સામાજિક અન્વેષણની પ્રક્રિયા મજબૂત બને અને સુધરે તે માટે પંચાયતો તેનાથી પ્રતિભાવ આપે છે. પંચાયતની કામગીરીમાં તત્કાળ સુધારો થયો હોય એવું એક પણ ઉદાહરણ કોઈ સામુદાયિક નેતાએ આપ્યું નથી. જો સામાજિક અન્વેષણ પછી કશાં પગલાં ન લેવાય તો સમુદાય તેમાંથી રસ ગુમાવે છે.

જે છૂટાછવાયા કિસ્સાઓમાં જાહેરમાં વાંધાઓ ઉઠાવવામાં આવ્યા ત્યાં પણ લોકો બાંધછોડરૂપ સમાધાન કરી લેતા નજરે પડે છે. તેને પરિણામે સમુદાયમાં અસંતોષ વધે છે.

હાલ ગ્રામ સભામાં નાગરિકોની હાજરી અત્યંત પાંખી હોય છે. કોરમની જોગવાઈ હોવા છતાં પણ તેનું પાલન કરવામાં આવતું નથી એમ દેશભરમાં જોવા મળે છે. એકમાત્ર અપવાદ પશ્ચિમ બંગાળ છે કે જ્યાં ગ્રામ સભામાં લોકો સક્રિય બને છે. રાજકીય પક્ષો અને તેમના કાર્યકરો પણ તેમાં કામ કરતા હોય એવાં અનેક ઉદાહરણો જોવા મળ્યાં છે. દા.ત. આસામ, સિક્કિમ, પશ્ચિમ બંગાળ અને મણિપુરમાં સામાજિક અન્વેષણના પ્રસંગે બહારના લોકોની હાજરી ખૂબ મોટા પ્રમાણમાં હોય છે અને સ્થાનિક સ્તરે વિવાદને ઉકેલવામાં તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વાસ્તવમાં, કોરમ એ લોકશાહીનો લિટમસ ટેસ્ટ છે. લોકો ભેગા થાય અને રસ લેતા થાય તે માટે તત્કાળ પ્રયાસો થવા જોઈએ. જો એમ થશે તો જ પ્રત્યક્ષ લોકશાહી ઊભી થશે.

જો કે, નાગરિકો દ્વારા થતા ઓડિટમાં ખૂબ મોટી સંભાવનાઓ પડેલી છે અને એમાંની કેટલીક સિદ્ધ થઈ છે. દા.ત. ભ્રષ્ટાચાર બહાર પાડવામાં અને સાંઠગાંઠો ખુલ્લી કરવામાં તે ખૂબ જ સારી રીતે કામ આપે છે. ઘણી વાર આવી સાંઠગાંઠો અને ગઠબંધનોમાં સ્થાનિક ભદ્ર વર્ગ અને વહીવટી તંત્ર, અમલદારો અને સ્થાનિક સ્તરના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો સમાવેશ થતો હોય છે. જો આવા સત્તાનાં માળખાંને ખુલ્લાં પાડવામાં આવે તો ઘણી વાર ખાસ કરીને સામાજિક અને આર્થિક રીતે લાભવંચિત વર્ગો જેવા સમુદાયો માટે જોખમ ઊભું થઈ જાય છે. જ્યારે ગરીબો રાજ્યની દેણગી ઉપર આધારિત હોય ત્યારે આવું વિશેષ બને છે. તેથી જરૂરી સંસ્થાકીય ટેકો વિકસાવવાની તાતી જરૂર છે કે જેથી આવી પ્રતિક્રિયાનો સામનો થઈ શકે. હાલ આવો કોઈ ટેકો પૂરો પાડવામાં આવતો હોય એવાં ઉદાહરણો દેખાતાં નથી, ખાસ કરીને છેવાડાના લોકો માટે તો નહિ જ.

જે પ્રતિભાવો પ્રાપ્ત થયા છે તેના પરથી એમ જણાય છે કે જુદાં જુદાં જૂથોનો અનુભવ જુદો જુદો રહ્યો છે. દા.ત. કેરળમાં નાગરિક સંસ્થાએ સામાજિક અન્વેષણો કર્યાં, પરંતુ સરકારી વિભાગો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ કે જે તે વિસ્તારના નાગરિક નેતાઓએ તેમની નોંધ લીધી નથી. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં સામાજિક અન્વેષણ કરવાનું ફરજિયાત છે ત્યારે માહિતીના અધિકારની ઉપયોગિતા ત્યાં મર્યાદિત બની જતી નથી. જો કે, નાગરિક નેતાઓએ જે પ્રતિભાવ આપ્યો છે તેમાં સ્થાનિક સ્તરના રાજકારણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, કાનૂની જોગવાઈઓની અસરકારકતા ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે, સરકારી હુકમો અને ક્ષમતા નિર્માણની નિયમાવલીઓ ઉપર ધ્યાન ખેંચાયું છે અને નાગરિક સંસ્થાની સામેલગીરી ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

## ઉપસ્થિત થતા મુદ્દાઓ

### પદ્ધતિની અપર્યાપ્તતા

હાલ સામાજિક અન્વેષણો કામગીરીનું ઓડિટ, વપરાશકારના સંતોષ વિશેનું સર્વેક્ષણ અને સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનનાં સાધનો તરીકે કરવામાં આવે છે, અને તે જાહેર સેવાઓની કાર્યક્ષમતાના માપનના માળખામાં કરવામાં આવે છે. સમાંતર ઉત્તરદાયિત્વનાં સ્વરૂપોમાં અદાલતી કેસથી માંડીને લોકોની દેખરેખ અને 'ભસતા કૂતરા' સુધીનો સમાવેશ થાય છે. દેખરેખનાં કાર્યો સમુદાયને તેનો અવાજ વધારે સારી રીતે રજૂ કરવાની તક આપે છે. તેનાથી સમુદાય સેવાઓ કેટલા પ્રમાણમાં મળે છે, તેની ગુણવત્તા કેવી છે તથા સેવા પૂરી પાડનારી સંસ્થાની કામગીરી કેવી છે તેનું મૂલ્યાંકન કરી શકે છે, અને એ કામ રાજ્યની સત્તાને પડકાર ફેંક્યા વિના થાય છે. આનાં ઉદાહરણોમાં રિપોર્ટ કાર્ડ, વપરાશકારોના સંતોષ અંગેનું સર્વેક્ષણ અને સેવાનો પુરવઠો પૂરો પાડનારી સંસ્થાઓના કામગીરી ઓડિટનો સમાવેશ થાય છે. તેથી નાગરિકોની સંસ્થાઓ પોતે જ અડધી-પડધી ઓડિટર બને તેના કરતાં સીધી નાગરિક કાર્યને આગળ ધપાવે તે માટે તેમને મજબૂત કરવાનું મહત્ત્વનું છે. આ અંગે વધારે સ્પષ્ટતા ઊભી થાય તે પણ જરૂરી છે. સામાજિક અન્વેષણ અન્ય સ્વરૂપો કરતાં અલગ છે કારણ કે તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ

(૧) અનેક સંસ્થાઓની સામેલગીરીઃ સરકારી ખાતાં, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સમુદાય.
(૨) ભંડોળનો ઉપયોગ અને એકત્રીકરણ.
(૩) સામાજિક ન્યાય અને સમતાના સિદ્ધાંતોને આધારે સમુદાયના લાભના સંદર્ભમાં ભંડોળના ઉપયોગની પ્રસ્તુતતા કેવી છે તે બાબતની આવશ્યકતા.

પરિણામે, સામાજિક અન્વેષણ એ રિપોર્ટ કાર્ડ કે પ્રગતિની સમીક્ષા કરતાં અલગ છે. સામાજિક અન્વેષણ એ વધારે લાંબી, વધારે જટિલ અને સઘન પ્રક્રિયા છે કારણ કે તેમાં સમુદાયને તૈયાર કરવાની બાબતનો સમાવેશ થાય છે. સમુદાય લાભાર્થીઓની પસંદગી યોગ્ય

રીતે થઈ છે કે નહિ તે જુએ, કોને શા માટે બાકાત રાખવામાં આવ્યા તે જુએ છે, સમુદાયને કેટલો લાભ મળ્યો તે ચકાસે છે, તેમાં કોઈ ખામીઓ રહી ગઈ હોય તો તે ચકાસે છે, જે જાહેર બાબતો છે તેની માહિતી લોકોને સમજ પડે તેવા માળખામાં રજૂ થઈ છે કે નહિ તે જુએ છે, ગ્રામ સભા માટે સરળતા ઊભી કરે છે કે જેથી તે માહિતી ચકાસે, પ્રશ્નો પૂછે અને ખુલાસાઓ માગે.

કોઈક જાહેર કાર્યક્રમ કે સેવામાંની ખામીઓ શોધી કાઢવા માટે ઘણી વાર નાગરિક સમાજનાં સંગઠનો પરિવાર સ્તરે સંશોધન કરે છે અને તે જનસુનાવણીમાં રજૂ કરે છે. તે માટે જરૂરી નથી કે સરકારી દસ્તાવેજો ચકાસવામાં આવે. શાસનની સંસ્થાઓને ઉત્તરદાયી બનાવવા માટે સમુદાયનું તેનાથી મોટા પાયે સશક્તિકરણ થાય છે ખરું, પણ તેને સામાજિક અન્વેષણ ના કહી શકાય. આ સ્વરૂપો ખાસ નાગરિક સમાજ માટે છે, બીજે તેની નકલ મર્યાદિત માત્રામાં જ કરી શકાય એમ છે અને તેમાં તેને સરકાર તરફથી સ્વીકૃતિ મળતી નથી. સોશ્યલ ઓડિટ ફોરમ દ્વારા સમાજિક ઓડિટ કરવામાં આવે ત્યારે સરપંચ તેમાં અધ્યક્ષપદે હોય છે. તે વખતે તેમની તટસ્થતા સંબંધી પ્રશ્ન પણ ઊભો થાય છે કારણ કે સરપંચે કરેલાં કાર્યોની જ તેમાં તપાસ થાય છે. સોશ્યલ ઓડિટ ફોરમ મહિલાઓ અને છેવાડાના વર્ગોની સહભાગિતા વિશે સવાલો ઊભા કરે છે, અને તેના સમય વિશે પણ સવાલો ઉઠાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, અત્યારે સામાજિક અન્વેષણનાં જે સ્વરૂપો છે તેમાં તે પંચાયત દ્વારા થાય છે અથવા તો નાગરિક સમાજ દ્વારા થાય છે પણ તે સ્વતંત્ર અને સ્વાયત્ત નથી અને એ રીતે સામાજિક અન્વેષણ હાથ ધરાતું નથી.

જો કે, રાજ્યની સંસ્થાઓમાં સોશ્યલ ઓડિટ ફોરમ સૌથી વધુ લોકપ્રિય સંસ્થા બની રહી છે. ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના માટે જે માર્ગરેખાઓ જાહેર કરવામાં આવી છે તેમાં અસરકારક સોશ્યલ ઓડિટ ફોરમ માટે જોગવાઈ કરવામાં આવી છે. જો કે, સામાજિક અન્વેષણને વધુ પ્રસ્તુત કરવા માટે તેની તૈયારી, વધારે સમાવેશી કાર્યવાહીઓ અને લવાદી ઉપર ખૂબ જ ધ્યાન આપવાની જરૂર છે.

**સમાવેશી સહભાગિતા**

સામાજિક અન્વેષણનું સ્વરૂપ જ એવું છે કે તે સમાવેશી છે. તેમાં અનેક સંસ્થાઓ સામેલ થાય છે. તે બહુવાદી છે અને ઘણી વાર પરસ્પર વિરોધી હિતોવાળા પણ તેમાં એકત્ર થાય છે. એ જાણીને ઘણી વાર સુલભકર્તા સંસ્થા બીજી સંસ્થાઓ અને લોકોની ભાગીદારી ચકાસે છે, અને ઘણી વાર પરસ્પર વિરોધી હિતો ધરાવનારા વચ્ચે સર્વસંમતિ પેદા કરે છે.

આ પ્રકારની પરિસ્થિતિમાં સામાજિક અન્વેષણનો ખરો હેતુ માર્યો જાય છે. તેથી સામાજિક અન્વેષણ તેના ખરા સ્વરૂપમાં હાથ ધરવા માટે સમુદાયે તેને માટે માગણી કરવાની જરૂર છે. દા.ત. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં નાગરિક સમાજની કોઈ સંસ્થા કે પછી સોશ્યલ ઓડિટ ફોરમ સામાજિક અન્વેષણ કરે તેને બદલે જો કામદારો પોતે જ ભેગા થઈને કોઈ હિત કે જૂથ કે મંડળ રચે તો સમગ્ર પ્રક્રિયામાં વધુ સહભાગિતા અને જોમ આવે. રાજસ્થાનમાં ઝાલાવાડમાં સામાજિક અન્વેષણ હાથ ધરનારા કર્મશીલોને મારવામાં આવ્યા અને ગામની બહાર તગેડી મૂકવામાં આવ્યા. આ એ હકીકતનો પુરાવો છે કે વર્ચસ્વ ધરાવતાં જૂથો પ્રક્રિયાઓ, સેવાઓ અને સંસ્થાઓ ઉપર હજુ પણ નિયંત્રણ ધરાવે છે. આવા કિસ્સામાં પંચાયત દ્વારા સામાજિક અન્વેષણ થાય તો કોઈ દિવસ ખામીઓ બહાર આવે જ નહિ, ખાસ કરીને ગરીબો અને લાભવંચિત જૂથોને તેથી સોશ્યલ ઓડિટ ફોરમની નિયમાવલીઓ તૈયાર કરવામાં સમય વેડફવાને બદલે નાગરિકોને શિક્ષણ આપવા અને તેમને સંગઠિત કરવા માટે વધુ પ્રયાસો કરવામાં આવે એ જરૂરી છે. તેથી આ એક રાજકીય પ્રક્રિયા છે અને તેનું પરિણામ સત્તાની પુનર્વહેંચણીમાં આવી શકે છે.

બીજો એક મહત્ત્વનો મુદ્દો સામાજિક અન્વેષણ મંચ (સોશ્યલ ઓડિટ ફોરમ)ના અધ્યક્ષપણા અંગેનો છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાની માર્ગરેખાઓ અને રાજસ્થાન સરકારે જારી કરેલી માર્ગરેખાઓ એમ જણાવે છે કે સોશ્યલ ઓડિટ ફોરમનું અધ્યક્ષપદ એવી વ્યક્તિ પાસે હોવું જોઈએ કે જે વ્યક્તિ પંચાયત કે બીજી કોઈ અમલકર્તા સંસ્થાનો ભાગ ના હોય. અધ્યક્ષ સામાજિક અન્વેષણ માટેનો માર્ગ મોકળો કરે છે એટલું જ નહિ, પરંતુ યોગ્ય નિયંત્રણ અને દેખરેખ રાખે છે અને અસંમતિ, અસંતોષ અને પ્રતિકારને દબાવી દેવાનું કામ પણ કરે છે. તેથી જ્યારે ગ્રામ સભાને સામાજિક અન્વેષણ કરવાનું કહેવાયું હોય ત્યારે સરકારના કે તેના વિભાગોના અધિકારીઓ દ્વારા તેનું અધ્યક્ષપદ ના સંભાળાય પણ બીજાઓ દ્વારા તે સંભાળાય. આમ, કોઈ પણ સામાજિક અન્વેષણમાં હાજરી અને સહભાગિતાનો મુદ્દો કેન્દ્રમાં હોય છે. હમણાં રાજસ્થાનમાં બાંસવાડા જિલ્લામાં સરપંચોએ તેમની ગ્રામ પંચાયતોમાં સામાજિક અન્વેષણનો બહિષ્કાર કર્યો હતો એવા અખબારી અહેવાલો પ્રસિદ્ધ થયા હતા. બહારના લોકો આવીને ઝડપથી સામાજિક અન્વેષણ કરી જાય છે અને રાજ્યની રાજધાનીના સરકારી અધિકારીઓ તેમને ટેકો આપે છે એવો આક્ષેપ આ સરપંચોએ કર્યો હતો. સરપંચોએ વિરોધ કર્યો તેનું કારણ એ પણ હતું કે તેમને ડર હતો કે તેમનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડી જશે. અહીં એ નોંધવું રસપ્રદ છે કે સરપંચો વારંવાર સ્વીકારે છે કે ગ્રામ પંચાયતની કામગીરીમાં ભ્રષ્ટાચાર થાય છે. સરપંચોના મતે ગ્રામ પંચાયત તેના દ્વારા અમલમાં મૂકાતી પરિયોજનાઓમાં કોઈ વહીવટી ખર્ચ પ્રાપ્ત કરતી નથી.

ત્રીજો અને સૌથી મહત્ત્વનો મુદ્દો છે સમુદાયની હાજરી અને સહભાગિતાનો. આ માટેનો અવકાશ ઊભો કરવા માટે કાનૂની અને નીતિવિષયક પગલાં ભરવામાં આવ્યાં છે ખરાં, પરંતુ સમુદાયમાંના છેવાડાના લોકો અને લઘુમતી સમુદાયને તેમાં સમાન તક સરળતાથી મળતી નથી અને તે માટેની તેમની ક્ષમતા પણ ખૂબ જ નજીવી છે.

સોશ્યલ ઓડિટ ફોરમના કિસ્સામાં જોઈએ તો સમુદાય અને તેની અંદરના છેવાડાના અને લઘુમતી વર્ગોને આવા અન્વેષણનો લાભ મેળવવામાં ભારે મુસીબત પડે છે. સામાજિક વિઘટનને લીધે વંચિત જૂથો તેમની સામૂહિક તાકાત એકત્ર કરી શકતા નથી, તેઓ પ્રભાવક જૂથો પર અવલંબન ધરાવે છે અને તેને પરિણામે સમુદાયની અંદર એક પ્રકારે સંવાદી સામાજિક મૂડીનું સર્જન થતું નથી કે જેથી તેઓ સામાજિક અન્વેષણ દરમ્યાન સવાલો ઉઠાવી શકે. અંકુશના રાજકારણ અને સંસ્થાઓની સામેલગીરીથી સામાજિક અન્વેષણને લૂણો લાગે છે અને સમુદાયની અંદર ભવિષ્યમાં સંબંધો ઊભા કરવામાં આસરકારકતા ઘટે છે. એકંદર ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવા માટે તથા ભ્રષ્ટચાર રોકવા માટે સંસ્થાગત વ્યવસ્થાઓ ઊભી કરવી જરૂરી છે અને ચકાસણી અને સંતુલનનાં પગલાં લેવાં જરૂરી છે. આંધ્ર પ્રદેશ અને ગુજરાતમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં રોકડવિહીન વ્યવહાર કરવામાં આવે છે અને તેનાથી ભ્રષ્ટાચાર ઘટે છે.

## ઉપસંહાર

વિચારને વ્યવહારમાં મૂકવામાં મુસબીતો જણાય છે તેથી વિભાવના જ નકામી છે એમ કહી શકાય નહિ. સ્પષ્ટ છે કે સામાજિક અન્વેષણમાં સ્થાનિક સ્તરે સામાજિક માળખાંને મજબૂત કરવાની જોરદાર સંભાવનાઓ રહેલી છે. તે લોકો એક થાય તે માટેની તક ઊભી કરે છે, ચર્ચા-વિચારણા માટે અવકાશ ઊભો કરે છે અને સ્થાનિક સ્તરે લોકશાહીને મજબૂત કરે છે.

જો કે, સામાજિક અન્વેષણ બરાબર થાય તે માટે કામ કરવાની તાતી જરૂર છે. કાનૂની જોગવાઈઓ અને નીતિવિષયક માર્ગરેખાઓ પ્રતીકાત્મક પગલાં ન બનવાં જોઈએ પરંતુ તેમાં આગળ વધાવું જોઈએ. તમામ સ્તરે અને તમામ ક્ષેત્રોમાં સંબંધિત સંસ્થાઓની ક્ષમતાનું નિર્માણ કરવાની પણ ખૂબ જ જરૂર છે પરંતુ સાથે સાથે સામુદાયિક અવકાશ પણ મજબૂત કરવાની આવશ્યકતા છે. સમુદાયો સવાલો ઉઠાવે અને સ્પષ્ટતાઓ માગે એ પરિવર્તન છે. એ એક એવી નાગરિક પ્રક્રિયા છે કે જેનાથી નાગરિકો પોતાના જીવન ઉપર અંકુશ મેળવે છે, અને તેમને સેવાઓ પૂરી પાડનારાને તેઓ જવાબદાર ગણે છે. સામાજિક અન્વેષણ આ રીતે ગરીબોને અવાજ ઉઠાવવાની તક આપે છે. ઉત્તરદાયિત્વ માટે પદ્ધતિસર પ્રતિભાવ ઊભો કરવા માટે પ્રત્યક્ષ નાગરિક કાર્ય મજબૂત બને એ અગત્યનું છે. માહિતીના સ્વાતંત્ર્ય અંગેના દુનિયાભરના અનુભવો એમ દર્શાવે છે કે આગોતરા કાર્ય અને અનુવર્તી કાર્યમાં નાગરિક સંસ્થાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. આવાં નાગરિક જૂથો લોકોના એજન્ટ તરીકે કામ કરે છે. નાગરિકોનાં મંડળો, સ્વસહાય જૂથો, વપરાશકારોનાં સંચાલન જૂથો, દબાવ જૂથો અને લોબીંગ કરનારી સંસ્થાઓ પગલાં લે અને પ્રત્યક્ષ નાગરિક કાર્ય થાય તે માટે તેને છેક ઉપરથી નીચે સુધી પ્રોત્સાહન અપાય.

સામાજિક અન્વેષણ નીચેની ત્રણ બાબતોમાં ભરપૂર સંભાવનાઓ ધરાવે છેઃ

૧. ભ્રષ્ટાચાર સામે લડાઈ.
૨. સ્થાનિક ભદ્ર વર્ગ, અમલદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેની સાંઠગાંઠ જાહેર કરવી.
૩. સરકાર તરફથી મળતા લાભોમાં ગરીબો અને છેવાડાના વર્ગોનો સમાવેશ કરવો અને એ રીતે સત્તાની પુનર્વહેંચણી કરવી અને તેમનો 'અવાજ' ઊભો કરવો.

આ મુદ્દાઓ સામે પ્રતિકાર તો થાય છે જ. પણ એ પ્રતિકારનો પણ પ્રતિકાર કરવાની જરૂર છે. કાનૂની સુધારા તરીકે અને સરકારી હુકમો દ્વારા સામાજિક અન્વેષણ થાય એ તેની સ્વીકૃતિ ઊભી કરવા તરફનું પ્રથમ પગલું છે. સામાજિક અન્વેષણ મોટા પાયા પર બધે હાથ ધરાય તે જરૂરી છે. ખાસ કરીને તેમાં ગરીબોનો અવાજ ઊભો થાય તેવી તકો સર્જાવી જોઈએ. નાગરિક સમાજનાં સંગઠનોએ સ્થાનિક સ્તરે તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઈએ. વધુમાં, ગરીબોની સંસ્થાઓએ તેમનું કાર્યક્ષેત્ર વિસ્તારવું જોઈએ કે જેથી પ્રત્યક્ષ નાગરિક કાર્ય માટેનો માર્ગ મોકળો થાય. તેનાથી ગરીબોમાં સત્તાની પુનર્વહેંચણી થશે અને છેવાડાના વર્ગોને પણ સત્તા મળશે. રાજકીય કાર્ય માટે નાગરિક અવકાશ ઊભો કરીને આ કાર્ય કરી શકાય. વધુમાં, ગરીબોને તે માટે ટેકો પૂરો પાડવો જોઈએ. વ્યક્તિગત કાર્યોને સામૂહિક બનાવીને આંશિકપણે આવું ટેકારૂપ તંત્ર ઊભું કરી શકાય.

સામાજિક અન્વેષણનો ખ્યાલ ગ્રામ પંચાયતથી ઉપરનાં સ્તરોએ પણ યોગ્ય સુધારા સાથે લાગુ પાડી શકાય કે કેમ તે પણ વિચારવાની જરૂર છે. તાલુકા અને જિલ્લા સ્તરે સરકારની વિકાસલક્ષી સંસ્થાઓ યોજનાઓ અને પરિયોજનાઓના અમલમાં મહત્ત્વની ભૂમિકા ભજવે અને તેમાં નાગરિકોના અનુભવોને સ્થાન આપે એ આવશ્યક છે. પશ્ચિમ બંગાળમાં તાલુકા અને જિલ્લા સંસદ યોજવાનો અને કેરળમાં તાલુકા અને જિલ્લા સ્તરે ગ્રામ સભા યોજવાનો જે પ્રયાસ થયો છે તેમાંથી આ માટે પદાર્થપાઠ શીખી શકાય.

# સહભાગી પદ્ધતિઓ કયા માર્ગે?

પ્રસ્તુત લેખ **'પાર્ટિસિપેશન એન્ડ ગવર્નન્સ'** નામના સામયિકના જુલાઈ-૨૦૦૮ના અંકમાંથી લેવાયો છે. **'પ્રિયા'**ના વર્તમાન પ્રમુખ અને સ્થાપક નિયામક **શ્રી રાજેશ ટંડન** દ્વારા લખાયેલા આ લેખમાં સહભાગી પદ્ધતિઓના છેલ્લા ૩ દાયકાના ઈતિહાસનું આલેખન કરાયું છે અને તેના આવી રહેલા ભાવિનો નિર્દેશ કરાયો છે. લોકશાહી શાસનમાં તેમનું શું સ્થાન છે અને નાગરિકોની સહભાગિતા કેવી રીતે અગત્યની છે તેનો નિર્દેશ કરીને તે બાબતે કઈ સતર્કતા રાખવી જોઈએ એ પણ તેમાં જણાવાયું છે.

સામાજિક પરિવર્તન અને વિકાસ માટેના પ્રયાસોમાં દુનિયાભરમાં સહભાગી પદ્ધતિઓનો વિકાસ થયે અને વ્યવહારમાં તેમનો ઉપયોગ થયે લગભગ ૩ દાયકાનો સમય વીત્યો છે. તેનો અર્થ એવો નથી થતો કે આ પ્રકારની પરંપરાઓ અગાઉ અસ્તિત્વમાં નહોતી. તેનો અર્થ માત્ર એટલો જ છે કે આવી પદ્ધતિઓને સ્પષ્ટ માન્યતા મળ્યે લગભગ ત્રણ દાયકા થયા છે.

આ માન્યતાના મૂળમાં તો એ હતું કે, સિદ્ધાંતતઃ લોકો પરિવર્તનના મૂળ વાહકો છે; તેમની નાગરિક સંસ્થા તેમના સામાજિક-આર્થિક અને રાજકીય વાતાવરણાં પડેલી છે; અને એ વાતાવરણ તેમને અધિકૃત સહભાગિતા માટેની તકો તો પૂરી પાડે જ છે પણ સાથે સાથે અવરોધો પણ ઊભા કરે છે. સહભાગિતા અંગેના આ દૃષ્ટિકોણે તેને સામાજિક પરિવર્તન અને રૂપાંતરણ માટેનાં સમાનતાવાદી વલણો સાથે ગાઢ રીતે સાંકળી છે. આ વલણો એવા પાયાના સિદ્ધાંત પર ઊભાં હતાં અને છે કે વધુ સારા જગત માટે પ્રયાસ કરવાની દરેકની ઈચ્છા હોતી નથી તો પણ દરેક વ્યક્તિ એ માટે કાર્ય કરવા સક્ષમ તો હોય છે જ. ખાસ કરીને બીજા વિશ્વ યુદ્ધ પછી, સામાજિક પરિવર્તન અને વિકાસના ઔપચારિક સિદ્ધાંતોમાં આવો દૃષ્ટિકોણ વધુ ભદ્ર વર્ગીય અને નિષ્ણાતલક્ષી દૃષ્ટિકોણોથી વિરુદ્ધ હતો. યુરોપના પુનર્બાંધકામ માટેના 'માર્શલ પ્લાન'નું એક મુખ્ય તત્ત્વ નવી વિશ્વ બેંક દ્વારા ટેક્નિકલ નિષ્ણાતો પૂરા પાડવાનું હતું. એ જ દૃષ્ટિકોણ પછી તે સમયે હરિયાળી ક્રાંતિના કાર્યક્રમો અને આરોગ્ય સંભાળનાં ક્ષેત્રો માટે દુનિયાભરમાં અપનાવવામાં આવ્યો.

સ્વૈચ્છિક દૃષ્ટિકોણના આરંભના વિરોધીઓએ સૌ પ્રથમ તો એ સિદ્ધાંતને પડકાર ફેંક્યો કે જ્ઞાન એ નિષ્ણાતો અને વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ લોકોનો ઈજારો છે. આ પડકાર સામાન્ય લોકોની રોજિંદા જીવનની લડતો અને સિદ્ધિઓના પુરાવાને આધારે ફેંકાયો. સહભાગી સંશોધનના દૃષ્ટિકોણોએ જ્ઞાન, શિક્ષણ અને કાર્યના વૈકલ્પિક ખ્યાલોનું ઘડતર કર્યું. જ્ઞાન વિશેની વિચારણાના આ રસ્તાએ સત્તા, જ્ઞાન અને નિયંત્રણ વચ્ચેના સંબંધોનું સ્વરૂપ છતું કરવાની શરૂઆત કરી. જ્ઞાન પાછળની દોટ અને તેને પ્રોત્સાહન આપવાના પ્રયાસમાં સત્તાનાં માળખાં છતાં થાય તેને સામાન્ય લોકો દ્વારા સહભાગિતાને પ્રોત્સાહન મળે તે માટેની આવશ્યક શરત ગણવામાં આવી. આ પ્રકારના પ્રયાસોને બ્રાઝિલમાં પાઉલો ફ્રેરીના કાર્યથી ટેકો મળ્યો. તેમણે અંતરાત્માના અવાજ માટેની દલીલો કરી અને તેમનો હેતુ જ્ઞાનની સત્તા અને નિષ્ણાતપણાના નિયંત્રક પ્રભાવને ઉજાગર કરવાનો હતો. તેને તેમણે "મુક્તિજનક" બાબત કહી. એ જ રીતે, અમેરિકાના દક્ષિણ ભાગમાં શ્રમના અધિકારો અને નાગરિક અધિકારો વિશેના માઈલેસ હોર્ટનના કાર્ય દ્વારા વ્યક્તિના પોતાના જ દ્વારા કાર્ય કરવા માટે શીખવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. દક્ષિણ એશિયાના કેટલાક અભ્યાસોએ 'નીચેથી ઈતિહાસ'નું વિશ્લેષણ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું અને તેના પર પ્રકાશ ફેંકવાનું શરૂ કર્યું હતું.

દુનિયાભરમાં ૧૯૮૦નો દાયકો સહભાગી પદ્ધતિઓમાં નવપ્રવર્તન, સર્જનાત્મકતા અને તેના ફેલાવાનો હતો. સહભાગિતાને પ્રોત્સાહન આપવાના વ્યવહારમાં વિવિધ સાધનો, પદ્ધતિઓ અને લેબલ ઊભાં થયાં, ખાસ કરીને, અત્યાર સુધી જે બાકાત રહી ગયાં હતાં અને છેવાડે ફેંકાઈ ગયાં હતાં તે ઊભાં થયાં અને તેમણે સામાજિક પરિવર્તનની કાર્યસૂચિની વ્યાખ્યા બાંધી અને તેને આગળ ધપાવી. એ દાયકાના અંત સુધીમાં સહભાગી પદ્ધતિઓને વ્યવહારુ જગતમાં કંઈક આદર મળી ચૂક્યો હતો, જો કે, તે સંશોધનના જગતમાં મળ્યો નહોતો. વ્યવહારકર્તાઓ, સુલભકર્તાઓ અને પુરસ્કર્તાઓનું એક વિશાળ નેટવર્ક ઊભું થયું હતું અને તેણે પારસ્પરિક ભણતર અને ટેકા માટેના મહત્ત્વના સાધન તરીકે કાર્ય કર્યું.

નવપ્રવર્તનના કોઈ પણ ક્ષેત્રમાં સામાન્ય રીતે બને છે તેમ, કેટલાક વિરોધીઓએ ભારે ધમાલ મચાવી, તો બીજી તરફ, વાસ્તવિક જગતમાં જે વિવિધ સમસ્યાઓ પ્રવર્તે છે તેના ઉકેલ માટે કેટલાકે સહભાગિતાને રજૂ કરી. આવા ઉત્સાહમાં સમાજમાં ઊંડે સુધી ઘૂસી ગયેલાં માળખાં અને સંસ્થાઓ છે તેમના સ્વરૂપ ઉપર ધ્યાન આપવાનું ભૂલી જવાયું.

એમણે સહભાગિતામાં માત્ર અવરોધ જ ઊભો નહોતો કર્યો, પરંતુ તેના સમાનતાવાદી અને સાર્વત્રિકતાવાદી સિદ્ધાંતોની સામે જ ગંભીર પડકાર ઊભો કર્યો હતો અને તેમના પ્રચાર-પ્રસારને અવરોધ્યો હતો. મહિલા સંગઠકો અને પ્રશિક્ષકોને સહભાગિતા આડેના માળખાગત અને સંસ્થાગત અવરોધોનો સૌથી વધારે સ્પષ્ટ રીતે અનુભવ થયો. પિતૃસત્તાક વ્યવસ્થાનાં જે જડ ઘાલી ગયેલાં માળખાં છે તે પરિવારો અને સમુદાયોના સામાજિક સંબંધોમાં વ્યાપક હતાં એટલું જ નહિ પણ રાજ્ય, બજાર અને શિક્ષણ વગેરેની આધુનિક સંસ્થાઓમાં પણ પિતૃસત્તાક વ્યવસ્થા ઘૂસી ગઈ હતી. આમ, મહિલાઓના જ્ઞાનની મૂલ્યવૃદ્ધિ માટે જ નહિ, અને નારીવાદી દૃષ્ટિકોણો સામે જ નહિ, પણ જાહેર જીવનમાં સહભાગી થવાની અને તેમાં પ્રદાન આપવાની તેમની અંતર્નિહિત ક્ષમતાઓ વિશે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા.

પડકારો સર્જનાત્મકતા લઈને આવે છે અને અવરોધો તકો બની શકે છે. ઉપરોક્ત પડકારોનો સામનો કરવામાં સહભાગી પદ્ધતિઓનું ક્ષેત્ર વધારે ગહન બન્યું. તેનો દૃષ્ટિકોણ સમગ્રતયા લોકશાહીને સમાવનારો બન્યો. બહુત્વ, વૈવિધ્ય, સમાનતા અને સહિષ્ણુતાનાં લોકતાંત્રિક મૂલ્યોનું ૧૯૯૦ના દાયકાના મધ્યથી સહભાગી પદ્ધતિઓના કાર્યમાં સંકલન થવાની શરૂઆત થઈ. તેણે લોકતાંત્રિક સંસ્થાઓનો વધુ સમાવેશ કર્યો અને તેમની લોકશાહી રીતની કામગીરી ઉપર તેણે ધ્યાન કેન્દ્રિત કર્યું. લોકશાહી શાસને એક વિસ્તૃત અને વ્યાપક માળખું પૂરું પાડ્યું કે જેથી સહભાગિતાની નવી પદ્ધતિઓ અને પ્રક્રિયાઓના પ્રયોગો કરી શકાય. આવાં નવપ્રવર્તનોની શોધમાં નવાં અર્થઘટનો અને નવા અર્થો ઉપસી આવ્યાં. સહભાગિતાએ લોકશાહીની ચકાસણી શરૂ કરી તેમ નાગરિકત્વના ખ્યાલોએ સહભાગિતા ઉપર પ્રભાવ પાડવાનો આરંભ કર્યો. ઐતિહાસિક રીતે, નાગરિકત્વની વ્યાખ્યા રાજ્યે બક્ષેલી અધિકારો અને ફરજોની વ્યવસ્થાના સંદર્ભમાં કરવામાં આવતી હતી. નાગરિકત્વના આ કાનૂની અર્થની સામે વધુ ને વધુ પડકાર ફેંકવામાં આવ્યો અને નાગરિકત્વના અનુભવની વિવિધ વાસ્તવિકતા ઉપર પ્રકાશ ફેંકાયો. તળ વાસ્તવિકતાઓએ રાજ્ય તેના વિવિધ નાગરિકો વચ્ચે જે ભેદભાવ રાખે છે તેના ઉપર સતત પ્રકાશ ફેંકવાનું કાર્ય કર્યું. અનેક નાગરિકો સ્ત્રી-પુરુષ ભેદભાવ, વંશીયતા, ભાષા, પ્રદેશ, ધર્મ, જ્ઞાતિ વગેરેને કારણે બાદબાકીનો અનુભવ કરતા હતા. સમાજની અંદરના સંસ્થાગત ભેદભાવો રાજ્યની કામગીરીમાં પણ ઘૂસી જાય છે અને પોતાના લાચાર નાગરિકો પ્રત્યેના રાજ્યના વ્યવહારમાં પણ દૃષ્ટિગોચર થાય છે. તેથી સહભાગી નાગરિકત્વના ખ્યાલો સહભાગિતાને પ્રોત્સાહન આપવાના સંદર્ભમાં પ્રસ્તુત જણાયા છે. સહભાગી શાસન અને સહભાગી નાગરિકત્વ આજે જે રીતે વ્યવહારમાં મૂકવામાં આવે છે તેનાથી પ્રયોગ અને નવપ્રવર્તન માટેનાં નવાં ક્ષેત્રો ખૂલે છે.

લોકશાહીના માળખામાં સહભાગિતાને એક સ્વરૂપ અને એક મૂલ્ય બંને તરીકે સ્વીકાર્યા તો સહભાગી પદ્ધતિઓના વ્યવહારકર્તાઓ માટે નવા પડકારો ઊભા થાય છે. લોકશાહીની ઔપચારિક સંસ્થાઓ સહભાગિતાના સંદર્ભમાં વિશેષાધિકાર ધરાવે છે એમ કહેવાય કારણ કે લોકો નેતાઓને ચૂંટે છે અને પછી નેતાઓ શાસન કરે છે. લોકતાંત્રિક સંસ્થાઓ અને લોકશાહી રાજકારણમાં આ ખ્યાલ ખૂબ જ ઊંડે ગયેલો છે. તેથી તેણે રોજિંદા જીવનના રાજકારણમાં નાગરિકોના નેતૃત્વને સ્વીકાર્યું છે. તેણે મનુષ્યની અંતર્નિહિત ક્ષમતાઓના પ્રશ્નને ફરી ઉખાળ્યો છે - શું સામાન્ય માણસો લોકતાંત્રિક શાસનમાં નેતૃત્વ લેવા માટે સક્ષમ છે ખરા? શા માટે આપણને પ્રતિનિધિત્વની જરૂર છે - ચૂંટાયેલું હોય કે પછી, પસંદગી પામેલું? જો બધા નાગરિકોની સહભાગિતાની જરૂર હોય તો પછી એની આવશ્યકતા છે ખરી? આવા પ્રશ્નો અનિવાર્યતયા ઊભા થાય જ અને કેટલીક શંકાઓ તથા ડર રહે જ. સહભાગી પદ્ધતિઓના વ્યવહારકર્તાઓના દિમાગમાં એ ઊભી થાય છે જ. આવી ટીકાઓ અને સવાલો એમ દર્શાવે છે કે લોકશાહી શાસનની સંસ્થાઓ અને તેનાં ક્ષેત્રોમાં સહભાગિતાને લક્ષ્યાંક બનાવવામાં આવે છે અને તેની દિશાને ફંગોળવાનો પ્રયાસ કરવામાં આવે છે.

રોજિંદા જીવનની ગતિવિધિઓનો આપણે તાગ માપીએ છીએ ત્યારે સહભાગી પદ્ધતિઓના વ્યવહારકર્તાઓ અને પ્રાયોજકોએ બે વલણો ઉપર ધ્યાન આપવાની જરૂર છે. પ્રથમ તો, લગભગ ત્રણ દાયકા સુધી ગૂમ થઈ ગયેલું સહભાગી સંશોધન વિદ્વદ્ જગતમાં ફરી સ્થાન પામી રહ્યું છે. જગતના અનેક ભાગોમાં નવા પ્રયાસોનું નવું મોજું આવી રહ્યું છે. દા.ત. યુરોપમાં 'લિવિંગ નોલેજ' નેટવર્ક્સ છે તો ઉત્તર અમેરિકામાં સમુદાય-આધારિત સંશોધને પગદંડો જમાવ્યો છે. એશિયા અને આફ્રિકામાં દેશજ અને માતૃભાષાના જ્ઞાનની પદ્ધતિઓ આવી છે. તે એમ દર્શાવે છે કે તેને નવાં જ શૈક્ષણિક વાઘાં મજબૂતાઈ અને આદર સાથે પહેરાવાઈ રહ્યાં છે. આ વલણ ખરેખર જ આવકારદાયક છે! જો કે, સહભાગી પદ્ધતિઓના બળને રોજિંદા જીવનના રાજકારણમાં એ રીતે જાળવી રાખવાની જરૂર છે કે જેથી તે શિક્ષણ જગતનાં પ્રાંગણોમાં ઢંકાયેલું ના રહે, ભલે ને પછી તે ત્યાં ગમે તેટલું માનનીય અને આદરણીય કેમ ના હોય. સહભાગી પદ્ધતિઓના વ્યવહારકર્તાઓએ સતર્ક રહેવાની જરૂર છે.

બીજું વલણ સહભાગિતાનું સતત વિસ્તરતું જતું ક્ષેત્ર છે. છેલ્લાં ૫ વર્ષના ગાળા દરમ્યાન સહભાગી પદ્ધતિઓના અનેક વ્યવહારો, નવપ્રવર્તનો અને અભ્યાસોએ દર્શાવ્યું છે તેમ, સહભાગિતાની નદીને તેના પ્રવાહ માટે અને વિશ્રામ માટે અનેક નવા પડાવો પ્રાપ્ત થયા છે.

**જુઓ પૃષ્ઠ ૨૪**

# ખરા ગુનેગારો સુધી પહોંચીએ

તાજેતરમાં બેંગલુરુ અને અમદાવાદમાં થયેલા બોંબ ધડાકા અંગે મુંબઈની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીના પ્રાધ્યાપક તથા 'એકતા' અને મુંબઈની 'કમિટી ફોર કોમ્યુનલ એમિટી'ના સભ્ય **શ્રી રામ પુનિયાની** દ્વારા આ લેખમાં બિન-સાંપ્રદાયિક અભિપ્રાય આપવામાં આવ્યો છે.

આંતકવાદી કૃત્યોથી દેશનું દર્દ વધે છે. આવું એકેએક કૃત્ય નિર્દોષોના જ જાન લે છે એવું નથી પરંતુ તે વિભાજક પરિબળ તરીકે પણ કાર્ય કરે છે, સમુદાયોનું ધ્રુવીકરણ કરે છે અને રાષ્ટ્રીય અખંડતાના ધાગાને નબળા બનાવે છે. આતંકવાદી હુમલાના સંદર્ભમાં સમુદાયોએ જે હિંમત દાખવી છે તે કાબિલેદાદ છે.

વાસ્તવમાં, હુમલા પછી તરત જ સમુદાયો મજબૂત ખડકની જેમ નજીક આવ્યા અને દુઃખના આ સમયમાં બધાએ પરસ્પર મદદ કરી. કોમવાદી રાજકારણને મજબૂત કરવાની વાત કોઈક કરી રહ્યું છે. આતંકવાદી હુમલા પછી એ વાત વધારે મજબૂત બને છે. છેલ્લા અઢી દાયકા દરમ્યાન કોમવાદી હિંસાએ દેશમાં ભાગલા પાડવામાં જે ભૂમિકા ભજવી છે તે આ ધડાકાઓથી વધુ મજબૂત બને છે. મોટા ભાગનાં મુસ્લિમ જૂથોએ તત્કાળ તેનો વિરોધ કર્યો હોવા છતાં પણ તેમ બને છે. તેઓ આતંકવાદી કૃત્યોને સખત શબ્દોમાં વખોડી કાઢે છે તેથી બધા આતંકવાદીઓ મુસ્લિમો છે એવી 'સાર્વજનિક સામાજિક સમજ' મજબૂત બનતી નથી.

૨૫મી જુલાઈના બેંગલુરુ અને ૨૬મી જુલાઈના અમદાવાદના બોંબ ધડાકાએ રક્તપાત વેર્યો છે. બેંગલુરુમાં જે બોંબ હતા તે બહુ આધુનિક નહોતા અને તે મારવાને બદલે ડરાવવા માટે વધુ હતા. જે ૯ વિસ્તારોમાં બોંબ ધડાકા થયા તે બધામાંથી એક પણ વિસ્તાર ઈન્ફોટેકનો નહોતો, ૪ વિસ્તારો તો મુસ્લિમ બહુમતીવાળા હતા. અમદાવાદમાં પણ આરડીએક્સ કે અન્ય 'જેહાદી' ટ્રેડ માર્કનો ઉપયોગ થયો નથી એ સ્પષ્ટ છે. સાયકલ, એમોનિયમ નાઈટ્રેટ અને ઓછી તીવ્રતાવાળા આ બોંબ હતા. સાથે સાથે આવા અનેક બોંબ સુરતમાં બિન-અસરકારક બનાવાયા છે, અને તે પ્રશ્નાર્થ ઊભો કરે છે. કેવી રીતે કોઈ એક જ રાજકીય જૂથના સભ્યોને બોંબ અમુક સ્થળોએ મુકાયેલા છે એની ખબર પડી હતી અને તેઓ કેમેરાની આંખ સામે જીવતા બોંબ કેવી રીતે આત્મવિશ્વાસપૂર્વક પકડી શક્યા?

જ્યારે આ બોંબ ધડાકા થયા ત્યારે ઘણી મહત્ત્વની ઘટનાઓ દેશમાં બની રહી હતી. મનમોહનસિંહની સરકારે વિશ્વાસનો મત જીત્યો અને વિપક્ષના તથા ભાજપના નેતા અડવાણીએ લોકસભામાં વિશ્વાસનો મત પસાર થતાં શરમ અનુભવી. અમરનાથ દેવસ્થાન બોર્ડ માટે સરકારી જમીન મેળવવા ભાજપના નેતૃત્વ હેઠળ આંદોલન ચાલે છે અને તે કોમવાદી રંગ પકડી રહ્યું છે અને તે રાષ્ટ્રની અખંડતા સામે મોટો ખતરો ઊભો કરી શકે છે. હિંદુઓની અમરનાથ યાત્રાનું સંચાલન મોટે ભાગે મુસ્લિમો કરે છે. આ યાત્રા પ્રવાસન માટેનું મોટું આકર્ષણ છે અને બહુમતી મુસ્લિમોના જીવનનિર્વાહ માટેનું એક મોટું સાધન છે. અને ગુજરાતમાં જ ભાજપના નજીકના સાથીદાર આશારામ બાપુ તેમના આશ્રમોમાં ચાર બાળકોના મૃત્યુથી શંકાઓમાં ઘેરાઈ ગયા છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ એમ કહ્યું હતું કે જેહાદી આતંકવાદીઓ તેમના રાજ્યમાં આવવાની હિંમત નહિ કરે, તો પછી આવ્યું કોણ?

આતંકવાદી કૃત્યો અગાઉ થયાં નથી એવું તો નથી જ. સંસદ, અંસલ પ્લાઝા, અક્ષરધામ, રઘુનાથ મંદિર વગેરે પર હુમલા થયા, એનડીએના શાસનકાળ દરમ્યાન માલેગાંવ, સમજૌતા એક્સપ્રેસ, નાંદેડ, ઝાલણા, પરભણી, આરએસએસનું વડું મથક-નાગપુર અને ચેન્નઈ વગેરે હુમલાઓ થયા. નાંદેડમાં બજરંગ દળના બે કાર્યકરો બોંબ બનાવતી વખતે થયેલા ધડાકાથી મૃત્યુ પામ્યા. હૈદરાબાદમાં અને જયપુરમાં ધડાકા થયા. આ ધડાકાઓથી દેશને ખૂબ જ નુકસાન પહોંચ્યું છે. ધડાકાઓ પછી કેટલીક બાબતો ખૂબ જ પુનરાવર્તક બની ગઈ છે. એમાંની કેટલીક બાબતો આવકારદાયક છે, જ્યારે કેટલીક બાબતોએ આપણાં ભવાં ચડાવવાં જોઈએ. જે આવકારદાયક બાબત છે તે એ છે કે અસરગ્રસ્તોને સહાય કરવામાં સમુદાયે જે પ્રતિભાવ આપ્યો તે સરસ હતો.

વળી, જે એક બીજી બાબતથી આપણને ગુસ્સો ચડવો જોઈએ તે એ છે કે ગુપ્તચર સંસ્થાઓ ગુપ્ત માહિતી મેળવવામાં અને સમયસર કાર્ય કરવામાં નિષ્ફળ જાય છે. બીજું, તપાસકર્તા સંસ્થાઓ દ્વારા આ ધડાકા અંગે જે સિદ્ધાંત તરત જ ઊભો કરી દેવાય છે તે એ છે કે આઈએસઆઈ, હુજી અને સીમી અને અન્ય સંસ્થાઓ તેને માટે જવાબદાર છે. તેથી એક બહુ જ વ્યાપક એવી માન્યતાને બળ મળે છે કે બધા જ આતંકવાદીઓ મુસ્લિમ છે. દાઢીવાળા કે દાઢી વિનાના

કેટલાક મુસ્લિમોની ધરપકડ કરવામાં આવે છે અને તેઓ જેલમાં સબડે છે. કેટલાક આતંકવાદીઓ પાસે ડાયરીઓ હોય છે અને તેમની પાસે સંપર્ક નંબરો હોય છે અને તે આપણી તપાસકર્તા સંસ્થાઓનું કામ કરળ બનાવે છે એ સિવાય મોટે ભાગે જેમની ધરપકડ કરવામાં આવી હોય છે એમની સામેના આરોપો પુરવાર થતા નથી હોતા. તેમની સામે મોટા ધડાકા સાથે આરોપો મૂકવામાં આવે છે અને પછી તે સૂરસૂરિયું થઈ જાય છે. રસપ્રદ બાબત તો એ છે કે દરેક કેસમાં આવું જ બને છે અને છતાં કશું નવેસરથી વિચારવામાં આવતું નથી. ત્રીજું, કેટલાંક એવાં ઉદાહરણો પણ છે કે જેમાં તપાસકર્તા સંસ્થાઓને સફળતા મળી છે પરંતુ એ ઘટનાઓ લોકોને બહુ યાદ રહેતી અને માધ્યમોમાં પણ તે નજીવું સ્થાન મેળવે છે કારણ કે આંતકવાદીઓ કોણ છે તે અંગેના લોકોના ખ્યાલોથી તે તદ્દન વિરુદ્ધના હોય છે.

આવી, બહુ ન જાણીતી હોય એવી ત્રણ 'સફળતાઓ' અગત્યની છે અને તેમાંથી કશુંક શીખવાની નિષ્ફળતા પણ એટલી જ નોંધપાત્ર છે. પ્રથમ તો, એપ્રિલ-૨૦૦૬માં બજરંગ દળના જે બે કાર્યકર્તાઓ બોંબ બનાવતા સમયે મૃત્યુ પામ્યા હતા તે સ્થળેથી મુસ્લિમો પહેરે છે તેવાં વસ્ત્રો અને દાઢીઓ મળી આવ્યાં હતાં. એ અકસ્માતમાં બચી જનારાએ એમ કહ્યું હતું કે હિંદુઓએ બોંબ ધડાકા કરવા જોઈએ કારણ કે નહિ તો હિંદુઓને હીજડા સમજવામાં આવશે. આ ધડાકા મસ્જિદોની નજીક શુક્રવારે જ કરવા જોઈએ કે જ્યારે બપોરે મુસ્લિમો ભેગા થતા હોય છે. પરભણી, ઝાલણામાં એમ જ થયું હતું અને સમજૌતા એક્સપ્રેસમાં પણ એ જ તરાહ હતી. થાણે અને તેની નજીકનાં સ્થળોએ જુન-૨૦૦૮માં જે બોંબ ધડાકા થયા હતા તેમના સંદર્ભમાં હિંદુ જાગરણ અને સનાતન આશ્રમનો હાથ હોવાનું નિઃસંશયપણે સાબિત થયું હતું.

મહારાષ્ટ્રના આંતકવાદ-વિરોધી સ્કવોડે ગુનેગારોને પકડી પાડ્યા હતા. ચેન્નઈમાં આરએસએસના વડા મથકે થયેલા હુમલાના કિસ્સામાં પણ ગુનેગારો પકડાયા અને તે આરએસએસના જ કાર્યકરો હતા. આ વખતે થોડી આશ્ચર્યજનક બાબત એ હતી કે સામાન્ય રીતે ભાજપના પ્રવક્તાઓ ધડાકાઓ પછી કોઈક મુસ્લિમ જૂથો ઉપર દોષારોપણ કરે છે, પણ તેને માટે આ વખતે તેમણે કોંગ્રેસને જવાબદાર ગણાવી. હતાશાને લીધે તેમણે દોષનો ટોપલો કોંગ્રેસ પર ઢોળ્યો એ સમજી શકાય તેમ છે પણ શા માટે જેમની પર સામાન્ય રીતે શંકા હોય છે તેમની પર શંકાની સોય કેમ ના તકાઈ?

આ કરુણ ઘટનાઓનું એકંદર ચિત્ર આ મુજબ છે પણ ત્યારે રાજકીય પક્ષો એને વિશે શું કહે છે? અત્યાર સુધીમાં, યુપીએના શાસન દરમ્યાન ભાજપે હંમેશાં દરેક આતંકવાદી કૃત્ય પછી ખાસ કરીને પોટા જેવા વધુ કડક કાયદાની ભલામણ કરી છે. પોટામાં છે શું? તે સત્તાવાળાઓને માત્ર શંકાને આધારે કોઈની પણ ધરપકડ કરવાની સત્તા આપે છે અને અનિશ્ચિત મુદત સુધી જેલમાં નાખી દેવાની સત્તા આપે છે. એનડીએના શાસન કાળ દરમ્યાન પોટા હતો ત્યારે પણ અનેક આતંકવાદી ઘટનાઓ બની હતી. પછી એક એવી દલીલ પણ કરવામાં આવે છે કે ભાજપની સરકારો આતંકવાદનો સામનો કરવા માટે વધારે તૈયાર છે. તાજેતરમાં રાજસ્થાન, કર્ણાટક અને ગુજરાતમાં આતંકવાદીઓએ બોંબ ધડાકા કર્યા અને એ ત્રણેય ભાજપ-શાસિત રાજ્યો છે. પોતાના રાજ્યમાં આતંકવાદીઓ આવવાની હિંમત નહિ કરે એવી નરેન્દ્ર મોદીની શેખી છતાં ધડાકા થાય છે જ!

બીજાં અનેક અર્થઘટનો થઈ શકે છે પણ, એક વાત નિર્વિવાદ છે અને તે એ છે કે આ આતંકવાદી કૃત્યો કોમવાદી રાજકારણને લાંબે ગાળે લાભ કરી આપે છે. છેલ્લા બે દાયકા દરમ્યાન કોમવાદી રાજકારણ વધારે મજબૂત બન્યું છે. મોટા ભાગની તપાસ સમિતિઓના અહેવાલો એમ જણાવે છે કે ભાજપનાં સાથી સંગઠનોનો હાથ હિંસા કરવામાં હોવાનું દેખાય છે. અગાઉ જે કામ કોમવાદી કૃત્યો કરે છે એટલે કે તે સમુદાયોનું ધ્રુવીકરણ કરે છે. એક જ ધાર્મિક સમુદાયના લોકો આતંકવાદી પ્રવૃત્તિ કરી રહ્યા છે એવો પ્રચાર બીજા બધા કરતાં વધારે સફળ થાય છે.

પાકિસ્તાનના વહીવટી તંત્ર અને અલ-કાયદાની ભૂમિકાનો કોઈ ઈન્કાર કરતું નથી. એ બંનેને અમેરિકાનાં તેલનાં હિતોએ ટેકો આપ્યો છે અને બળ આપ્યું છે, પરંતુ આતંકવાદી કૃત્યો વિશેના દક્ષિણ એશિયાના ખ્યાલો ઉપર તેની ઘણી વિપરીત અસર થાય છે. અલ-કાયદાના હુમલાઓ પછી અને મુંબઈની ૧૯૯૨-૯૩ની કોમવાદી હિંસા પછી આ ગાંડપણભર્યાં કૃત્યોને ઘણી વાર ધર્મનો બચાવ કરવા માટે કરવામાં આવે છે એમ કહેવામાં આવે છે. ૯-૧૧ પછી ઈસ્લામી આતંકવાદ શબ્દ વાપરીને અને તેનો પ્રચાર કરીને અમેરિકન માધ્યમોએ એક ચક્કર પૂરું કરી દીધું છે!

આપણે આ માનસમાંથી બહાર આવીએ એનો અને ખરા ગુનેગારોને પકડવા માટે આપણી તપાસકર્તા સંસ્થાઓ પૂર્વધારણાઓમાંથી બહાર આવે તેનો સમય પાકી ગયો છે. થાણેમાં તેમણે જે કંઈ કર્યું તે જ રીતે તેઓ કામ કરે. જે તપાસ પૂર્વધારણાઓ અને પક્ષપાતોથી થાય છે તે કદી પણ સફળ થતી નથી અને ખરી સમસ્યાનો તે કદી પણ ઉકેલ લાવતી નથી.

સંપર્કઃ ram.puniyani@gmail.com

# સ્થાનિક સંસ્થાઓની પ્રતિભાવાત્મકતા: ગુજરાતમાં સામાજિક ઉત્તરદાયિત્વ માટે નાગરિક માળખાં

'**પ્રિયા**'નાં **સુશ્રી મંદાકિની પંત** અને '**ઉન્નતિ**'ના **શ્રી તાપસ સત્પથી** દ્વારા 'પાર્ટિસિપેશન એન્ડ ગવર્નન્સ'માં લખાયેલા આ લેખમાં ગુજરાતમાં નાગરિકોનાં મંડળો અને નેટવર્ક્સ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ માટે થયેલા પ્રયાસો આલેખાયા છે. આ અભ્યાસમાં સામાજિક ઉત્તરદાયિત્વનાં તંત્રો અને સ્થાનિક શાસન સંસ્થાઓની પ્રતિભાવાત્મકતા વચ્ચેનાં સંબંધો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. પારદર્શિતા માટે સામાજિક ઉત્તરદાયિત્વનાં તંત્રોમાં જાહેર સેવા ઉપરની દેખરેખ, પ્રાદેશિક કર્મચારીઓ સાથે વિચાર-વિમર્શ, સામાજિક અન્વેષણ અને માહિતીના અધિકારના ઉપયોગનો સમાવેશ થાય છે. આ લેખ એમ પ્રસ્થાપિત કરે છે કે સામાજિક ઉત્તરદાયિત્વથી શાસનમાં સુધારો થયો છે.

## પ્રસ્તાવના

શાસન એ સાર્વજનિક જાહેર કલ્યાણ માટે જાહેર સંસાધનો એકત્ર કરવા અંગેની અને તેમના ઉપયોગ અંગેની નિર્ણય પ્રક્રિયા છે. તેમાં રાજકીય, આર્થિક, વહીવટી કે અન્ય જાહેર સંસ્થાઓ કાર્યક્ષમ અને ઓછી ખર્ચાળ બને એટલું જ ઈચ્છવામાં આવે છે એવું નથી, પરંતુ ગરીબો, છેવાડાના લોકો અને પ્રતિનિધિત્વ ન ધરાવતા લોકો સહિતના તમામ નાગરિકો સક્રિય અને અર્થપૂર્ણ રીતે સહભાગી થાય એમ ઈચ્છવામાં આવે છે. 'સહભાગી શાસન' સૂત્રનો અર્થ એ છે કે લોકશાહીમાં નાગરિકો મતદારો અને લાભાર્થીઓ બનવા ઉપરાંત પણ મોટી અને વ્યાપક ભૂમિકા ભજવે. શાસનને સમાવેશી, પ્રતિભાવાત્મક અને ઉત્તરદાયી બનાવવામાં તેમનાં કાર્યો, સામેલગીરી અને સહભાગિતા મહત્ત્વનાં છે.

લાભવંચિત વર્ગોનાં હિતો, જો સમુદાયની અંદરનાં સમાન વિચારસરણી ધરાવનારા નાગરિકોનાં મંડળો તેમની ચિંતાઓને શાસનની સંસ્થાઓ સમક્ષ રજૂ ના કરે, તો વ્યક્ત થાય જ નહિ. નાગરિકોનું મંડળ એક એવું જૂથ છે કે જેમાં નાગરિકો કમ-સે-કમ એક સમાન મુદ્દો કે હિત ધરાવે છે અને અમુક નિશ્ચિત પરિયોજનાઓ પર સાથે મળીને કામ કરે છે. જેમ કે, પાયાની જાહેર સેવાઓની ગેરહાજરી, વર્તમાન અધિકારોની જોગવાઈ અને રક્ષણ જેવા મુદ્દાઓ પર તેઓ કામ કરે. જાહેર સેવાઓ પૂરી પાડનારાઓ ઉત્તરદાયી બને તે માટે તેઓ સમાન બાબતો અંગે સભાનપણે અને હેતુપૂર્વક એકત્ર થાય છે. પડોશ મંડળો, સ્થાનિક સંઘ, યુવક મંડળ અને તકેદારી સમિતિ એ વિવિધ પ્રકારનાં નાગરિક મંડળોનાં ઉદાહરણો છે.

૧૯૯૨માં ૭૩મો બંધારણ સુધારો થયો, તેથી પંચાયતોને સ્થાનિક સ્તરે સંસ્થાગત સ્વરૂપ મળ્યું અને તેઓ શાસનની ત્રીજા સ્તરની સંસ્થા બની, તેણે લોકોના પ્રતિનિધિત્વ માટેનો અવકાશ વધાર્યો અને શાસનની બાબતોમાં લોકોની હાજરી વધારી. સ્થાનિક સ્વશાસનમાં લોકોની સક્રિયતાનો અર્થ માત્ર એટલો નથી થતો કે તેઓ નિર્ણય પ્રક્રિયામાં સહભાગી થાય છે, પણ તેઓ અધિકારો માટેની જરૂરિયાતો અને પ્રાથમિકતાઓને પણ ઘડે છે, પાયાની સેવાઓ માટેના હકો અને જોગવાઈને પણ ઘડે છે અને એ વિશે કાર્ય કરે છે. ગ્રામ સભાની બેઠકો મળવી ફરજિયાત છે. તેમણે લોકોને તેમની નિસ્બતની બાબતોને વાચા આપવા માટે તક અને અવકાશ પૂરાં પાડ્યાં છે અને નીતિઓ પર તેઓ પ્રભાવ પાડી શકે છે કે જેથી નીતિઓ તેમની તરફદારી કરે.

આ વિકેન્દ્રીકરણને લગતો સુધારો છે. તેને લીધે પંચાયતોને વધુ પ્રતિભાવાત્મક અને સંવેદનશીલ બનાવવા માટે સામૂહિક કાર્યો કરવા નાગરિકોએ તેમનાં મંડળો કે જૂથોની રચના કરી છે. આ વિકેન્દ્રીકરણ પ્રાથમિકતાઓ નક્કી કરવામાં અને સંસાધનોની ફાળવણી કરવામાં નાગરિકોની સામેલગીરી માટે નવી તકો સર્જે છે. નાગરિકોનાં જૂથો ગામમાં ગરીબો અને છેવાડાના લોકોની જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ વિશે સામૂહિક કાર્ય કરે છે અને પંચાયતમાં તેમનાં હિતોનો સમાવેશ થાય તે માટે લોબીંગ કરે છે અને જાહેર જીવનમાં તેમની ભાગીદારીને મજબૂત બનાવે છે. તેઓ છેવાડાના લોકોના અધિકારો માટે દાવા નોંધાવવા પ્રયત્ન કરે છે અને વાટાઘાટો કરે છે. તેઓ ભાગીદાર થાય છે અને સ્પષ્ટ રીતે તેમને લાગતીવળગતી બાબતો રજૂ કરે છે તેથી શાસનનાં તંત્રો આ નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી બન્યાં છે.

આ લેખ ગુજરાતમાં નાગરિકોનાં મંડળોએ અને નેટવર્ક્સે સામાજિક ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે જે પહેલો કરી છે તેને અંગે છે. અમદાવાદ જિલ્લાના ધોળકા અને દસક્રોઈ તાલુકામાં તથા સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગર, વિજયનગર, મોડાસા, ઈડર અને ખેડબ્રહ્મા તાલુકામાં પંચાયત વિકાસ સમિતિ (પીવીસી) અને સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકાની મહિલા વિકાસ સમિતિએ સ્થાનિક શાસનની

સંસ્થાઓ પ્રતિભાવાત્મક બને તે માટે સામાજિક ઉત્તરદાયિત્વ અંગે જે પ્રયાસો કર્યા છે તેનું આલેખન કરવામાં આવ્યું છે. પારદર્શિતા માટેની સામાજિક ઉત્તરદાયિત્વની વ્યવસ્થાઓમાં જાહેર સેવાઓ ઉપર દેખરેખ રાખવાનો અને સરકારી અધિકારીઓ સાથે વિચાર-વિમર્શ કરવાનો સમાવેશ થતો નથી.

નાગરિક મંડળોની સામાજિક ઉત્તરદાયિત્વ અંગેની પહેલ અને જાહેર નિર્ણય પ્રક્રિયા ઉપરની તેની અસર મંડળોની ક્ષમતા કેટલી છે તેના ઉપર આધાર રાખે છે. આ ક્ષમતા શિક્ષણ, માહિતી, કૌશલ્ય, વિશ્વાસ અને પસંદગી તથા કાર્યની સ્વતંત્રતાને આધારે ઊભી થાય છે. અહીં વચગાળાનાં નાગરિક સમાજનાં સંગઠનો (સીએસઓ) સુલભકર્તાની ભૂમિકા ભજવે છે. તેમને શિક્ષણ આપીને, તેમને સંગઠિત કરીને અને તેમને એકત્ર કરીને તથા હેતુપૂર્ણ રીતે અને સભાન રીતે સ્થાનિક સ્વશાસનને કેન્દ્રસ્થાને લાવીને તેઓ વાસ્તવમાં સામાજિક પરિવર્તનની પ્રક્રિયાઓના ઉદ્દીપક બને છે. અહીં આ નાગરિક મંડળોની શક્તિ વધારવામાં 'ઉન્નતિ'નાં માળખાંએ કેવી ભૂમિકા ભજવી છે તેના પર પ્રકાશ ફેંકાયો છે.

૨૦૦૪-૦૬ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા જે પહેલ કરવામાં આવી તેની માહિતી અહીં આપવામાં આવી છે. તેમાં જે કેસ સ્ટડીઝ આપવામાં આવ્યા છે તે દેશભરમાં ચાલતી રાજકીય પ્રક્રિયાઓમાં નાગરિક મંડળોની સહભાગિતાને સર્વગ્રાહી રીતે રજૂ કરે છે અથવા તેમનું પ્રતિનિધિત્વ કરે છે એવું નથી. નિશ્ચિત સંદર્ભમાં નાગરિક મંડળોના જે અનુભવો રહ્યા છે તેની ગુણાત્મક ઝાંખી કરાવવાનો પ્રયાસ અહીં કરાયો છે.

## સિદ્ધાંત

લોકોની જરૂરિયાતો પ્રત્યે જવાબદાર અને પ્રતિભાવાત્મક એવું મજબૂત રાજ્ય એ લોકશાહીનું દ્યોતક છે. રાજ્ય તેના લક્ષ્યાંકમાંથી ચ્યુત ના થાય તે માટે નાગરિકોની સામેલગીરી અનિવાર્ય છે. તેઓ રાજ્યની સમીક્ષા કરે છે, ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરે છે, છેવાડાના લોકોના અવાજને રજૂ કરે છે અને જ્યાં જરૂરી જણાય ત્યાં લોકોની આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે રાજ્યને ટેકો પણ આપે છે. લોકશાહીમાં મજબૂત નાગરિક સમાજ અને નાગરિકોની સક્રિય સામેલગીરીની હાજરીનો અર્થ એ છે કે રાજ્યમાં સતત લોકો સામેલ થાય છે, રાજ્ય પર પ્રભાવ પાડે છે અને રાજ્યને સુધારે છે.

### ૧. ઉત્તરદાયિત્વનો પડકાર

રાજ્યોમાં પંચાયતી રાજ સંસ્થાઓની સ્થાપનાના તબક્કા પછીના સમય અને છેવાડાના નાગરિકોની ભાગીદારી ઉપર બારીકાઈથી નજર ફેંકતાં એમ જણાય છે કે પંચાયતી રાજ સંસ્થાઓને પ્રતિભાવાત્ક બનાવવાનો ઉદ્દેશ તો હજુ એક સ્વપ્ન જ બની રહેલ છે. સરકારની પ્રવૃત્તિઓ વહેંચાઈ હોવાના સ્વરૂપે વિકેન્દ્રીકરણ થયું છે, પણ સત્તા અને કાર્યોની સોંપણીના સંદર્ભમાં વિકેન્દ્રીકરણ થયું નથી. પંચાયતી રાજ સંસ્થાઓ રાજ્યની તાબેદાર અમલકર્તા સંસ્થાઓ તરીકે જ કામ કરે છે. રાજ્યમાં જુદાં જુદાં ક્ષેત્રો માટે જે વિભાગો કે ખાતાં છે તે જ સેવાઓ પૂરી પાડવાનું કામ મુખ્યત્વે કરે છે. નાગરિકો આયોજન અને સંસાધનોની ફાળવણીમાં ભાગીદાર થાય, વિકાસના કાર્યક્રમોને મંજૂરી આપવા માટેનું કામ કરે અને કાર્યક્રમોના અમલની પ્રક્રિયા ઉપર દેખરેખ રાખે તેવા મંચ તરીકે ગ્રામ સભા કામ કરે એ સ્વરૂપ તો સિદ્ધ થયું જ નથી. તેથી લોકો એવું માનતા નથી કે તેઓ શાસનમાં હિતધારકો છે.

ગામડાંઓમાં ગરીબ નાગરિકો માટે પંચાયતી રાજ સંસ્થાઓ તેમની પાયાની જરૂરિયાતો પૂરી પાડવાનું કામ કરે છે. તેઓ પાયાની સેવાઓ પૂરી પાડે છે, તેમની જીવનનિર્વાહની તકો સુનિશ્ચિત કરે છે અને સમતા તથા સામાજિક ન્યાય પર આધારિત એવા ચિરંતન વિકાસને પ્રોત્સાહન આપે છે. જો કે, છેવાડાના લોકો અને ગરીબો આવશ્યક સેવાઓ મેળવી શક્યા નથી કારણ કે સરકારનાં વિવિધ ખાતાં જ હજુ સેવાઓ પૂરી પાડવાનું મુખ્ય કામ કરે છે. તે ખાતાં નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી નથી એટલું જ નહિ, પણ તેઓ પંચાયતી રાજ સંસ્થાઓ પ્રત્યે પણ ઉત્તરદાયી નથી.

પાયાની આવશ્યક સેવાઓ તેમને મળતી નથી કારણ કે પંચાયતી રાજ સંસ્થાઓને સત્તા અને કાર્યો સોંપાયાં નથી, સંસાધનોની ખોટી રીતે ફાળવણી થાય છે, ભ્રષ્ટાચાર થાય છે અથવા માગણી બરાબર રીતે રજૂ થતી નથી. માહિતી અને સંચારના અભાવને લીધે આ સમસ્યાઓ વધારે તીવ્ર બને છે.

ગરીબ લોકો જ સરકારી સેવાઓ પર સૌથી વધારે આધાર રાખે છે. પરંતુ તેઓ સરકારી અધિકારીઓને ઉત્તરદાયી બનાવવા માટે સૌથી ઓછા સજ્જ હોય છે. સંશોધન એમ દર્શાવે છે કે સરકાર પ્રત્યેના ગરીબ લોકોના અસંતોષને મહદંશે પ્રતિભાવાત્મકતા અને ઉત્તરદાયિત્વના પ્રશ્નો સાથે સંબંધ છે. ગરીબો એમ કહે છે કે ઘણી વાર રાજ્યની સંસ્થાઓ ગરીબો પ્રત્યે પ્રતિભાવાત્મક કે ઉત્તરદાયી હોતી નથી, પરંતુ ધનવાન અને શક્તિશાળી લોકો પ્રત્યે જ ઉત્તરદાયી હોય છે.

ગરીબ ગ્રામવાસીઓ તેમને સ્પર્શતી બાબતો વ્યવસ્થિત રીતે રજૂ કરી શકતા નથી, જાહેર અધિકારીઓને ઉત્તરદાયી બનાવી શકતા નથી અને પાયાની સેવાઓ પ્રાપ્ત કરી શકતા નથી કારણ કે તેમની પાસે

સંસાધનોનો અભાવ હોય છે તેઓ સંગઠિત હોતા નથી. આ સંદર્ભમાં સામાજિક મંડળો, માળખાં અને સંસ્થાઓ જેવાં સામાજિક સંસાધનો હોય એ ઘણું જ અગત્યનું છે. સામાન્ય રીતે લોકો આવાં સામાજિક સંસાધનો અસ્તિત્વ ટકાવવા અને સલામતી પ્રાપ્ત કરવા માટે મેળવે છે. તેથી નાગરિકોનાં મંડળો છેવાડાના લોકો માટે એક અસરકારક માધ્યમ છે કે જેના દ્વારા તેઓ પાયાની સેવાઓની જોગવાઈઓ નક્કી કરી શકે છે અને સેવાઓનો પુરવઠો પૂરો પાડનારા લોકો પાસે ઉત્તરદાયિત્વ માગી શકે છે.

### ૨. સામાજિક ઉત્તરદાયિત્વ

નાગરિક સમાજનું એક મહત્ત્વનું ચાવીરૂપ કાર્ય સરકારને ઉત્તરદાયી ઠરાવવાનું છે. સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસો નાગરિક સમાજની આ મહત્ત્વની ભૂમિકાનું પ્રતિબિંબ પાડે છે. સામાજિક ઉત્તરદાયિત્વની વ્યાખ્યા એ રીતે આપી શકાય કે તે નાગરિકોની સામેલગીરીનું એક એવું સ્વરૂપ છે કે જેમાં નાગરિકો જાહેર અધિકારીઓને ઉત્તરદાયી બનાવવા માટે રાજ્યમાં સામેલ થાય છે. તેને વિકાસના અધિકાર-આધારિત અભિગમો સાથે ગાઢ સંબંધ છે. સરકારી અધિકારીઓ નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી બને એ તેમની ફરજ છે એ વાત નાગરિકોના માહિતીના અધિકારમાંથી ઊભી થાય છે. સામાજિક જવાબદારીની વિભાવનાને સહભાગિતાની વિભાવના સાથે પણ ગાઢ સંબંધ છે. નાગરિકોની સહભાગિતાને લીધે જ ઉત્તરદાયિત્વનાં પરંપરાગત સ્વરૂપોથી સામાજિક ઉત્તરદાયિત્વ જુદું પડે છે.

અનેક કિસ્સાઓમાં નાગરિકો, સમુદાયો અને નાગરિક સમાજનાં સંગઠનો સામાજિક ઉત્તરદાયિત્વની પ્રવૃત્તિઓમાં માત્ર સહભાગી જ નથી થતાં પરંતુ તે તેઓ શરૂ કરે છે અને તેના ઉપર નિયંત્રણ ધરાવે છે. સામાજિક ઉત્તરદાયિત્વની વ્યવસ્થાઓથી ભ્રષ્ટાચારને ખાળી શકાય છે કારણ કે તેમાં સરકારની કામગીરી ઉપર દેખરેખ રખાય છે અને પારદર્શિતા માગવામાં આવે છે તથા વધારવામાં આવે છે. આ તમામ વ્યવસ્થાઓ જાહેર ક્ષેત્રના સુધારા માટે પૂરક બને છે કારણ કે તેમાં જાહેર સેવાઓ, દેખરેખ અને ઉત્તરદાયિત્વની માંગ ઊભી થાય છે.

### ૩. નાગરિકોનાં મંડળો અને સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસો

શાસનની સંસ્થાઓમાં દરમ્યાનગીરી જુદી જુદી રીતે થાય છે. જેમ કે, ફરિયાદ કરવી, વિરોધ કરવો, હિમાયત કરવી, સંવાદ કરવો, માહિતીની આપ-લે કરવી, નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર થવું, સેવાઓ પર દેખરેખ રાખી, નીતિવિષયક નિર્ણયો પર કાયમી અસર ઊભી કરવી વગેરે. નાગરિકોનાં મંડળો શાસનની સંસ્થાઓમાં નીચે મુજબની ત્રણ રીતોએ સામેલ થાય છે:

**(ક) અવાજ રજૂ કરવો:**
શાસનની સંસ્થાઓ છેવાડે રહી ગયેલા નાગરિકોની જરૂરિયાતો પ્રત્યે પ્રતિભાવાત્મક બને તે માટે નાગરિકોનાં મંડળો તેમનો અવાજ રજૂ કરે છે કે જેથી તેઓ સંસાધનો પ્રાપ્ત કરી શકે અને તેમના પર નિયંત્રણ ધરાવી શકે તથા ન્યાય અને પાયાની સામાજિક સેવાઓ પ્રાપ્ત કરી શકે.

**(ખ) વાટાઘાટો કરવી:**
નાગરિકોનાં મંડળો શક્તિશાળી વર્ગો સાથે વાટાઘાટો કરવા માટે નાગરિકોને પ્રોત્સાહન આપે છે, તેમને એકત્ર કરે છે, તેમને તેનું શિક્ષણ આપે છે અને તેમની ક્ષમતાનું નિર્માણ કરે છે. તેઓ સંઘર્ષોના નિવારણ માટે જાહેર અધિકારીઓ સાથે સંવાદ સાધે છે અને ઈચ્છિત વિકાસલક્ષી લક્ષ્યાંકો સિદ્ધ કરે છે.

**(ગ) વિશ્વસનીયતામાં વૃદ્ધિ:**
સમુદાયને સ્પર્શતી બાબતો વિશે સંવેદનશીલ બનીને, પ્રશ્નોની ઊંડાણપૂર્વક સમજ ઊભી કરીને અને સમાનતા તથા સામાજિક ન્યાય પ્રત્યે પ્રતિબદ્ધતા ધરાવીને નાગરિકોનાં મંડળો સમુદાયમાં અને શાસનની સંસ્થાઓમાં વિશ્વસનીયતા પ્રાપ્ત કરે છે. તેઓ જાગૃતિ ઊભી કરીને અને વિકાસલક્ષી કાર્યો કરવા માટે નાગરિકોને એકત્ર કરીને નાગરિકોના અવાજને ધારદાર રીતે રજૂ કરે છે. તેઓ સેવાઓ પૂરી પાડવા માટેના કાર્યક્રમો ઉપર દેખરેખ રાખીને અને તેમનું મૂલ્યાંકન કરીને તેમની લડતને સમર્થન પૂરું પાડે છે. જાહેર અધિકારીઓ સાથે સંવાદ સાધીને તેઓ સુધારાત્મક પગલાં માટે દબાણ લાવે છે. એ રીતે તેઓ સેવાઓની જોગવાઈમાં અસરકારકતા લાવે છે અને જાહેર નિર્ણય પ્રક્રિયાને પારદર્શક, સહભાગી અને ગરીબો તરફી બનાવે છે.

## નાગરિક મંડળોનાં માળખાં

### ૧. પંચાયત વિકાસ સમિતિ

તે ગ્રામ સભાના સક્રિય સભ્યોનું એક મંડળ છે. તે પંચાયત અને ગ્રામ સભા વચ્ચે કડી રૂપે કામ કરે છે. તે મહિલાઓ અને અન્ય છેવાડાનાં જૂથોની સહભાગિતા દ્વારા ગ્રામ સભાને સક્રિય બનાવે છે. તે સમતાપૂર્ણ અને સામાજિક રીતે ન્યાયી વિકાસ માટેના ગામ સ્તરના પ્રશ્નો વિશે ચર્ચા કરે છે અને તેમનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે. તે પંચાયતની પ્રતિભાવાત્મકતાને સુનિશ્ચિત કરે છે અને પંચાયતની

પ્રવૃત્તિઓ ઉપર દેખરેખ રાખીને પાયાની સેવાઓના પુરવઠાને ગુણવત્તાસભર બનાવવા માગે છે. એ માટે તે સરકારી કર્મચારીઓ તથા મધ્યાહ્ન ભોજન યોજના જેવી યોજનાઓ અને કાર્યક્રમો ઉપર પણ દેખરેખ રાખે છે. કાનૂની જોગવાઈઓનો અમલ થાય તે માટે પંચાયતમાં તે પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઈચ્છે છે.

દરેક પંચાયતમાં બે સક્રિય નાગરિકોને ઓળખી શકાય છે. તેમના સહિત ૧૨થી ૧૪ નાગરિક નેતાઓની એક સમિતિ બને છે જે પંચાયત વિકાસ સમિતિ છે. આ સમિતિ તેના ત્રણ પ્રતિનિધિઓ પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રી નક્કી કરે છે. તે પંચાયત, સંબંધિત અધિકારીઓ અને ગ્રામ સભાના સભ્યો વચ્ચેની કડી તરીકે કામ કરે છે. તે નિયમિતરૂપે મળે છે અને પાયાની સેવાઓ તથા અન્ય ઉપસ્થિત થતા વિકાસલક્ષી પ્રશ્નો વિશે અને તેમની વર્તમાન સ્થિતિ વિશે ચર્ચા કરે છે. 'ઉન્નતિ'ના કાર્યકરો આ બેઠકોને સુલભ બનાવે છે. દરેક બેઠક પછી કોઈક ને કોઈક પગલાં નક્કી થાય છે અને એ પગલાં અંગેની જવાબદારી પણ નક્કી થાય છે.

પંચાયત વિકાસ સમિતિ (પીવીસી)ના સભ્યો મોટે ભાગે ૧૮ છી ૩૫ની વયના પસંદ કરાય છે. ગામની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે કામ કરવાની તેમની વૃત્તિ અને કંઈક શીખીને નવું કરવાની તેમની વૃત્તિ અને કંઈક શીખીને નવું જ્ઞાન પ્રયોજવાની તેમની આતુરતાને આધારે તેમની પસંદગી કરવામાં આવે છે. સામાન્ય લેખન-વાચનનું કૌશલ્ય ધરાવતા હોય એ જરૂરી છે કારણ કે તેમણે રોજેરોજ કોઈક ને કોઈક મહિતી સાથે પનારો પાડવાનો હોય છે. દરેક સભ્ય વિશેની માહિતી ભેગી કરવામાં આવે છે. તેમાં લગભગ ૩૩ ટકા સભ્યો મહિલાઓ છે.

### ૨. ક્ષેત્રીય વિકાસ સમિતિ (કેવીએસ)

પંચાયત વિકાસ સમિતિઓનું આ તાલુકા સ્તરનું નેટવર્ક છે. દરેક પંચાયત વિકાસ સમિતિના બે સક્રિય નાગરિક નેતાઓની ક્ષેત્રીય વિકાસ સમિતિ બને છે. ક્ષેત્રીય વિકાસ સમિતિમાં આશરે ૧૫ થી ૨૦ સભ્યો હોય છે. તે તાલુક સ્તરે નિયમિત રીતે મળે છે અને પાયાની સેવાઓ તથા ઉપસ્થિત થતા અન્ય વિકાસલક્ષી પ્રશ્નોની વર્તમાન સ્થિતિ વિશે ચર્ચા કરે છે.

### ૩. મહિલા વિકાસ સમિતિ

મહિલા નાગરિક નેતાઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના તાલુકા સ્તરના નેટવર્ક તરીકે મહિલા વિકાસ સમિતિ (એમવીએસ) બનાવવામાં આવે છે. તેમાં ૧૭થી ૨૦ સભ્યોની કારોબારી સમિતિ હોય છે. કારોબારી સમિતિના દરેક સભ્ય નજીક નજીકનાં ત્રણ ગામોની જવાબદારી લે છે. કારોબારી સમિતિના સભ્યો ત્રણ-ત્રણ ગામોની જવાબદારી લે છે. તેઓ સ્થાનિક મહિલાઓ અને નેતાઓ સાથે અડધા દિવસની બેઠક યોજે છે અને આરોગ્ય, પીવાનું પાણી અને અન્ય પાયાની સેવાઓ વિશે ચર્ચા કરે છે. તેઓ તેમના ઘરેથી જ અનૌપચારિક એવું માહિતી કેન્દ્ર ચલાવે છે. દરેક મહિલા ૧૬ વર્ષથી વધુ વયુની હોય છે. મહિલા વિકાસ સમિતિની કારોબારીની દર બે મહિને બેઠક યોજાય છે. 'ઉન્નતિ' દ્વારા સ્થાપવામાં આવેલા 'પંચાયત સંસાધન કેન્દ્ર' (પીઆરસી) દ્વારા આ બેઠકો સુલભ બનાવવામાં આવે છે.

## નાગરિકોનાં મંડળો દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસો

પાયાની સેવાઓ ઉપર દેખરેખ રાખવાના અને શાસનની સંસ્થાઓ પ્રતિભાવાત્મક બને તે માટેના જે પ્રયાસો નાગરિક મંડળો દ્વારા કરાયા અને સામાજિક ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે જે પ્રયાસો થયા તેનાં ઉદાહરણો અહીં આપવામાં આવ્યાં છેઃ

### ૧. મધ્યાહ્ન ભોજન યોજના ઉપર દેખરેખ

ધોળકા તાલુકાના સંથાલ ગામની પંચાયત વિકાસ સમિતિને મધ્યાહ્ન ભોજન યોજનામાં શાળાનાં બાળકોને અપાતા ભોજનની ગુણવત્તા વિશે ચિંતા હતી. મધ્યાહ્ન ભોજન યોજનાના સંગઠક હલકી ગુણવત્તાવાળું ભોજન આપતા હતા અને અનાજ પોતાને ઘેર રાખતા હતા. સમિતિના સભ્યોએ મધ્યાહ્ન ભોજન યોજના ઉપર દેખરેખ રાખવાનું શરૂ કર્યું. કારણ કે તેમને લાગ્યું કે યોજનાના અમલમાં ગેરરીતિ થાય છે, તેમાં ખામીઓ છે અને તેની વિપરીત અસર બાળકો ઉપર થાય છે. પોતાની માસિક બેઠકમાં ચર્ચા કર્યા બાદ સમિતિએ એક મહિના માટે યોજનાના અમલ ઉપર દેખરેખ રાખવાનું નક્કી કર્યું.

પંચાયત વિકાસ સમિતિનાં ઉપપ્રમુખ શ્રી મીનાબહેન પટેલના નેતૃત્વ હેઠલ મહિલાઓએ યોજના પરની દેખરેખની જવાબદારી સ્વીકારી. તેમણે ત્રણ જણાની એક નાની સમિતિ બનાવી. તે રોજેરોજ શાળાએ જાય, તપાસ કરે અને નક્કી કરેલા માળખામાં તેની નોંધ કરે એમ નક્કી થયું. શાળામાં હાજરી આપતાં બાળકો, શાળામાં ભોજન લેતાં બાળકોની સંખ્યા, ભોજનની વસ્તુઓ અને ઉપયોગમાં લેવાયેલા કાચા માલની ગુણવત્તા વગેરેની તેઓ નોંધ કરતા હતા.

એક મહિના સુધી રવિવાર સિવાયના તમામ દિવસોએ આ તમામ બાબતો નોંધવામાં આવી. એક મહિના સુધી સતત સઘન દેખરેખ રાખ્યા બાદ પંચાયત વિકાસ સમિતિએ એ માહિતી એક બેઠકમાં સરપંચ અને ગામના લોકોને આપી. પછી તેમણે મામલતદાર સમક્ષ

લેખિત ફરિયાદ નોંધાવી. સંગઠકે પહેલાં તો એનો વિરોધ જ કર્યો પણ સરપંચ અને સમુદાયે તેમાં સાથ આપ્યો એટલે તેઓ કશું ઝાઝું કરી શક્યા નહિ. એક વાર તો બાળકો માટે રાંધેલા ભોજનમાંથી ગરોળી પણ મળી આવી હતી. એ ઘટનાને માધ્યમોમાં વ્યાપક પ્રસિદ્ધિ આપવામાં આવી હતી. સંગઠકે જાહેરમાં પોતાની ભૂલ સ્વીકારી અને માફી માગી. દેખરેખની પ્રક્રિયાને લીધે ભોજનની ગુણવત્તા સુધરી. અનાજનો જથ્થો પછી શાળાના પ્રાંગણમાં લાવવામાં આવ્યો. જથ્થાનું પત્રક હવે નિયમિત રીતે લખવામાં આવે છે. 'પંચાયત વિકાસ સમિતિ'ને સેવાઓ પર દેખરેખ રાખવાનું મહત્ત્વ સમજાયું. સમગ્ર પ્રક્રિયાને સંસ્થાગત સ્વરૂપ અપાયું. 'પંચાયત વિકાસ સમિતિ' સમયે સમયે શાળાની મુલાકાત લે છે. હવે સંગઠક તેનું કામ છોડી દેવા માગે છે. સમુદાય અને સરપંચે એ કામ મીનાબહેન પટેલને સોંપવાનું નક્કી કર્યું છે.

### ૨. ગ્રામ સ્તરના કર્મચારીઓ પર દેખરેખ

લઘુતમ રીતે સારું જીવનધોરણ મેળવવા માટે પાયાની સેવાઓની પ્રાપ્તિ અગત્યની છે. પાયાની સેવાઓ ઉપર દેખરેખ એ 'પંચાયત વિકાસ સમિતિ'ની મહત્ત્વની દરમ્યાનગીરી છે.

'પંચાયત વિકાસ સમિતિ' પાયાની સેવાઓ ઉપર દેખરેખ રાખે છે અને તે પરિસ્થિતિમાં કંઈક પરિવર્તન લાવે છે. પરંતુ બીજા ઘણા મોરચે નિષ્ફળ ગઈ છે કારણ કે સરકારી કર્મચારીઓ તેને ટેકો આપતા નહોતા. એએનએમ, આંગણવાડી કાર્યકર અને નિરીક્ષક, શિક્ષક, ગ્રામ સેવક, મેલેરિયા કાર્યકર વગેરે જેવા અનેક કર્મચારી સરકાર પૂરા પાડે છે અને તેમની નિમણૂક કરે છે. આરોગ્ય, શિક્ષણ, રાહતના દરે અનાજ અને પીવાનું પાણી જેવી કોઈ પણ સેવાઓ સફળ રીતે ગામડાંમાં પૂરી પાડવાનો આધાર સરકારી કર્મચારીઓ ગામમાં કેવી રીતે કામ કરે છે તેના ઉપર રહે છે.

નેસડા ગામમાં 'પંચાયત વિકાસ સમિતિ'એ તેની એક બેઠકમાં એ મુદ્દે ચર્ચા કરી કે લોકો ગામ સ્તરના સરકારી કર્મચારીઓની કામગીરીથી જ માહિતગાર નથી કે જેઓ ગામમાં તેમને સેવાઓ પૂરી પાડવા માટે જવાબદાર છે. તેઓ ગામની મુલાકાત કયા સમયે લે છે તેની પણ તેમને ખબર નહોતી. જરૂર પડે ત્યારે તેમનો સંપર્ક કરવાનું પણ ખૂબ જ મુશ્કેલ હતું. ગામ સ્તરના સરકારી કર્મચારીઓની કાર્યશૈલી જ એવી હતી કે તેઓ ગામને કે પંચાયતને જવાબદાર હોય જ નહિ.

તેમને લાગ્યું કે હવે એવો સમય આવી ગયો છે કે 'પંચાયત વિકાસ સમિતિ' સરકારી કર્મચારીઓ સાથે સહકાર સાધીને પાયાની સેવાઓની ગુણવત્તા સુધારવા માટે પ્રાયસ કરે એ જરૂરી છે. ધોળકા તાલુકાની 'ક્ષેત્રીય વિકાસ સમિતિ'ની બેઠકમાં પણ આ મુદ્દાની ચર્ચા થઈ. સમિતિની બેઠકમાં પણ આ મુદ્દાની ચર્ચા થઈ. 'ક્ષેત્રીય વિકાસ સમિતિ'એ ગામ સ્તરના સરકારી કર્મચારીઓ સાતે એક દિવસની ચર્ચા સભા યોજી. તેઓ તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ)ને મળ્યાં અને એ સભાનું મહત્ત્વ સમજાવ્યું. તેમણે ટીડીઓને વિનંતી કરી કે તેઓ તમામ સરકારી કર્મચારીઓને એ સભામાં હાજર રહેવા માટે અને જરૂરી માહિતી પૂરી પાડવા માટે આદેશ આપે. ગ્રામજનો અને સરકારી કર્મચારીઓ વચ્ચે તેમની જવાબદારીઓ અને ભૂમિકાઓ વિશે સંવાદ ઊભો કરવાનો આ ચર્ચા સભાનો હેતુ હતો. સમિતિના સભ્યોએ ગામના પ્રવેશદ્વાર આગળ એક બોર્ડ મૂકવાનો નિર્ણય કર્યો અને તેમાં ગામમાં આવનાર દરેક સરકારી કર્મચારી આવે-જાય ત્યારે સહી કરે અને સમય લખે. આરંભમાં 'પંચાયત વિકાસ સમિતિ'ના સભ્યોએ તલાટીને ઉત્તરદાયી બનાવવાનો પ્રયાસ કર્યો. તલાટીએ તેનો ઈન્કાર કર્યો અને કહ્યું કે તે કંઈ તલાટીએ તેનો ઈન્કાર કર્યો અને કહ્યું કે તે કંઈ એકલા એવા સરકારી કર્મચારી નથી કે જે ગામની મુલાકાત લે છે, એટલે અન્ય કર્મચારીઓ પણ તેમની મુલાકાત નોંધે. તેથી એવું નક્કી કરવામાં આવ્યું કે તમામ સરકારી કર્મચારીઓ તેમાં નોંધ કરે. એટલે ગ્રામ સેવક, ગ્રામ આરોગ્ય કાર્યકર, આંગણવાડી કાર્યકર, મેલેરિયા કાર્યકર વગેરે પણ બોર્ડમાં પોતાનું નામ અને આવવા-જવાનો સમય નોંધે, કે જેમની મુલાકાતો અને સેવાઓ ગામ માટે ખૂબ જ મહત્ત્વની છે.

ચર્ચા-વિચારણા બાદ છેવટે આ બોર્ડ મૂકવામાં આવ્યું. બોર્ડ જ્યાં મૂકવામાં આવ્યું હતું તેની બરાબર સામે જ એક દુકાન હતી અને ત્યાં ચોક રાખવામાં આવ્યા હતા. જ્યારે સરકારી કર્મચારી ગામમાં આવે ત્યારે તે દુકાનમાંથી ચોક લે અને તેમનું નામ તથા સમય નોંધે. વિમર્શ સભા બાદ ગામની પાયાની સેવાઓમાં ખાસ્સો સુધારો થયો. ઘણા બધા વ્યવહારુ પ્રશ્નોનો ઉકેલ આવી ગયો. લોકોને કયા દિવસે અને કયા સમયે તલાટી અને અન્ય સરકારી કર્મચારીઓ ગામમાં આવે છે તેની ખબર પડી ગઈ. ગામમાં મહત્તમ લોકોને તેમની સેવાઓનો લાભ મળે તેના રસ્તા તેમણે શોધી કાઢ્યા. શિક્ષકો નિયમિત થઈ ગયા. એએનએમ હવે નિયમિત આવે છે અને તમામ લોકોની મુલાકાત લે છે. તલાટી પણ નિયમિત આવે છે અને લોકોને સહકાર આપે છે. વાજબી ભાવની દુકાનેથી નિયત સમયે અનાજ વેચવામાં આવે છે. ગામ સ્તરના સરકારી કર્મચારીઓ ઉપરની આ દેખરેખની સફળતાએ ધોળકા તાલુકા માટે એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. અન્ય પંચાયતો પણ આવું બોર્ડ મૂકવાનું વિચારી રહી છે.

### ૩. સામુદાયિક અસ્કામત સર્જન ઉપર દેખરેખ

નેસડા ગામમાં દલિતવાસમાં પાકો રસ્તો નહોતો. તેને પરિણામે

બાળકોના શિક્ષણ સહિતની ઘણી બધી સામાજિક સમસ્યાઓ ઊભી થતી હતી. ચોમાસા દરમ્યાન ફળિયાનો કાચો રસ્તો ખાડા અને કાદવવાળો થઈ જતો હતો. આવા રસ્તા ઉપર ચાલવાની પણ મુસીબત ઊભી થતી હતી. ચોમાસા દરમ્યાન બાળકો મોટે ભાગે શાળાએ જતાં જ નહોતા. 'પંચાયત વિકાસ સમિતિ'એ તેની માસિક બેઠકમાં આ વિશે ચર્ચા કરી અને આ સમસ્યા વિશે પંચાયત સાથે વાત કરવાનો નિર્ણય લીધો. તેઓ સરપંચ અને પંચાયતના અન્ય સભ્યોને મળ્યા અને તેમની સાથે આ મુદ્દે ચર્ચા કરી. પરંતુ પંચાયતને મનાવવા માટે તેમની સાથે અનેક બેઠકો યોજવી પડી અને છેવટે ગ્રામ પંચાયતે દલિત ફળિયામાં રસ્તો બાંધવા માટે મંજૂરી આપી. પરંતુ આ મંજૂરીથી કંઈ સમસ્યાનો ઉકેલ આવ્યો નહિ. 'પંચાયત વિકાસ સમિતિ' જાણતી હતી કે જો બાંધકામની ગુણવત્તા સારી નહિ હોય તો આગામી ચોમાસા દરમ્યાન દલિત ફળિયાના લોકોને ફરી એ જ સમસ્યાનો સામનો કરવો પડશે. તેથી તેમણે રસ્તા બાંધકામ ઉપર દેખરેખ રાખવાનું નક્કી કર્યું. સરપંચ ગમે તેવો રસ્તો ઓછામાં ઓછા ખર્ચે બાંધવા માગતા હતા. 'પંચાયત વિકાસ સમિતિ'ના સભ્યો સરપંચ અને પંચાયતના અન્ય સભ્યોને મળ્યા અને એમ જણાવ્યું કે રસ્તો સારી ગુણવત્તાવાળો બંધાય એ જરૂરી છે. જો કે, ગુણવત્તા ઉપર ભાર મુકાયો એનાથી પંચાયતને ગમ્યું નહિ, પરંતુ તેણે 'પંચાયત વિકાસ સમિતિ'નું સૂચન સ્વીકારવું પડ્યું. 'પંચાયત વિકાસ સમિતિ'ના સભ્યો રસ્તો બંધાતો હતો ત્યારે હાજર રહેતા હતા અને સિમેન્ટ, કોંક્રિટ, પથ્થર, રેતી વગેરેનું મિશ્રણ થતું હતું ત્યારે તે બધા વચ્ચેનું પ્રમાણ બરાબર જળવાય તે માટે તેમણે ધ્યાન રાખ્યું. આમ, 'પંચાયત વિકાસ સમિતિ'ના સાતત્યપૂર્વકના પ્રયાસોને લીધે સારી ગુણવત્તાવાળા રસ્તાનું બાંધકામ થયું.

### ૪. વાજબી ભાવની દુકાનના દુકાનદાર સામે પગલાં

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાની ડેરોલ ગ્રામ પંચાયતની 'મહિલા વિકાસ સમિતિ' જાહેર વિતરણ વ્યવસ્થાની સેવાઓ સુધરે તે માટે કાર્યગત ઉકેલ લાવવામાં સફળ રહી. ડેરોલ ગ્રામ પંચાયતના વિસ્તારમાં એક ફળિયામાં 'પંચાયત વિકાસ સમિતિ'ની બેઠક દરમ્યાન એક મુસીબતભરી ઘટના બની હતી. એક મહિલાએ જાત પર કેરોસિન છાંટીને સળગી જવાનો પ્રયાસ કર્યો. કારણ કે વાજબી ભાવની દુકાનેથી તેને મળવું જોઈએ તે પ્રમાણમાં કેરોસિન મળ્યું નહોતું. ગ્રામવાસીઓએ તેને તેમ કરતાં રોકી હતી. મહિલા વિકાસ સમિતિ તરત જ કામે લાગી ગઈ. તેમણે મામલતદારને તપાસ કરવા અને દુકાનદારને હટાવવા માગણી કરી. તેમણે તપાસ અધિકારી સાથે વાટાઘાટો કરી અને એ બાબત સુનિશ્ચિત કરી કે દર મહિને એક વાર ગામમાં કેરોસિન આવે છે તેને બદલે ૧૫ દિવસે એક વાર, એમ, બે હપતામાં કેરોસિન આવે. તેમણે એમ પણ નક્કી કરાવડાવ્યું કે દુકાનદાર બિલ બૂક ઘેર ના લઈ જાય, સ્ત્રીઓ અને પુરુષોની અલગ અલગ કતાર થાય, કાળાં બજાર ના થાય તે માટે એક જણને એકસાથે માત્ર એક પરિવારનું જ કેરોસિન અપાય. જેઓ બળજબરીથી નિયમનો ભંગ કરે છે અને વધુ કેરોસિન લઈ જાય છે તેમની સામે પગલાં ભરવામાં આવે એ પણ નક્કી થયું.

### ૫. પાયાની જરૂરિયાતો પૂરી પાડવી

હિંમતનગર તાલુકાના હમીરગઢ ગામમાં અનેક પરિવારો ઘરવિહોણા છે કારણ કે તેમની પાસે ઘર બાંધવા માટે જમીનના પ્લોટ નથી. 'પંચાયત વિકાસ સમિતિ'એ ગામની આ સમસ્યાની ચર્ચા તેની બેઠકોમાં કરી. તેમણે આવાસનો આ પ્રશ્ન હાથ ધરવાનું નક્કી કર્યું. અને જ્યાં સુધી સમસ્યાનો ઉકેલ ના આવે ત્યાં સુધી તેની પાછળ મંડયા રહેવાનું પણ નક્કી કર્યું:

તેમણે પંચાયતને આવા લોકોને જમીન ફાળવવા માટે વિનંતી કરી. તેમને ખબર પડી કે ગામમાં આ હેતુ માટે ફાળવવા માટે જમીન છે જે નહિ. જે જમીન ફાળવી શકાય તેમ છે તે જમીન તો ટેકરિયાળ છે કે જેના ઉપર ઘર બાંધી શકાય તેમ પણ નથી. 'પંચાયત વિકાસ સમિતિ'એ પંચાયતને એવું સૂચન કર્યું કે ટેકરિયાળ જમીનને સમથળ બનાવવી. આરંભમાં પંચાયતે સંમતિ ના આપી. 'પંચાયત વિકાસ સમિતિ'ના સભ્યો આ મુદ્દો પંચાયતના સભ્યોને સમજાવવા માટે સતત મળતા રહ્યા અને છેવટે કામ પત્યું. પંચાયતે છેવટે 'પંચાયત વિકાસ સમિતિ'ની વિનંતી સ્વીકારી અને જમીનને સમથળ કરવાનું કામ હાથ ધર્યું. આજે ઘરવિહોણા પરિવારને ઘર બાંધવા માટે જમીન ફાળવાઈ છે, અને ઘરોનું બાંધકામ ચાલુ થઈ ગયું છે.

## પ્રતિભાવાત્મકતાની પ્રક્રિયા

ઉપર જે પ્રયાસો જણાવવામાં આવ્યા છે તે સામૂહિક હિતની રજૂઆત અને દરમ્યાનગીરીના કિસ્સા છે જે પગલાં ભરવામાં આવ્યાં, સામાજિક ઉત્તરદાયિત્વ માટે જે તંત્ર વિકસાવાયું અને શાસનની સંસ્થાઓની પ્રતિભાવાત્મકતા વિકસાવવા માટે જે કામ કરાયું તેની વિગતો ટૂંકમાં નીચે મુજબ છેઃ

### ૧. પગલાં

### (ક) પ્રાથમિક સમસ્યાઓની ઓળખ

નાગરિક મંડળોની દર મહિને બેઠક યોજાતી હતી અને દરેક સમુદાયને જે તે સ્થળે કઈ સમસ્યાઓ નડે છે એને વિશે એમાં ચર્ચા થતી હતી. આ મંડળોએ પ્રાથમિકતા ધરાવતી સમસ્યાઓને નક્કી કરી કે જે સમગ્ર સમુદાયને સ્પર્શતી હતી. સમસ્યા ઉકેલવાની શરૂઆત ક્યાંથી કરવી તે પણ તેમણે નક્કી કર્યું. અને વિકાસ માટેની વ્યૂહરચનાઓ

પણ ઘડી. દા.ત. મધ્યાહ્ન ભોજન યોજના અન્વયે શાળેય બાળકોને આપવામાં આવતા આહારની ગુણવત્તા, ગામ સ્તરના કર્મચારીઓમાં ઉત્તરદાયિત્વનો અભાવ, આવાસની સમસ્યા, જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ)માં ભ્રષ્ટાચાર વગેરે મુદ્દાઓથી 'પંચાયત વિકાસ સમિતિ', 'મહિલા વિકાસ સમિતિ' અને 'ક્ષેત્રીય વિકાસ સમિતિ'એ પ્રવેશ મેળવ્યો, અને વિકાસલક્ષી વ્યૂહરચના અંગે કામ કર્યું:

### (ખ) માહિતીના પાયાનું નિર્માણ

ઉપયોગી માહિતી મેળવવી કે ઊભી કરવી અને વિશ્વસનીય પુરાવા ઊભા કે જેથી જાહેર અધિકારીઓને જવાબદારી ઠેરવી શકાય એ સામાજિક ઉત્તરદાયિત્વનું એક અત્યંત મહત્ત્વનું પાસું છે. સામાજિક ઉત્તરદાયિત્વ અંગે જે પ્રયાસો કરવામાં આવ્યા તેમાં જાગૃતિ વધારવા, સ્થાનિક સ્તરે લોકોને એકત્ર કરવા અને શાસનની સંસ્થાઓને ઉત્તરદાયી બનાવવા માટે લોકો પાસેથી જ માહિતી એકત્ર કરવામાં આવી.

પ્રસ્તુતમ માહિતી ઊભી કરવાનો હેતુ એ હતો કે લોકોની માગણીઓ પંચાયત અને સરકારી ખાતાં સ્વીકારે તેમ જ લોકો સાથે તેઓ સંવાદ સાધે તે માટે તેમના પર દબાણ આવે. મધ્યાહન ભોજન યોજનાના અમલ, ગામ સ્તરના સરકારી કર્મચારીઓની પ્રવૃત્તિઓ અને ઘરવિહોણા પરિવારો માટે સામુદાયિક અસ્કામતોના સર્જન ઉપર નિયમિત દેખરેખ રાખીને 'પંચાયત વિકાસ સમિતિ'એ માહિતી ભેગી કરી હતી.

### (ગ) લોકો દ્વારા કાર્ય

સમસ્યાનો જે મુદ્દો છે તે બધા સમજે અને એ અંગે કંઈક કરવા માટે લોકો માહિતી મેળવે અને પ્રોત્સાહન મેળવે ત્યારે તેમાં કોઈક નવો જ વળાંક આવે છે. જે કંઈ પ્રયાસો કરવામાં આવ્યા તે બધામાં વ્યવસ્થા તંત્ર પ્રતિભાવાત્મક અને ઉત્તરદાયી બને તે માટે મુદ્દાઓ વિશે હંમેશાં બધા સાથે પરામર્શ કરાયો. ધોળકામાં અને સાબરકાંઠામાં તાલુકાઓમાં 'પંચાયત વિકાસ સમિતિ'એ દેખરેખને આધારે જે તારણો મળ્યાં તે બધાં સરકારી અધિકારીઓ અને સમુદાય સૌને જણાવ્યાં. તેને કારણે લોકોમાં વિધાયક છાપ ઊભી થઈ. તેનાથી તેમને માહિતી તો મળી જ પણ સાથે સાથે કાર્ય કરવા માટે પ્રોત્સાહન મળ્યું.

### (ઘ) જોડાણ અને કડીઓ દ્વારા સમર્થન મેળવવું

સરકારી અધિકારીઓ જેવા ચાવીરૂપ સહભાગીઓ સાથે ભાગીદારી એ સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસોનું એક કેન્દ્રીય પાસું રહ્યું કે જેથી શાસનની સંસ્થાઓની પ્રતિભાવત્મકાતા ઊભી થાય. નાગરિક મંડળોએ સરકારી અધિકારીઓનો ટેકો મેળવવા માટે તેમને એ પ્રક્રિયામાં સામેલ કર્યા અને પોતાના પ્રયાસો વિશે તેમને માહિતી આપી. દા.ત. 'ક્ષેત્રીય વિકાસ સમિતિ' અને 'મહિલા વિકાસ સમિતિ'એ તાલુકા સ્તરના અધિકારીઓ સાથે તાલુકા સ્તરના સામુદાયિક હિતો વિશે ચર્ચા કરી.

### (ચ) પ્રતિભાવાત્મકતા ઊભી કરવી

સામાજિક ઉત્તરદાયિત્વ માટેના પ્રયાસોનું સૌથી વધુ પડકારજનક કાર્ય એ હતું કે જાહેર અધિકારીઓની પ્રતિભાવાત્મકતા ઊભી કરવી અને વાસ્તવિક સ્વરૂપે પરિવર્તન લાવવું. અમુક પરિસ્થિતિના સંદર્ભમાં પ્રતિભાવ મેળવવો એવું જ મોટે ભાગે નાગરિક મંડળોએ કર્યું હતું. તેમાં વ્યૂહરચના એવી હતી કે સંબંધિત સરકારી ખાતાઓ સાથે સીધી વાતચીત કરવી અને વાટાઘાટો કરવી. 'પંચાયત વિકાસ સમિતિ' અને 'ક્ષેત્રિય વિકાસ સમિતિ' એ સતત સંવાદ અને પરામર્શ ચાલુ રહે તેને સંસ્થાગત સ્વરૂપ આપ્યું છે. પરિવર્તન લાવવા તેમણે સમજાવટ અને દબાણ માટે અનૌપચારિક અને ઔપચારિક અનેક રસ્તા અપનાવ્યા.

## ૨. સામાજિક ઉત્તરદાયિત્વની વ્યવસ્થાઓ

### (ક) માહિતીની આપલે

માહિતીની આપલે કરવાની અને સંબંધિત અધિકારીઓને જે તે મુદ્દા વિશે આવેદનપત્ર સુપરત કરવાની વ્યૂહરચના પ્રશ્નને ઉકેલવામાં કામે લાગી. નિયમિત દેખરેખ રાખીને 'પંચાયત વિકાસ સમિતિ'એ મધ્યાહ્ન ભોજન યોજનાના અમલ વિશે માહિતી ભેગી કરી અને ગામ સ્તરના કર્મચારીઓની પ્રવૃત્તિઓની પર નજર રાખી. સ્થાનિક સામુદાયિક અસ્કામતોની સમજને લીધે 'પંચાયત વિકાસ સમિતિ' પંચાયતને જમીન સમથળ કરવા માટે સમજાવી શકી. જાહેર વિતરણ વ્યવસ્થામાં કેરોસિનનો પુરવઠો અપૂરતો હોવા વિશેની માહિતી 'પંચાયત વિકાસ સમિતિ'એ ભેગી કરી તેને લીધે તે સમસ્યાનો તત્કાળ ઉકેલ લાવવા માટે યોગ્ય પગલાં લેવા દબાણ લાવી શકાય.

### (ખ) પરામર્શ

લોકો શું માને છે તે વિશે માહિતી ભેગી કરવાનો એક સ્રોત પરામર્શ છે. ગ્રામવાસીઓ અને સરકારી કર્મચારીઓ વચ્ચે સંપર્કનો જ અભાવ હતો એ ધોળકામાં 'પંચાયત વિકાસ સમિતિ' માટે મોટી સમસ્યા હતી. અધિકારીઓ અને 'પંચાયત વિકાસ સમિતિ'ના સભ્યો વચ્ચે પરામર્શ થવાને પરિણામે ગ્રામવાસીઓને એ અધિકારીઓની પ્રાપ્યતા અને તેમના કામો વિશેની માહિતી મળી. ગામ સ્તરના કર્મચારીઓ સાથે વધારે સારું સંકલન સધાયું. તેમણે જ્યાં જરૂરી હોય ત્યાં ટેકો પૂરો પાડવાનું શરૂ કર્યું. આરોગ્ય સંભાળનાં પગલાં, ગામમાં સફાઈ અને બાળકોના શિક્ષણમાં તેમનો ટેકો મળી રહ્યો.

### (ગ) લોબીંગ

નિયમિત રીતે સ્થાનિક અધિકારીઓને મળીને, બેઠકોમાં ભાગ લઈને

અને પોતાનાં મંતવ્યો તેમને જણાવીને નાગરિક મંડળોએ શાસનની સંસ્થાઓ ઉપર પ્રભાવ પાડ્યો. 'ક્ષેત્રીય વિકાસ સમિતિ' અને 'મહિલા વિકાસ સમિતિ'એ સેવાઓને પ્રતિભાવાત્મક બનાવવા માટે તાલુકા વિકાસ અધિકાર (ટીડીઓ) ઉપર દબાણ આણ્યું. તેનું સારું પરિણામ આવ્યું. સરકારી કર્મચારીઓને તેઓ બરાબર સેવાઓ પૂરી પાડે તે માટે દબાણ કરાયું. યોજનાઓનો અમલ થયો.

**(ઘ) સંપર્ક**

નાગરિક મંડળોએ તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયત સાથે નિયમિત રીતે સંપર્ક જાળવ્યો. શિક્ષણ, આરોગ્ય, મધ્યાહ્ન ભોજન, આવાસ જાહેર વિતરણ વ્યવસ્થા અને આદિવાસી પેટા યોજના જેવા મુદ્દાઓ વિશે તેમની સાથે તેમણે બેઠકો યોજી. વ્યવસ્થા ઉત્તરદાયી બને તે માટે તેમના ઉપર દબાણ ઊભું કરવામાં આવ્યું.

### ૩. શાસનની સંસ્થાઓની પ્રતિભાવાત્મકતા

પ્રતિભાવાત્મકતાનો અર્થ એ છે કે શાસનની સંસ્થાઓ લોકોનાં મંતવ્યો, ફરિયાદો અને સૂચનો પર કેટલું ધ્યાન આપે છે અને તેને આધારે પોતાનાં માળખાંમાં, પોતાની કાર્યશૈલીમાં અને સેવાઓ પૂરી પાડવાની તરાહમાં કેટલો ફેરફાર કરે છે તે. સરકારી અધિકારીઓને પ્રતિભાવાત્મક બનાવવા અને પરિવર્તન લાવવું એ ખરેખર જ એક પડકારજનક કાર્ય છે. 'પંચાયત વિકાસ સમિતિ' દ્વારા આ માટે જે રીતો અપનાવવામાં આવી તે મોટે ભાગે અમુક પરિસ્થિતિઓ માટે અનુકૂળતા ઊભી કરનારી તક જોઈને ઊભી થયેલી હતી. જે તે સરકારી અધિકારીઓને સીધો સંપર્ક કરીને તેમની સાથે સંવાદ કરવાની વ્યૂહરચના અપનાવવામાં આવી હતી.

દા.ત. તાલુકા વિકાસ અધિકારી સાથે સીધી ચર્ચા કરવામાં આવી તો તેઓ સેવા આપવા અંગે અને પ્રાથમિકતાઓ અંગે પરામર્શ કરવા માટે તૈયાર થયા. સીધો સંવાદ કરવામાં આવ્યો તેથી સરકારી કર્મચારીઓનાં કાર્યો લોકોને જાણવા મળે તેવું સંસ્થાગત સ્વરૂપ ઊભું થયું. દા.ત. ગામ સ્તરના સરકારી કર્મચારીઓ સાથે પરામર્શ કરવાથી સમુદાય માટે સાનુકૂળતા ઊભી થઈ. શિક્ષકો નિયમિત બન્યા. એએનેમ પણ નિયમિત બન્યા. વાજબી ભાવની દુકાનેથી નિર્ધારિત સમયે વસ્તુઓ વેચાવા માંડી. ગામ સ્તરની દેખરેખની આ સફળતાએ ધોળકા તાલુકામાં એક ઉદાહરણ બેસાડ્યું. અન્ય પંચાયતો પણ એવાં જ બોર્ડ મૂકવાનું વિચારી રહી છે.

## સામાજિક ઉત્તરદાયિત્વઃ સફળતા માટે મહત્ત્વનાં પરિબળો

સામાજિક ઉત્તરદાયિત્વના આ પ્રયાસો જે પરિસ્થિતિ ઊભી થાય તેના સંદર્ભમાં કરવામાં આવ્યા હતા. તેથી તેમની સફળતા અનેક પરિબળો પર આધારિત હતી. તેમાંનાં કેટલાંક પરિબળોની ચર્ચા નીચે કરવામાં આવી છેઃ

### ૧. 'ઉન્નતિ'ની દરમ્યાનગીરી / પ્રોજેક્ટ

'ઉન્નતિ'એ ગ્રામ વિસ્તારોમાં નાગરિક સમાજ નિર્માણ માટે જે કાર્યક્રમ હાથ ધર્યો છે તેના ભાગરૂપે નાગરિક મંડળોને અને નાગરિક નેતૃત્વને મજબૂત કરવાનું નક્કી કરવામાં આવ્યું અને તેથી 'પંચાયત વિકાસ સમિતિ', 'ક્ષેત્રીય વિકાસ સમિતિ' અને 'મહિલા વિકાસ સમિતિ'ની રચના કરવામાં આવી. વિકાસની પ્રક્રિયામાં છેવાડાના લોકોની સહભાગિતા વધે અને પાયાની સેવાઓની સ્થિતિ સુધરે તે માટે નાગરિક મંડળો અને નાગરિક નેતાઓને મજબૂત કરવાનું ધ્યેય રાખવામાં આવ્યું. છેવાડાના લોકો રાજકીય રીતે સક્ષમ બને અને નિર્ણય પ્રક્રિયામાં તેમનો સમાવેશ થાય તથા તેમની સહભાગિતા વધે એ પણ તેનો ઉદ્દેશ હતો. આ દરમ્યાનગીરીઓ ૨૦૦૩-૦૬ દરમ્યાન થઈ હતી. અગાઉ તેમનો સંપર્ક માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે જ હતો. નાગરિકોને કેન્દ્રમાં રાખીને કામ કરવાની શરૂઆત ૨૦૦૨માં થઈ. લગભગ આ સમયે જ 'પંચાયત વિકાસ સમિતિ' જેવું નાગરિક મંડળ રચવાનો વિચાર આવ્યો હતો.

### ૨. 'ઉન્નતિ'નો ક્ષમતાનિર્માણ માટે ટેકો

નાગરિકોના મંડળો માટે તાલીમ કાર્યક્રમો યોજાયા. માહિતી, દૃષ્ટિકોણ વિકાસ અને કૌશલ્ય વિકાસ એમ ત્રણેનું તેમાં સંયોજન કરવામાં આવ્યું. જૂથ નિર્માણ, નેતૃત્વ અને આંતરવૈયક્તિક કૌશલ્ય વિકાસ જેવી બાબતો વિશે તેમને અભિમુખ કરાયાં. ગ્રામ પંચાયતની કામગીરી, પંચાયત ધારો, ગ્રાન્ટ અને યોજનાઓ વગેરે બાબતો ઉપર તાલીમ કાર્યક્રમોમાં ધ્યાન અપાયું કે જેથી સ્થાનિક શાસન વિશે દૃષ્ટિકોણ ઊભો થાય. નાગરિક નેતાઓને વ્યક્તિગત રીતે પંચાયતની વિકાસની જરૂરિયાતો ઓળખી કાઢવા માટે અને ગ્રામ સભામાં મુદ્દાઓ ઉઠાવવા માટે તાલીમ અપાઈ. તેમને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને વિવિધ ખાતાંઓ વિશે માહિતી આપવામાં આવી. જે સરકારી અધિકારી જે કામનો અખત્યાર સંભાળે છે એ કામ વિશે જ સીધો મુદ્દો તેમની સમક્ષ ઉઠાવવામાં આવે તો ઝડપી ઉકેલ આવે.

### ૩. 'ઉન્નતિ'નો સીધો ટેકો

'પંચાયત વિકાસ સમિતિ'ની માસિક બેઠકો યોજવા માટે 'ઉન્નતિ'એ ટેકો આપ્યો. તેમને માહિતી પણ આપી. તાલુકા સ્તરના અને જિલ્લા સ્તરના અધિકારીઓ સમક્ષ મુદ્દાઓ ઉઠાવવા માટેની હિંમત તેથી વધી. તેથી તેમના પ્રત્યે આદરનું વાતાવરણ ઊભું થયું. તેમને સાંભળવામાં આવતા થયા અને સાવ સામાન્ય લાગતા સવાલોના પણ તેની વ્યવહારુ ચાવીઓ તેમને મળી, જેમ કે, વિકાસલક્ષી યોજનાઓ કે ગામ સ્તરના કર્મચારીઓ પર દેખરેખ કેવી રીતે રાખવી.

#### ૪. નાગરિક મંડળોનું નેટવર્ક

'પંચાયત વિકાસ સમિતિ'ના નેટવર્કને લીધે પણ ઉત્તરદાયિત્વ ઊભું થયું. દરેક તાલુકામાં 'ક્ષેત્રીય વિકાસ સમિતિ' ઊભી કરવામાં આવી કે જેથી તે તાલુકા સ્તરે કામ કરી શકે. તેને પરિણામે લોકોનો અવાજ મજબૂત બન્યો અને દરેક 'પંચાયત વિકાસ સમિતિ' પણ મજબૂત બની. તમામ ૧૦ 'પંચાયત વિકાસ સમિતિ'માંથી દરેકમાંથી બે-ત્રણ સભ્યો લઈને 'ક્ષેત્રિય વિકાસ સમિતિ'ની રચના કરવામાં આવી. તાલુકા સ્તરે 'ક્ષેત્રીય વિકાસ સમિતિ' દ્વારા લોબીંગ થયું અને તેને પરિણામે લાભ થયો. સરકારી કર્મચારીઓ પર સેવાઓ પૂરી પાડવા માટે દબાણ ઊભું થયું અને યોજનાઓનો અમલ થયો.

#### ૫. રાજ્ય અને નાગરિક સમાજ વચ્ચે સંકલન

સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસોની સફળતા રાજ્ય અને નાગરિક સમાજ વચ્ચે કેટલી અસરકારક આંતરક્રિયા થાય છે તેના ઉપર રહે છે. કેસ સ્ટડીઝથી એમ પ્રસ્થાપિત થાય છે કે તાલુકા વિકાસ અધિકારીએ નાગરિક મંડળોના પ્રયાસોને ટેકો આપ્યો હતો. 'ક્ષેત્રીય વિકાસ સમિતિ'એ તાલુકા વિકાસ અધિકારી સાથે વિકાસ સમિતિની પ્રવૃત્તિઓ અને યોજનાઓ વિશે માહિતી આપી. તાલુકા વિકાસ અધિકારીએ 'પંચાયત વિકાસ સમિતિ' સાથે સંપર્કમાં રહેવા અને સમસ્યાઓનો તત્કાળ ઉકેલ લાવવા માટે સરકારી કર્મચારીઓને હુકમો કર્યા હતા.

#### ૬. સંસ્થાકરણ

જ્યારે સામાજિક ઉત્તરદાયિત્વ માટેનાં તંત્રોને સંસ્થાગત સ્વરૂપ આપવામાં આવે ત્યારે તે માટેના પ્રયાસોની અસર સૌથી વધારે અને સૌથી ટકાઉ થતી હોય છે. નાગરિક સમાજ અને શાસનની સંસ્થાઓ દ્વારા પદ્ધતિસર એ કામ થવું જોઈએ. દા.ત. 'પંચાયત વિકાસ સમિતિ'એ ગામના પ્રવેશદ્વારે બધા સરકારી કર્મચારીઓ આવતાં-જતાં બોર્ડ પર સહી કરે અને સમય લખે તે બાબતને સંસ્થાગત સ્વરૂપ આપ્યું. તેનો તો તેમણે નિયમ જ બનાવી દીધો.

### ઉપસ્થિત થતા મુદ્દાઓ

સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસો વિશેની ઉપરોક્ત ચર્ચા પરથી આપણે કેટલાક પદાર્થપાઠ તારવી શકીએ છીએ. તેનાથી નાગરિક મંડળોના સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસોને મજબૂત કરવાના રસ્તા વિશેની સમજ મજબૂત બનશે અને છેવાડાના નાગરિકોના અધિકારો માટેની તેમની લડત પણ મજબૂત બને છે.

#### ૧. રાજકીય સંસ્કાર

વિકેન્દ્રિત લોકશાહી, કાર્યગત જાહેર વહીવટ, સાર્વજનિક જાહેર હિતને મૂલ્યવાન ગણે તેવા રાજકીય કે વહીવટી સંસ્કાર અને રાજકીય સહભાગિતાનું વાતાવરણ વગેરે નાગરિક સમાજના કોઈ પણ પ્રકારની કર્મશીલતા માટે મહત્ત્વની પૂર્વશરતો છે. સામાજિક-રાજકીય ક્ષેત્રે તાજેતરમાં જે વલણો દેખાય છે તે સ્થાનિક સ્તરે વિકેન્દ્રીકરણ અંગેનાં છે અને છેવાડે રહી ગયેલા અને ગરીબ લોકોની રાજકીય સહભાગિતા માટે તંત્ર ઊભું કરવા માટેનાં છે. તેમણે જ નાગરિક મંડળો શાસનની સંસ્થા સાથે સંપર્કમાં આવે તે માટેનું વાતારવણ પૂરું પાડયું.

#### ૨. સમાવેશી નાગરિકત્વ

નાગરિક મંડળોએ શાસનની સંસ્થાઓ પ્રતિભાવાત્મક બને તે માટે જે વિવિધ વ્યૂહરચનાઓ અને અભિગમો અપનાવ્યાં તેણે નાગરિકત્વની વ્યાખ્યા બાંધવા માટેની નવી ભૂમિકા પૂરી પાડી. સેવાઓ પ્રાપ્ત કરવાના હકો, અધિકારો અને ન્યાય અંગેની નાગરિકોની ચિંતાઓને આ મંડળોએ વાચા આપી. અધિકારોને જ્યારે વાચા આપવામાં આવે છે ત્યારે નાગરિકત્વનું ધોવાણ કેટલું થયું છે તેની ખબર પડે છે તેઓ તેમના સીમાન્તીકરણનો વિરોધ કરે છે અને સાથે સાથે વિકાસલક્ષી કાર્યક્રમોમાં તેમને યોગ્ય હિસ્સો મળે તે માટેની તેમની માંગ રજૂ કરે છે.

#### ૩. સક્રિય નાગરિકત્વ

નાગરિકત્વ ખરેખર કેવી રીતે અમલી બને છે કે તેનો ઈન્કાર કરાય છે કે તે કેવી રીતે લાગુ પડે છે તેને આધારે નાગરિકો સાથે નિસ્બત ધરાવતી બાબતો સામેની પ્રતિભાવાત્મકતા ઊભી થાય છે. કેસ સ્ટડીઝ એમ દર્શાવે છે કે નાગરિક મંડળોનાં સામાજિક ઉત્તરદાયિત્વનાં તંઓ વધુ સારા શાસન, જાહેર સેવાઓમાં સુધારો અને વિકાસ માટેના વધુ પ્રયાસો તરફ લઈ જાય છે.

નાગરિક મંડળોએ સમુદાયના કલ્યાણ વિશેના નિર્ણયોની બાબતમાં સક્રિય ભૂમિકા ભજવી છે. કેસ સ્ટડીઝ એમ જણાવે છે કે 'પંચાયત વિકાસ સમિતિ'ના અભિપ્રાયો સમુદાય સ્તરની બેઠકોમાં મહત્ત્વના ગણવામાં આવે છે. તેમણે પંચાયતોને અને રાજ્યની સંસ્થાઓને વિવિધ મુદ્દાઓ પરત્વે પ્રતિભાવાત્મક બનવાની ફરજ પાડી છે. એમ કરીને તેમણે ગામની પ્રાથમિકતાઓ નવેસરથી નક્કી કરે છે.

#### ૪. મધ્યસ્થી

નાગરિકો પોતાનું ક્ષેત્ર નક્કી કરીને તથા હિમાયત કરીને અને પરિવર્તન લાવીને પોતાનું સક્રિય અને સમાવેશી નાગરિકત્વ નક્કી કરી શકે છે. નાગરિક સમાજના કર્તાઓની ક્ષમતા અવાજ ઉઠાવવાની બાબતમાં ચાવીરૂપ પરિબળ બને છે. નાગરિક મંડળોના સંગઠનનું કૌશલ્ય, નાગરિકોને સક્રિય બનાવવાની તેમની ક્ષમતા, તેમની

લોકસ્વીકૃતિ અને પ્રતિનિધિત્વ કરવાની તેમની ક્ષમતા, તેમની તેમના પોતાના સભ્યો પરત્વેની પ્રતિભાવાત્મકતા અને તેનું ઉત્તરદાયિત્વ વગેરે તમામ બાબતો અવાજ ઉઠાવવાની બાબતમાં મહત્ત્વની બને છે. નાગરિક મંડળો સક્ષમ બને અને તેમનું ક્ષમતાનિર્માણ થાય તે માટેના પ્રયાસો સંઠનાત્મક અને ટેક્નિકલ બંને સ્તરે અનિવાર્ય છે.

કેસ સ્ટડીઝ સ્પષ્ટ રીતે એમ જણાવે છે કે 'ઉન્નતિ'એ તેમને એક જૂથ તરીકે જોયાં તેથી છેવાડાના લોકોનો અવાજ અસરકારક રીતે થઈ શક્યો. તેમએ જ નાગરિકોની નિસ્બતની બાબતોને અવાજ મળે તે માટે માર્ગ સુલભ કરી આપ્યો અને શાસનની સંસ્થાઓ સમક્ષ તેમનો અવાજ રજૂ થયો. દરેક નાગરિક મંડળને તાલીમ અપાઈ, નિયમિત રીતે તેમની બેઠકો યોજાઈ, નાગરિકોને કેન્દ્રમાં રાખીને બેઠકો યોજાઈ તથા કાર્યશાળાઓ યોજાઈ, અભિયાન ચલાવાયું અને નેટવર્ક બનાવાયું.

### ૫. શાસનની સંસ્થાઓ સાથેનો સંબંધ

અધિકારો નાગરિકત્વ, સહભાગિતા અને શાસનના મુદ્દાઓને આધારે શાસનની રાજકીય સંસ્થાઓ સાથેનો સંપર્ક નક્કી થયો. નીતિઓ નવેસરથી નક્કી થાય અને શાસનની પ્રક્રિયા ઉપર પ્રભાવ પડે તે માટે જ તેમણે શાસનની સંસ્થાઓને પડકાર ફેંક્યો હતો.

### ૬. સામાજિક મૂડી અને જાહેર કાર્ય

સુશાસન ઊભું કરવામાં સામાજિક મૂડીની પ્રસ્તુતતા 'પંચાયત વિકાસ સમિતિ', 'ક્ષેત્રીય વિકાસ સમિતિ' અને 'મહિલા વિકાસ સમિતિ'ના સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસોથી સ્પષ્ટ થાય છે. નાગરિક મંડળોએ સમુદાય સાથેના તેમના સંબંધોને મજબૂત બનાવીને સામાજિક મૂડીના નિર્માણમાં ફાળો આપ્યો છે. સમુદાયના સભ્યો કોઈક એવા સાર્વજનિક મુદ્દાની આસપાસ ભેગા થયા કે જે પાયાની સેવાની નિષ્ફળતા અંગેનો હોય કે અધિકારોના રક્ષણની નિષ્ફળતા વિશેનો હોય. નાગરિક મંડળની રચના અને તેના સભ્યપદે નાગરિકોની પોતાની એક અલગ પ્રકારની ઓળખ ઊભી કરી. પ્રશ્નો વિશે જાગૃતિ ઊભી થઈ, નાગરિકોની જરૂરિયાતો વિશે માહિતી એકત્ર કરવામાં આવી અને તેની આપલે કરાઈ, સેવાઓ અંગેની ફરિયાદો એકત્ર કરાઈ અને જાહેર અધિકારીઓને ઉત્તરદાયી બનાવવા માટે પ્રયાસો થયા તેથી આ સંબંધો વધુ મજબૂત બન્યા.

### ૭. વાસ્તવિક નેતૃત્વની ભૂમિકા

નાગરિક મંડળોએ ગામ અને સમુદાયમાં વાસ્તવિક નેતૃત્વની ભૂમિકા ભજવી. સમસ્યાઓ સફળ રીતે ઉકેલાઈ તેથી તેમનો આત્મવિશ્વાસ વધ્યો. 'પંચાયત વિકાસ સમિતિ'એ ભવિષ્ય માટે જે યોજનાઓ તૈયાર કરી છે તેમાં જ તેમનો આત્મવિશ્વાસ ઝબકે છે. તે સમુદાય-આધારિત અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવા માગે છે. નાગરિક મંડળોએ નિયમિત બેઠકો બોલાવી અને અનુભવોની સમુદાયો સાથે આપલે કરી તેથી સમુદાયની જરૂરિયાતો પ્રત્યે તેઓ સંવેદનશીલ બન્યાં. તેમની વચ્ચે પરસ્પર ભણતર થયું અને આદાન-પ્રદાન થયું તેથી તેમની વચ્ચેની એકતા મજબૂત બની. તેઓ સમુદાયોના અધિકારો વિશે વાટાઘાટો કરે છે, હકોના દાવા નોંધાવે છે અને શાસન પર પ્રભાવ પાડવા સંબંધિત સત્તાવાળાઓ સાથે સંપર્ક રાખે છે. સતત મંડ્યા રહેવાથી અને પંચાયતો સમક્ષ નિયમિત રીતે રજૂઆત કરવાથી તેઓ સફળતા પામી શક્યાં છે.

---

### પૃષ્ઠ ૧૨નું શેષ

સહભાગિતાનાં નિશ્ચિત અને બંધારણીય રીતે અપાયેલાં ક્ષેત્રો વિસ્તરતાં ગયાં છે, વ્યવહારકર્તાઓએ સહભાગિતાની સહજ અને મૂળ જગ્યાઓ પ્રાપ્ત કરી છે, અત્યાર સુધી જેને ઘરેલૂ કે ખાનગી ક્ષેત્ર કહેવામાં આવતું હતું તેને જાહેર જીવનમાં ખેંચી લાવવામાં આવ્યું છે. સહભાગી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે જાહેર ક્ષેત્રનું આ જે વિસ્તરણ થયું છે તે પણ ખરેખર જ ખૂબ આવકારદાયક છે. આ ક્ષેત્રોના વિસ્તરણનું એક બીજું સ્વરૂપ પણ છે, અને તે છે 'વર્ચ્યુઅલ સ્પેસ'. ઈન્ટરનેટનો ઉદય અને ઈન્ફોટેકની પ્રાપ્તિને લીધે સહભાગી પદ્ધતિઓમાં નવપ્રવર્તન માટે અનેક સ્રોતો ખૂલી ગયાં છે. પરંતુ, આ 'વર્ચ્યુઅલ સ્પેસ'ને 'આશ્રય' (શેલ્ટર) બનાવવાનું વલણ વધતું જાય છે અને 'વાસ્તવિક' ભૌતિક ક્ષેત્રોમાંથી દૂર ભાગવાના રસ્તા શોધવામાં આવે છે. દુનિયાભરમાં અનેક યુવાનો આવી 'વર્ચ્યુઅલ સ્પેસ'માં ખૂબ ઉત્સાહભેર સહભાગી થાય છે, ઘણા લોકો તો આવી 'વર્ચ્યુઅલ સ્પેસ'માં પોતાની ભાગીદારીને વધુ બળવત્તર બનાવવાને માટે નવી અને ઉત્તેજક ઓળખને અપનાવી પણ રહ્યા છે. આપણે કેવી રીતે આ 'વર્ચ્યુઅલ સ્પેસ'ને વાસ્તવિક ભૌતિક ક્ષેત્ર સાથે પુનઃ સાંકળીએ છીએ? ભૌતિક વાસ્તવિકતાઓના જગતમાં 'વર્ચ્યુઅલ સ્પેસ'માંની સહભાગી પદ્ધતિઓના વિસ્તારની સંભાવનાઓનો ઉપયોગ આપણે કેવી રીતે કરીએ છીએ?

માનવ અસ્તિત્વના દરેક યુગમાં વિભિન્ન શક્યતાઓ ખૂલતી હોય છે. સહભાગિતાની પદ્ધતિઓ અને સાધનો એ યુગને અનુકૂળ બને તે રીતે શોધાવાં જોઈએ. પરંતુ એ મહત્ત્વનું છે કે સશક્તિકરણનો તેનો એકંદર દૃષ્ટિકોણ અને લોકશાહી સાર્વત્રિકતાવાદ અને સમાનતાવાદના કેન્દ્રીય સિદ્ધાંતો ભવિષ્યના તમામ વ્યવહારકર્તાઓ માટે સદાય ચમકતા રહેવા જોઈએ. સહભાગી પદ્ધતિઓના હાલના વ્યવહારકર્તાઓ ઉપરની આ પેઢીગત જવાબદારી છે!

# સાંપ્રત પ્રવાહ

## એસસી અને એસટી માટે શિક્ષણની યોજનાઓઃ કેગનો અહેવાલ

૨૦૦૭ના નિયંત્રક અને મહાલેખ પરીક્ષક (કેગ) દ્વારા ભારતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શિક્ષણ ક્ષેત્રના વિકાસ વિશે કામગીરી ઓડિટ જારી કરાયું છે. આ ઓડિટમાં ભારતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની સ્થિતિ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં શું છે તે પ્રકાશમાં લાવવામાં આવ્યું છે. તેને આધારે કેટલાંક તારણો પણ 'કેગ' દ્વારા કાઢવામાં આવ્યાં છે અને તે નીતિવિષયક સંશોધકો માટે અગત્યનાં છે. ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ દેશમાં અનુસૂચિત જાતિઓની વસ્તી ૧૬.૨ ટકા અને અનુસૂચિત જનજાતિઓની વસ્તી ૮.૨ ટકા છે. વસ્તી ગણતરી અનુસાર તેમનો સાક્ષરતા દર અનુક્રમે ૫૫ ટકા અને ૪૭ ટકા છે, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૬૫ ટકા છે. ભારત સરકાર દ્વારા આ બંને જૂથોમાં શૈક્ષણિક સ્તર ઊંચું આવે તે માટે ઘણા કાર્યક્રમો શરૂ કરાયા છે. તેમનો ઉદ્દેશ શાળામાં બાળકો ટકે અને શાળા અધવચ્ચે છોડી જનારાં બાળકોનું પ્રમાણ ઘટે તે રહ્યો છે. સરકારની આ યોજનાઓ કે કાર્યક્રમોમાં શિષ્યવૃત્તિ, છાત્રાલયો અને શાળાઓ બાંધવાં, બૂક બેંક સ્થાપવી, વિશિષ્ટ અધ્યાપન, સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન વગેરેનો સમાવેશ થાય છે. ભંડોળનો અપૂરતો ઉપયોગ, વિવિધ રાજ્યો દ્વારા પૂરતા લાભ ન મેળવવા, ભંડોળ છૂટું કરવામાં અસમતુલા અને વિલંબ અને ભંડોળનો અન્યત્ર ઉપયોગ વગેરે જેવી સમસ્યાઓ મોટા ભાગની આ પ્રકારની યોજનાઓમાં દેખાય છે. શૈક્ષણિક વિકાસ માટે બે નિર્દેશકો છેઃ કુલ નોંધણી દર (જીઈઆર) અને કુલ ડ્રોપ-આઉટ રેટ (જીડીઆર). ઉપરોક્ત બંને જૂથો માટે આ બંને નિર્દેશકો સારા નથી. જીડીઆરમાં અન્ય જૂથો અને આ બે જૂથો વચ્ચેનો તફાવત ૨૦૦૧-૦૨માં ૬.૭ ટકા અને ૧૫.૧ ટકા જેટલો છે જે ૨૦૦૩-૦૪માં વધારે વણસ્યો અને ૧૦.૪ ટકા અને ૧૬.૬ ટકા થયો.

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનાં છોકરા અને છોકરીઓ બંનેમાં ૨૦૦૧-૦૨ની તુલનાએ ૨૦૦૩-૦૪માં કુલ નોંધણી પ્રમાણ ઘટ્યું છે. વળી, અનેક રાજ્યોમાં અનુસૂચિત જાતિઓનાં છોકરા-છોકરીઓમાં શાળા અધવચ્ચે છોડી જવાનું પ્રમાણ ૨૦૦૧-૦૨ની તુલનાએ ૨૦૦૩-૦૪માં વધ્યું છે. 'કેગ'નું એવું તારણ છે કે શિક્ષણ વિશેની યોજનાઓનો અમલ બંને મંત્રાલયો દ્વારા સંતોષકારક રીતે થતો નથી. અવાસ્તવિક રીતે બજેટ બનાવાય છે, ભંડોળનો ઉપયોગ થતો નથી, કેન્દ્ર જે નાણાં છૂટાં કરે છે તેમાં રાજ્યો વચ્ચે તફાવતો છે, કેન્દ્રની સહાય મળતી નથી, ભંડોળ અન્યત્ર વાળવામાં આવે છે વગેરે જેવી સમસ્યાઓનો ઉલ્લેખ 'કેગ' દ્વારા તેના અહેવાલમાં કરવામાં આવ્યો છે. એસએસસી પહેલાંની શિષ્યવૃત્તિની યોજનામાં લાભાર્થીઓ ઓછા છે, અપાત્ર લાભાર્થીઓને સહાય અપાય છે, શિષ્યવૃત્તિ ચૂકવવામાં વિલંબ થાય છે, લાભાર્થીઓની પસંદગી યોગ્ય નથી વગેરે સમસ્યાઓ જણાઈ છે. આદિ જાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આશ્રમ શાળાઓની સ્થાપનાની યોજનામાં અનેક કિસ્સામાં શાળાઓનું બાંધકામ વિલંબમાં નંખાયું અને રાજ્ય સરકારો દ્વારા તેમને પ્રાથમિકતા અપાઈ નહિ. એ જ રીતે, બૂક બેંક યોજના હેઠળ બૂક બેંક સ્થપાઈ જ નહિ, ઘણે સ્થળે પુસ્તકોની ખરીદીમાં ગેરરીતિઓ થઈ, ખોટાં પુસ્તકો ખરીદાયાં અને ખરીદીમાં વિલંબ થયો. એસસી અને એસટી વિદ્યાર્થીઓ માટેનાં છાત્રાલયોની યોજનામાં બાંધકામમાં વિલંબ થયો, તેમાં સવલતોનો અભાવ હતો અને સવલતોનો ઉપયોગ કરવામાં આવતો નહોતો.

બિન-સરકારી સંગઠનો દ્વારા પણ કેટલીક યોજનાઓનો અમલ કરવામાં આવતો હતો. પણ જે બિન-સરકારી સંગઠનોને કાળી યાદીમાં મૂકવામાં આવ્યાં હતાં તેમની પાસેથી ભંડોળ વસૂલ કરાયું નહિ અને સરકારે જે શરતો અનુદાન આપવા માટે મૂકી હતી એ શરતોનું પાલન તેમણે કર્યું નહોતું. અનેક સરકારી યોજનાઓમાં દેખરેખનો જ અભાવ હતો. દેખરેખના હેતુ માટે બેમાંથી એકેય મંત્રાલયે લાભાર્થીઓની માહિતી એકત્ર કરી નહોતી. પદ્ધતિસર નિરીક્ષણ કરાયું નહિ અને રાજ્ય સરકારો તથા કેન્દ્ર સરકારે સ્વતંત્રપણે મૂલ્યાંકન પણ હાથ ધર્યું નહિ. કેન્દ્ર સ્તરે યોજનાઓનું આંતરિક અન્વેષણ હાથ ન ધરાયું અને ઘણાં રાજ્યોમાં પણ એમ જ બન્યું: શિક્ષણ ક્ષેત્રની અને ખાસ કરીને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રની વર્તમાન સ્થિતિના સંદર્ભમાં 'કેગ' દ્વારા નીચેની ભલામણો કરવામાં આવી છેઃ

૧. એસસી અને એસટી માટેની શૈક્ષણિક યોજનાઓના નાણાકીય સંચાલન અને નિયંત્રણને મજબૂત કરવું જોઈએ. તે માટે ભંડોળનો ઉપયોગ થાય, વણવપરાયેલી રકમનો ખર્ચ થાય અને ભંડોળ અન્ય ઉપયોગમાં ન લેવાય વગેરે બાબતોનું ધ્યાન રખાવું જોઈએ.
૨. ભંડોળની ફાળવણીમાં રાજ્યો વચ્ચે જે તફાવતો નજરે પડે છે તે દૂર થવા જોઈએ અને રાજ્ય સરકારોની નિષ્ક્રિયતા દૂર કરવી જોઈએ.

## પ્રકાશ આમ્ટે અને મંદાકિની આમ્ટેને મેગ્સેસે એવોર્ડ

મહારાષ્ટ્રના એક દૂરના આદિવાસી ગામમાં આદિવાસીઓના જીવનમાં સુધારો લાવવા માટે પોતાનું યોગદાન આપવા બદલ ડૉ. પ્રકાશ આમ્ટે અને તેમના પત્ની ડૉ. મંદાકિની આમ્ટેને રેમોન મેગ્સેસે એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યાં છે. તબીબી સંભાળ અને શિક્ષણ દ્વારા માદિયા ગોંડ જાતિના આદિવાસીઓની સ્થિતિ સુધારવા માટે તેઓ મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશમાં ગીડચિરોલી જિલ્લાના હેમાલકસા નામના અંતરિયાળ ગામમાં બંને એક શાળા અને હોસ્પિટલ ચલાવે છે. હેમાલકસા ગામમાં તેઓ જે હોસ્પિટલ ચલાવે છે તે ૪૦ પથારીઓની છે. તેમાં દર વર્ષે લગભગ ૪૦,૦૦૦ દર્દીઓની સારવાર થાય છે. તેમણે સ્થાપેલી શાળાથી ગોંડ જાતિમાં ૫ ડોક્ટરો પેદા થયા છે અને તેઓ પણ તેમના આ કામમાં સાથ આપે છે. પ્રકાશ આમ્ટેના પિતા બાબા આમ્ટે પણ એક વરિષ્ઠ સામાજિક કાર્યકર્તા હતા અને તેમણે તેમના આનંદવન આશ્રમમાં રક્તપિત્તના દર્દીઓની સારવાર માટે સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. તેમને પણ ૧૯૮૫માં જાહેર સેવા માટે રેમોન મેગ્સેસે એવોર્ડ પ્રાપ્ત થયો હતો. પ્રકાશ અને મંદાકિની આમ્ટેના બે દીકરાઓ દિગંત અને અનિકેત પણ ડોક્ટરો છે અને તેઓ પણ તેમના પિતાના પગલે જ ચાલીને જનસેવા કરી રહ્યા છે. પ્રકાશ આમ્ટે અને મંદાકિની આમ્ટે દર મહિને માનદ્ વેતન તરીકે માત્ર રૂ. ૨૦૦૦ મેળવે છે અને તેથી જ ગયા વર્ષે એમેરિકન કોન્સુલેટે તેમને વિસા આપવાનો ઈન્કાર કર્યો હતો, જો કે, બીજે જ દિવસે તેમની ફોન પર માફી માંગવામાં આવી હતી અને તેમને ૧૦ વર્ષના વિસા આપવામાં આવ્યા હતા.


૩. લાભો ઓછા અપાય, મોડા અપાય અને ન અપાય તે માટેનાં કારણો શોધી કાઢવાં જોઈએ અને સુધારાત્મક પગલાં ભરાવાં જોઈએ.

૪. લાભાર્થીઓની પસંદગી અને બૂક બેંકની સ્થાપના વગેરેની પદ્ધતિ સુધારવી જોઈએ અને અપાત્ર વ્યક્તિઓને લાભ ના મળે, વધારાની ચુકવણી ના થાય અને નકામાં કે જૂનાં પુસ્તકો ન ખરીદાય એ બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

૫. છાત્રાલયોમાં જાજરૂ, પાણી અને વીજળી જેવી પાયાની સવલતોનો અભાવ હોય છે. આ વ્યવસ્થાઓ સુધારવી જોઈએ. પૂરતો સ્ટાફ પણ ત્યાં હોવો જોઈએ. વિશેષ શિક્ષણ માટે પણ પૂરતો સમય અપાય એ જરૂરી છે.

૬. બિન-સરકારી સંગઠનો દ્વારા યોજનાઓનો અમલ થાય છે તેની સમીક્ષા કરવી જરૂરી છે, કે જેથી ભંડોળનો દુરુપયોગ ના થાય અને જેમના સુધી લાભ પહોંચવો જોઈએ તેમના સુધી લાભ પહોંચે.

## શ્રી રાજેશ ટંડનને માનદ્ પદવી એનાયત



કેનેડાની બ્રિટિશ કોલંબિયાની વિક્ટોરિયા યુનિવર્સિટીની સેનેટ દ્વારા તા. ૫.૬.૦૮ના રોજ કાનૂન શાખામાં ડોક્ટર ઓફ લોઝની માનદ્ પદવી એનાયત કરવામાં આવી છે. યુનિવર્સિટીના પ્રમુખ અને ઉપકુલપતિ ડો. ડેવિડ ટુરપિન દ્વારા આ પદવી એનાયત કરવામાં આવી હતી. પ્રખ્યાત સિતારવાદક શ્રી રવિશંકર બાદ આ પદવી પ્રાપ્ત કરનાર શ્રી રાજેશ ટંડન બીજા ભારતીય છે. તેમણે છેલ્લાં ૨૬ વર્ષથી નાગરિકોની સામેલગીરી, શાસન અને સમુદાય આધારિત સંશોધનના ક્ષેત્રે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

## કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન અંગેના નોટિફિકેશન વિશે ચર્ચા-વિચારણા

ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા તા. ૧.૫.૦૮ના રોજ એક નોટિફિકેશનનો મુસદ્દો જાહેર કરવામાં આવ્યો છે. આ મુસદ્દો દેશભરમાં કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન (સીએમઝેડ)ની સ્થાપના કરવા માટે બહાર પાડવામાં આવ્યો છે. અગાઉ તા. ૧૯.૨.૧૯૯૧ના રોજ કોસ્ટલ રેગ્યુલેશન ઝોન બનાવવા માટે જે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું તેને બદલે હવે આ સીએમઝેડ સ્થાપવા માટે જાહેરનામું તૈયાર કરવામાં આવ્યું છે. આ જાહેરનામાનો મુસદ્દો બહાર પાડીને તેના વિશે બે મહિનાના ગાળામાં તેની સામેના વાંધાઓ રજૂ કરવા માટેનો સમય આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ વિવિધ સંસ્થાઓએ રજૂઆત કરતાં વધુ બે મહિનાનો સમય વાંધાઓ રજૂ કરવા માટે આપવામાં આવ્યો છે. આમ, આ મુસદ્દા સામે હવે સપ્ટેમ્બર, ૨૦૦૮ સુધીમાં વન અને પર્યાવરણ મંત્રાલય સમક્ષ વાંધાઓ રજૂ કરી શકાશે. ભારત સરકારે જુલાઈ, ૨૦૦૪માં દેશના દરિયાકાંઠાના વિસ્તારોનો ચિરંતન વિકાસ થાય અને એ વિસ્તારોનાં સંસાધનોનું જતન થાય તેવા હેતુથી સૂચનો મેળવવા માટે પ્રો. એમ. એસ. સ્વામીનાથનના અધ્યક્ષપદે એક નિષ્ણાત સમિતિની રચના કરી હતી. આ સમિતિએ ફેબ્રુઆરી ૨૦૦૫માં તેનો અહેવાલ સુપરત કર્યો હતો. તેમાં જે કંઈ ભલામણો કરવામાં આવી હતી તેને આધારે આ જાહેરનામાનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. બિન-સરકારી સંગઠનો માને છે કે આ મુસદ્દો એવા સીએમઝેડની સ્થાપના કરવા માંગે છે કે જેને પરિણામે દરિયાકાંઠાના વિસ્તારોના પર્યાવરણને નુકસાન થાય તથા માછીમારો અને ખેડૂતો સહિતના સામાન્ય લોકોના જીવનનિર્વાહને વિપરીત અસર થાય. આ અંગે દેશભરમાં વિવિધ હિતધારકો સાથે વિચાર-વિમર્શ ચાલી રહ્યો છે. કોસ્ટલ રેગ્યુલેશન

ઝોનને બદલે હવે સીએમઝેડની સ્થાપના થશે એમ આ જાહેરનામાના મુસદ્દામાં જણાવવામાં આવ્યું છે. વાંધાઓ અને સૂચનો આ સરનામે મોકલી શકાય છેઃ સચિવ, પર્યાવરણ અને વન મંત્રાલય, પર્યાવરણ ભવન, સીજીઓ કોમ્પલેક્સ, લોધી રોડ, નવી દિલ્લી. ઈમેલઃ secy:@menf.nic.in. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટ એજ્યુકેશન, ફોનઃ ૦૭૯-૨૬૮૪૪૮૨૫, ૨૬૮૫૮૦૦૨-૫. ઈમેલઃ pramod.sharma @ ceeindia.org

## અન્નનો અધિકાર

ગુજરાતની વડી અદાલતે અન્નના અધિકાર માટેના કેસની સુનાવણી તા.૭.૮.૦૮ના રોજ હાથ ધરી હતી. સેન્ટર ફોર સોશ્યલ જસ્ટિસ દ્વારા કરવામાં આવેલી અરજી અંગે જે શપથનામાં રજૂ કરવામાં આવ્યાં હતાં તેના જવાબમાં રાજ્ય સરકારે પોતાની કેફિયતો રજૂ કરી છે. સીએસજે દ્વારા કરાયેલી અરજીમાં એમ જણાવવામાં આવ્યું હતું કે વાજબી ભાવની દુકાનો ખરાબ ગુણવત્તાવાળો ઘઉંનો પૂરવઠો પૂરો પાડવામાં આવે છે, સરકારની બીપીએલની યાદી અને રેશનકાર્ડની સંખ્યા વચ્ચે મેળ ખાતો નથી, લાભાર્થીઓને ૩૫ કિ.ગ્રા. અનાજ પૂરું પાડવું જોઈએ અને સર્વોચ્ચ અદાલતના હુકમો તથા યોજનાઓને પૂરતી પ્રસિદ્ધિ આપવી જોઈએ. રાજ્ય સરકારે એમ જણાવ્યું છે કે તે બીપીએલ લાભાર્થીને ૩૫ કિ.ગ્રા. અનાજ પૂરું પાડતું નથી કારણ કે ભારત સરકાર ૩૫ લાખ લાભાર્થીઓ માટે પૂરતા પ્રમાણમાં અનાજનો જથ્થો આપતું નથી. કેસની વધુ સુનાવણી તા. ૧.૯.૦૮ના રોજ રાખવામાં આવી છે અને વડી અદાલતે ભારત સરકારને પણ પક્ષકાર તરીકે જોડાવા હુકમ કર્યો છે.



### સ્વ. મધુરા પંડિત

૧૯૯૯-૨૦૦૦ની બેચમાં 'ઈરમા'માંથી સ્નાતક થનાર સુશ્રી મધુરા પંડિતનું એક માર્ગ અકસ્માતમાં તા.૧.૫.૨૦૦૮ના રોજ અવસાન થયું છે. તેમણે ૨૦૦૦-૦૪ દરમ્યાન 'ઉન્નતિ'માં સૌ પ્રથમ જયપુર ખાતે ગ્રામીણ શાસન કાર્યક્રમમાં અને પછી ભચાઉ ખાતે આપત્તિ સંચાલનના કાર્યક્રમમાં અને છેલ્લે અમદાવાદમાં ગુજરાત હાર્મની પ્રોજેક્ટમાં કોમવાદના મુદ્દે કામ કર્યું હતું. તેઓ સંનિષ્ઠ, પ્રતિબદ્ધ અને સંવેદનશીલ માનવી હતાં. ઉન્નતિ ખાતેના સૌ કાર્યકર મિત્રો તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ છીએ અને તેમના પરિવારને આ આઘાત સહન કરવાની પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ. તેમનાં લગ્ન બાદ તેઓ નવી દિલ્લીમાં 'પ્રેક્સિસ' ખાતે કામ કરતાં હતાં. તેમની યાદમાં 'પ્રેક્સિસ' દ્વારા મધુરા પંડિત શિષ્યવૃત્તિ જાહેર કરવામાં આવી છે. તેમાં સહભાગી વિકાસ અંગેના એન્યુઅલ કોમ્યુનમાં સહભાગી થનારની ફીને આવરી લેવામાં આવશે. વધુ વિગત માટે સંપર્ક સાધોઃ ઈમેલઃ www.theworkshop.in

# આગામી કાર્યક્રમ

## પ્રશિક્ષકોના ક્ષમતાવર્ધન માટે સહભાગી તાલીમ

ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન દ્વારા નીચેના ઉદ્દેશો સાથે પ્રશિક્ષકોના ક્ષમતાવર્ધન માટેની એક સહભાગી તાલીમનું આયોજન તા. ૧થી ૫ ઓક્ટોબર, ૨૦૦૮ દરમ્યાન કચ્છમાં ભચાઉ ખાતે કરવામાં આવ્યું છેઃ (૧) વિકાસલક્ષી મુદ્દા વિશે દૃષ્ટિકોણ વિકાસ. (૨) સહભાગીઓની સહભાગી પ્રશિક્ષણની વિભાવના વિશે અભિમુખતા ઊભી કરવી. (૩) સહભાગી પ્રશિક્ષણના સંચાલન માટે વિકાસલક્ષી કાર્યકર્તાઓની ક્ષમતા, જાણકારી, દૃષ્ટિકોણ અને કૌશલ્યનો વિકાસ કરવો.


આ તાલીમમાં નીચે મુજબના વિષયોનો સમાવેશ કરવામાં આવશેઃ (૧) દલિતો, મહિલાઓ તેમ જ વિકલાંગો જેવા સંવેદનશીલ વર્ગો સાથે કામ કરવા માટે અપેક્ષિત મનોવૃત્તિ, વ્યવહાર અને કૌશલ્ય વિકાસ. (૨) સહભાગી પ્રશિક્ષણના આયોજન માટેનું સૈદ્ધાંતિક માળખું. પ્રૌઢ શિક્ષણના સિદ્ધાંતો, સહભાગી પ્રશિક્ષણના સિદ્ધાંતો અને સામાજિક પરિવર્તન માટે પ્રશિક્ષણની વ્યૂહરચના. (૩) જૂથ પ્રક્રિયાઓ, જૂથની ગતિશીલતા અને નાનાં જૂથોનું સંચાલન. (૪) સ્વ-વિકાસ અને પ્રશિક્ષકોની ભૂમિકા. (૫) પ્રશિક્ષણ માટેની ડિઝાઈન તૈયાર કરવી, ઉપયોગી પદ્ધતિનો ઉપયોગ કરવો અને પ્રશિક્ષણનું સંચાલન કરવું.

આ તાલીમમાં બિન-સરકારી સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓના વિકાસલક્ષી કાર્યકર્તાઓ ભાગ લઈ શકશે. આ પાઠ્યક્રમ તેવા લોકો માટે ઉપયોગી છે કે જેઓ સામાજિક વિકાસના ક્ષેત્રે ત્રણ વર્ષનો અનુભવ ધરાવે છે અને પ્રશિક્ષક તરીકેનો ઓછોમાં ઓછો એક વર્ષનો અનુભવ ધરાવે છે. આ પ્રશિક્ષણ હિન્દી અને ગુજરાતી ભાષામાં આપવામાં આવશે. શૈક્ષણિક સામગ્રી હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં પ્રાપ્ય બનાવવામાં આવશે. આ પ્રશિક્ષણ માટે કુલ ૨૪ સહભાગીઓની પસંદગી કરવામાં આવશે. પ્રશિક્ષણ ફી રૂ. ૧૦૦૦ છે. નોંધણી કરાવવા માટેની છેલ્લી તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૦૮. ઉન્નતિની વેબસાઈટ www.unnati.org ઉપરથી નોંધણીપત્ર અને પરિપત્ર પ્રાપ્ત કરી શકાશે. પ્રશિક્ષણ સંયોજકઃ ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન, જી-૧/ ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ ૩૮૦ ૦૧૫.

# સંદર્ભ સાહિત્ય

## કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન નોટિફિકેશન

કોસ્ટલ રેગ્યુલેશન ઝોનને બદલે દેશમાં કોસ્ટલ મેનેજમેન્ટ ઝોનની સ્થાપના કરવા માટે ભારત સરકારે એક નોટિફિકેશનનો મુસદ્દો બહાર પાડ્યો છે. તા. ૧.૫.૦૮ના રોજ બહાર પાડવામાં આવેલા આ જાહેરનામાના મુસદ્દામાં સરકાર કયા ઉદ્દેશો સાથે કોસ્ટલ મેનેજમેન્ટ ઝોન સ્થાપવા માંગે છે તેની વિગતો આપવામાં આવી છે. તેમાં તેના હેતુઓ જણાવવામાં આવ્યા છે અને સાથે સાથે ઝોનની સંચાલનની વ્યૂહરચના કેવા પ્રકારની રહેશે તેની વિગતો આપવામાં આવી છે.





આ પુસ્તકમાં તેની વિગતો આપવામાં આવી છે અને સાથે સાથે તેની શી અસરો દરિયાકાંઠાના માછીમારો, ખેડૂતો અને અન્ય લોકો ઉપર થઈ શકે તેમ છે તેની વિગતો પણ આપવામાં આવી છે. સરકારે આ મુસદ્દા વિશે વાંધાઓ મંગાવ્યા છે. તેથી આ પુસ્તકમાં તેના વાંધાઓના મુદ્દાઓની રજૂઆત કરવામાં આવી છે.

આ પુસ્તકમાં સીઆરઝેડ અને સીએમઝેડ વચ્ચે તુલના કરવામાં આવી છે તથા સાથે સાથે સીએમઝેડનો અમલ કરનારી સંસ્થાઓની જવાબદારીઓ પણ જણાવવામાં આવી છે. સમગ્ર જાહેરનામાના મુસદ્દાની નકલ પણ તેમાં આપવામાં આવી છે અને તેની એકે એક બાબત વિશે કયા વાંધાઓ હોઈ શકે તેને વિશેની વિગતો આપવામાં આવી છે. મૂળભૂત મુદ્દો એ છે કે જો કોસ્ટલ મેનેજમેન્ટ ઝોનની સ્થાપના કરવામાં આવે તો દરિયાકાંઠાના સામાન્ય લોકોના જીવનનિર્વાહ ઉપર વિપરીત અસર થઈ શકે છે કારણ કે કોસ્ટલ રેગ્યુલેશન ઝોનની જોગવાઈઓનો પણ પૂરતો અમલ કરવામાં આવ્યો હોય એમ અનુભવોથી જણાતું નથી.

લેખકોઃ આરતી શ્રીધર, સુદર્શન રોડ્રીગ્ઝ, સીમા શિનોય અને મંજુ મેનન. પ્રાપ્તિ સ્થાનઃ અશોકા ટ્રસ્ટ ફોર રિસર્ચ ઈન ઈકોલોજી એન્ડ ધી એન્વાયર્ન્મેન્ટ, ૬૫૯, પાંચમો મેઈન રોડ, હેબલ, બેંગલોર - ૫૬૦ ૦૯૨.

## સાયકો-સોશ્યલ કેર ઈન ડિઝાસ્ટર રિસ્પોન્સ


આ પુસ્તકમાં આપત્તિ અને તેની અસર વિશેની સમજ, આપત્તિમાંથી બચી જનારાઓ જે સર્વસામાન્ય પ્રતિક્રિયા આપે છે તે, માનસિક-સામાજિક સંભાળનું મહત્ત્વ અને તેના સિદ્ધાંતો, માનસિક-સામાજિક સંભાળની પાયાની પદ્ધતિઓ, માનસિક-સામાજિક સંભાળ માટે સંસ્થાકીય વ્યવસ્થાઓ ઊભી કરવી અને વિશેષ જૂથો માટે સંભાળ જેવા મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી છે. પુસ્તકમાં છેલ્લે આ અંગેના વધુ સાહિત્યની યાદીઓ આપતાં બે પરિશિષ્ટો પણ આપવામાં આવ્યા છે. નિમહાન્સ, સહયોગ આપતી અનેક બિન-સરકારી સંસ્થાઓ,




સમુદાય સ્તરના કાર્યકરો અને વિવિધ આપત્તિઓમાં બચી જનારા લોકોના પ્રતિભાવોને આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ એક માર્ગદર્શિકા છે કે જેનો ઉપયોગ આપત્તિઓના અસરગ્રસ્તોના પુનર્સ્થાપન અને પુનર્વસન માટે કાર્ય કરનારા કર્મશીલો કરી શકે છે. પ્રાપ્તિસ્થાનઃ ઉન્નતિ.

## ઈન્ટમિડિયેટ સેમી-પર્મેનન્ટ શેલ્ટર્સ

આ પુસ્તકમાં આપત્તિ આવે પછી અને પુનર્વસન થાય તે પહેલાં જે પ્રકારના પુનર્સ્થાપનની જરૂર પડે છે તેમાં કેવા પ્રકારનાં બાંધકામો જોઈએ કે જેથી અસરગ્રસ્તો તેમાં આસાનીથી રહી શકે તે અંગેની વિગતો આપવામાં આવી છે.




તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે આપત્તિ પછી પુનર્બાંધકામ અંગેનો અભિગમ અને તેનું માનસ બદલવાની જરૂર છે. પુસ્તકમાં કાશ્મીરના ભૂકંપ પછીનો એક કેસ સ્ટડી આપવામાં આવ્યો છે અને કયા પદાર્થપાઠ શીખવા મળ્યાં છે તેની વિગતો પણ આપવામાં આવી છે. પ્રાપ્તિસ્થાનઃ ઉન્નતિ.

છેલ્લા ચાર માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## ૧. નાગરિક નેતૃત્વ અને શાસન

### (ક) સામાજિક અન્વેષણ અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી ધારો

ગુજરાતમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી ધારાના અમલમાં પંચાયતોની અસરકારકતા ઊભી થાય તે માટે ગયા વર્ષે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. તેમાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાની પાંચ ગ્રામ પંચાયતોમાં તકેદારી અને દેખરેખ સમિતિના સભ્યો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના ક્ષમતાવર્ધન અને સમુદાયમાં જાગૃતિ ફેલાવવાનું કામ કરવાનો સમાવેશ થાય છે. તેના ભાગરૂપે સામાજિક અન્વેષણ પણ હાથ ધરવામાં આવ્યું હતું. આ અનુભવને આધારે અંગ્રેજી ભાષામાં એક મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યું હતું અને તે રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગને સુપરત કરવામાં આવ્યું હતું. તે પછી આ વિભાગની વિનંતીથી આ ધારા વિશે સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓના ચૂંટાયેલા પંચાયત પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ મળી લગભગ ૩૦૦૦ લોકોને અભિમુખ કરવામાં આવ્યા હતા. તેમાં જે તે ડીઆરડીએનો સહયોગ પણ લેવામાં આવ્યો હતો. તેમાં જે મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા તેમાં ધારાની મુખ્ય જોગવાઈઓ, પ્રવૃત્તિઓના આયોજનની પ્રક્રિયા અને સામાજિક અન્વેષણ હાથ ધરવાની ઉપયોગિતા તથા કાર્યવાહીનો સમાવેશ થતો હતો. ડાંગ જિલ્લામાં પણ આવો જ એક દિવસનો અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો કે જેમાં બિન-સરકારી સંગઠનોના અને સરકારના ૩૫ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

રાજસ્થાનમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી વિશે જોધપૂર જિલ્લાના લૂણી તાલુકાની ૧૦ ગ્રામ પંચાયતોમાં જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ધારાના અમલ અને તેના ઉપર દેખરેખ રાખવા માટે નાગરિક નેતાઓનાં સંસાધન જૂથોની રચના કરવામાં આવી અને તેમની ક્ષમતા વધારવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

### (ખ) નાગરિક નેતાઓનું ક્ષમતાવર્ધન

છેલ્લાં દસ વર્ષથી સાબરકાંઠા જિલ્લાની ૫૦ ગ્રામ પંચાયતો અને અમદાવાદ જિલ્લાની ૩૦ ગ્રામ પંચાયતોમાં નાગરિક નેતાઓની ક્ષમતા વધારવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે કે જેથી ગામ સ્તરે શાસનની વ્યવસ્થા વધારે પારદર્શી અને ઉત્તરદાયી બને. તેઓ પાયાની સેવાઓ સમયસર અને ગુણવત્તાસભર પ્રાપ્ત થાય તે માટે તથા રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના અને માહિતી અધિકાર ધારાનો અમલ અને ઉપયોગ થાય તે માટે તેમને સક્ષમ બનાવવા સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. સ્થાનિક વિકાસના પ્રશ્નો વિશે અને ખાસ કરીને અસહાય જૂથોના પ્રશ્નો વિશે હિમાયત પણ કરવામાં આવી રહી છે. દલિતોને ઘરથાળ માટેના પ્લોટ મળે અને તેમને સ્મશાનની જગ્યા મળે તે માટે, આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ ભંડોળની ફાળવણી કરવામાં આવે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મારફતે યોગ્ય પ્રમાણમાં સેવાઓ પ્રાપ્ત થાય તે પ્રકારના વિકાસલક્ષી પ્રશ્નો માટે આ હિમાયત કરવામાં આવી રહી છે. આ સમયગાળા દરમ્યાન અમદાવાદ જિલ્લાના ધોળકા અને દસક્રોઈ તાલુકાના અને સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ૫૧ પુરુષ અને ૨૦ મહિલા નાગરિક નેતાઓને ઉપરોક્ત બંને કાયદાઓના અમલનાં વિવિધ પાસાંઓ વિશે અભિમુખ કરવામાં આવ્યાં હતાં.

છેલ્લાં ત્રણ વર્ષથી અન્ય બિન-સરકારી સંગઠનો તેમની વર્તમાન પ્રવૃત્તિઓમાં ઉત્તરદાયિત્વ, પારદર્શિતા અને નાગરિક અધિકારોના મુદ્દાઓનો સમાવેશ કરવા માટે સક્ષમ બને તે માટે નાગરિકત્વ અને શાસન વિશે પ્રશિક્ષકોની તાલીમ યોજવામાં આવી છે. આ ગાળા દરમ્યાન ગુજરાતનાં ૧૦ બિન-સરકારી સંગઠનોનાં ૧૧ મહિલા અને ૧૦ પુરુષ પ્રતિનિધિઓને આ વિષય વિશે ત્રણ દિવસની તાલીમ આપવામાં આવી હતી.

### (ગ) પંચાયત સંદર્ભ કેન્દ્રો

હાલ અમદાવાદ જિલ્લામાં દસક્રોઈ અને ધોળકા તાલુકામાં તથા સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં પંચાયત સંદર્ભ કેન્દ્રો કામ કરી રહ્યાં છે. આ કેન્દ્રો મારફતે ૧૫ જેટલી મહિલાઓ અને દલિતોના નેતૃત્વવાળી પંચાયતોને માહિતીનો ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો કે જેથી તેઓ રોજેરોજની પોતાની પ્રવૃત્તિઓ કરવા માટે સક્ષમ બને. નાગરિક નેતાઓની તાલીમ પછી પંચાયત સંસાધન કેન્દ્ર દ્વારા ધોળકા, દસક્રોઈ અને ખેડબ્રહ્મા તાલુકામાં ઉપરોક્ત બંને કાયદાઓ વિશે ૭ શિબિરો યોજવામાં આવી હતી. આ શિબિરોમાં ૧૯૪ મહિલાઓ અને ૨૧૮ પુરુષોએ ભાગ લીધો હતો. તેમાં રમતો અને ફિલ્મો દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી. તેને પરિણામે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ પરિવારોની નોંધણીમાં વધારો થયો છે અને નાગરિક નેતાઓ હવે કામગીરી ઉપર દેખરેખ રાખવા માંડ્યા છે.

### (ઘ) ચૂંટાયેલા પ્રતિનિધિઓનું ક્ષમતાવર્ધન

જોધપૂર જિલ્લાના ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓના ક્ષમતાવર્ધન અંગેના યુએનડીપી-ભારત સરકાર-રાજસ્થાન સરકારના એક પ્રોજેક્ટના સંદર્ભમાં એક દિવસની એક કાર્યશાળા યોજવામાં આવી હતી. આ પ્રોજેક્ટ ૨૦૦૪-૦૮ દરમ્યાન રાજસ્થાનમાં જોધપૂર જિલ્લામાં ૯ તાલુકા પંચાયતોમાં ૯૨ ગ્રામ પંચાયતોમાં અમલમાં હતો. જે મહત્ત્વનો પદાર્થપાઠ શીખવા મળ્યો છે તે એ છે કે પંચાયત સંદર્ભ કેન્દ્રો ક્ષમતાવર્ધન માટે મહત્ત્વનું અસરકારક સાધન બને છે. તેથી આ પ્રવૃત્તિનો વધારે વિકાસ કરવા માટે વ્યૂહરચના ગઢવી જરૂરી છે. ક્ષમતાવર્ધન માટે દર પાંચ વર્ષે ચૂંટણી થાય છે ત્યારે વિવિધ સાધનો દ્વારા પ્રયત્ન કરવામાં આવે એ ઉપયોગી સાબિત થઈ શકે છે. આ યુએનડીપીના ટેકાથી 'ઈંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી'એ જયપુરની આઈજીપીઆરએસ અને 'ઉન્નતિ'ને પંચાયતી રાજ સંસ્થાઓના ક્ષમતાવર્ધન માટે નિમંત્રણ આપ્યું છે. તેમાં મલ્ટિમોડ તાલીમ આપવાની અને માહિતીનો પ્રસાર કરવાની તથા તમામ પ્રતિનિધિઓને તાલીમ આપવાની અને હાર્ડવેર મેપિંગની જોગવાઈ છે. તેના ભાગરૂપે 'સ્વરાજ અપડેટ' નામનું એક બુલેટિન હિન્દી ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે અને રાજ્યની તમામ પંચાયતોને તે મોકલવામાં આવે છે.

### (ચ) શહેરી શાસન

ગુજરાતમાં 'જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન' હેઠળ સરકારી વિભાગો અને નાગરિક સમાજનાં સંગઠનો સાથે અમદાવાદ અને રાજકોટમાં આ યોજનાનો અસરકારક રીતે અમલ થાય તે માટે 'સીટી ટેક્નિકલ એડવાઈઝરી ગ્રૂપ' (સીટીએજી) અને 'સીટી વોલન્ટરી ટેક્નિકલ કોર્પ્સ' (સીવીટીસી)ની રચના થાય અને તેમની સાથે વિચાર-વિમર્શ થાય તે માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના અનુભવોને આધારે નાગરિક નેતૃત્વને પ્રોત્સાહન મળે તેના એક મોટા પ્રોજેક્ટના ભાગરૂપે નાગરિક નેતાઓના સફળ કિસ્સાઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવી રહ્યું છે. તેમણે સેવાઓ સુધરે અને શાસનની સંસ્થાઓ ઉત્તરદાયી બને તે માટે પ્રયાસો કર્યા છે. ગુજરાતમાં બે કેસ સ્ટડીઝનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. પાણી અને સફાઈની વ્યવસ્થા સુધરે તેમાં નાગરિકોની સામેલગીરીની ભૂમિકા તેમાં તપાસવામાં આવી છે. બીજી તરફ, ભચાઉમાં સલામત ઘરોના બાંધકામમાં નાગરિકો સામેલ થાય તેની પ્રક્રિયા તપાસવામાં આવી છે.

'ધ હંગર પ્રોજેક્ટ' દ્વારા 'નેશનલ પ્લેટફોર્મ ઓન પ્રમોશન ઓફ ડિસેન્ટ્રલાઈઝેશન'ની સ્થાપના થઈ રહી છે અને તેમાં 'ઉન્નતિ' સલાહકાર સમિતિનું સભ્ય છે.

## (૨) સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

### (ક) દલિત અધિકારો

રાજસ્થાનમાં જોધપુર, બાડમેર અને જેસલમેર જિલ્લાઓમાં ૧૧ દલિત સંદર્ભ કેન્દ્રો દ્વારા દલિત અધિકારોની પ્રાપ્તિ અંગેની પ્રવૃત્તિઓને ટેકો આપવામાં આવી રહ્યો છે. ડો. આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે ૧૪મી એપ્રિલે દલિત જૂથોના સહયોગમાં ૯ વિસ્તારોમાં ઊજવણીઓ કરવામાં આવી હતી. તેમાં ૧૫૦૦ દલિત મહિલાઓ અને પુરુષોએ ભાગ લીધો હતો. આ સમયગાળા દરમ્યાન દલિતો સામેના અત્યાચારના ૧૩ કિસ્સા અને જમીનના દબાણના ૭ કિસ્સા વિશે કાર્યવાહી કરવામાં આવી હતી. દલિત અધિકાર અભિયાનમાં નવા ૧૧૧ પુરુષો અને ૪૬ સ્ત્રીઓ મળી કુલ ૧૫૭ નવા સભ્યો નોંધયા છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારો અને દલિતો તથા આદિવાસીઓ માટેના કાયદાઓ વિશે તાલુકા સ્તરની સમિતિના સભ્યો માટે બે દિવસની એક તાલીમ યોજવામાં આવી હતી. આ કાર્યશાળાઓમાં લગભગ ૨૫૦ જેટલા પુરુષ અને મહિલા સામુદાયિક નેતાઓએ હાજરી આપી હતી. 'પશ્ચિમ રાજસ્થાનમાં દલિતોનું સંગઠનઃ સંદર્ભ અને શક્યતાઓ' વિશે એક દિવસનો એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદને શ્રી માર્ટિન મેકવાન દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. તેમણે સ્થાનિક સ્તરે મંડળો ઊભાં કરવાની જરૂરિયાત ઉપર અને પ્રતિબદ્ધતાપૂર્વક કામ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. આ પરિસંવાદમાં વિવિધ વિદ્વાનો, વકીલો, ગ્રામ વિકાસ સમિતિઓના સભ્યો, તાલુકા સ્તરની સમિતિના અધ્યક્ષો, નાગરિક સમાજ સંગઠનોના કાર્યકરો અને દલિત સંદર્ભ કેન્દ્રોના કાર્યકરો મળી કુલ ૫૦ જણાએ ભાગ લીધો હતો. છેલ્લા એક વર્ષથી ૧૨ કાર્યકરોને પેરાલિગલ તરીકે કામ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેઓ અમદાવાદના 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ફોર પેરાલીગલ સ્ટડીઝ'ના સહયોગ સાથે કામ કરે છે. તેમની તાલીમ ચાર તબક્કામાં યોજવામાં આવી હતી. તેમાં કાનૂની સાક્ષરતા, જમીનના અધિકારો, મહિલાઓના અધિકારો અને દલિતોના અધિકારો જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. આ પ્રક્રિયાના ભાગરૂપે એક પરીક્ષા લેવામાં આવી હતી અને પાંચ સહભાગીઓ તેમાં પાસ થયા હતા. ફલૌદી ખાતે

પત્રકારો અને વકીલો સાથે એક બેઠક યોજવામાં આવી હતી. તેમાં ૧૫ જણા હાજર રહ્યા હતા. તેનો હેતુ અન્ય હિતધારકો સાથે સંપર્ક ઊભો કરવાનો અને દલિતોના કિસ્સાઓને વ્યાપક જાહેર ટેકો પ્રાપ્ત થાય તેવું વાતાવરણ ઊભું કરવાનો હતો. સિંધરી અને શેરગઢ તાલુકામાં સ્વસહાય જૂથોનાં મહિલા નેતાઓ માટે બે તાલીમો ગોઠવવામાં આવી હતી. તેમાં ૭૦ મહિલા નેતાઓએ ભાગ લીધો હતો.

### (ખ) મુખ્ય પ્રવાહમાં મહિલાઓ

ઈથિયોપિયામાં તા. ૨૬થી ૩૧ મે, ૨૦૦૮ દરમ્યાન 'હ્યુમેનિટેરિયન એકાઉન્ટેબિલિટી પાર્ટનરશિપ' દ્વારા 'બિલ્ડિંગ સેફર ઓર્ગેનાઈઝેશનલ ઈન્વેસ્ટિગેશન્સ' વિશે યોજાયેલી એક આંતરરાષ્ટ્રીય કાર્યશાળામાં ઉન્નતિમાંથી એક ભાઈ અને એક બહેન એમ બે વરિષ્ઠ કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. આપત્તિ, યુદ્ધ અને સંઘર્ષ જેવી કટોકટીની પરિસ્થિતિમાં કાર્યકરોના ગેરવર્તન અંગે તપાસ હાથ ધરવાની પ્રક્રિયા વિશે બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓની કુશળતા ઊભી કરવા માટે અને માહિતીની આપ-લે કરવા માટે આ કાર્યશાળા યોજવામાં આવી હતી. 'સંયુક્ત રાષ્ટ્રો'ના મહામંત્રી દ્વારા માનવતાવાદી સહાય કરનારા કાર્યકરો દ્વારા જાતીય શોષણ અને ગેરવર્તન અટકાવવા અને તેની ફરિયાદોના ઉકેલ માટે માર્ગરેખાઓ જારી કરવામાં આવી છે. તે ૨૦૦૨માં નેપાળ અને પશ્ચિમ આફ્રિકામાં નિર્વાસિતોની છાવણીઓમાં થતા શોષણ અંગેના અહેવાલોના સંદર્ભમાં તૈયાર કરવામાં આવી છે. તપાસની જે કાર્યવાહીનું નિદર્શન કરવામાં આવ્યું તેમાં આ માર્ગરેખાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. 'જાહેર જીવનમાં મહિલાઓની ભાગીદારીનું મજબૂતીકરણ' વિશેના સંશોધન અભ્યાસના ભાગરૂપે પ્રોજેક્ટનો આખરી સારાંશરૂપ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. તેની સાથે સાથે નેપાળ ખાતે તા. ૫-૧૦ ઓગષ્ટ, ૨૦૦૮ દરમ્યાન દક્ષિણ એશિયાની જે કાર્યશાળા યોજવામાં આવી હતી તેને વિશે પણ રજૂઆત કરવામાં આવી હતી.

### (ગ) મુખ્ય પ્રવાહમાં વિકલાંગતા

અમદાવાદના કાળુપુર રેલવે સ્ટેશનના 'એક્સેસ રિસોર્સ ગ્રુપ'ના સભ્યો દ્વારા એક્સેસ ઓડિટ કરવામાં આવ્યું હતું. 'ઉન્નતિ' દ્વારા સભ્યો માટે અડધા દિવસનો એક અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંગેનો અહેવાલ તૈયાર થઈ ગયો છે અને તે રેલવેના સત્તાવાળાઓને સુપરત કરવામાં આવશે.

### (ઘ) જીવનનિર્વાહને પ્રોત્સાહન

ગુજરાતમાં કચ્છમાં ભચાઉમાં ૭ વસાહતોમાં ૧૫૦ મહિલાઓની ભરતગૂંથણની કુશળતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ભચાઉ અને અમદાવાદની કચેરીઓ ખાતે સંગ્રહની વ્યવસ્થાનું સંચાલન સુધારવામાં આવ્યું છે. મહિલા કારીગરો દ્વારા બનાવવામાં આવતી વસ્તુઓના વેચાણ માટે બજાર શોધવામાં આવી રહ્યું છે. સંભવિત ગ્રાહકોમાં નિકાસકારો, સ્થાનિક સાહસિકો અને પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

## (૩) આપત્તિ જોખમ ઘટાડાના સામાજિક નિર્ધારકો

રાજસ્થાનમાં છેલ્લા ૧૦ મહિનાથી આપત્તિ જોખમ ઘટાડા વિશે સમુદાય અને નાગરિક સમાજનાં સંગઠનોની ક્ષમતા વધારવાના હેતુથી એક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. અમદાવાદની 'વીમો સેવા'ના સહયોગ સાથે વીમા વિશે બે દિવસનો એક તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો કે જેમાં ૨૬ જણાએ હાજરી આપી હતી. ૭ પરિવારોને વીમા સાથે સાંકળવામાં આવ્યા હતા અને ૪ પરિવારોને આરોગ્યના વીમાનો દાવો મળે તે માટેની પ્રક્રિયામાં ટેકો આપવામાં આવ્યો હતો. પુણેની સંસ્થા 'માર્કેટ પલ્સ'ના ટેકાથી જુદા જુદા પ્રકારના ખેતી સાથે સંબંધિત એવા વીમા અંગે એક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પાક વીમો, ઢોર વીમો, ગોદામ વીમો અને સામુદાયિક વીમો જેવા વીમા વિશે વાત કરવામાં આવી હતી. તેમાં ૭ સંગઠનોના ૨૩ સહભાગીઓએ ભાગ લીધો હતો. ગૌચર જમીનના વિકાસ માટે પ્રયાસો બાડમેર જિલ્લામાં સિંધરી, બાલોતરા અને કલ્યાણપુર તાલુકામાં તથા જોધપુર જિલ્લાના શેરગઢ અને ફલૌદી તાલુકામાં ૩૮ નાના અને સીમાંત ખેડૂત પરિવારો દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. કામના દરેક સ્થળે લાભાર્થીઓની પસંદગી સમુદાય આધારિત નિર્દેશકો નક્કી કરીને તથા અસહાયતાનું વિશ્લેષણ કરીને કરવામાં આવી છે. તેમનો જોધપૂર ખાતેના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે એક શૈક્ષણિક પ્રવાસ પણ ગોઠવવામાં આવ્યો હતો. ત્યાં તેમને આકાશી ખેતી માટે કયા બાગાયતી પાક હાથ ધરી શકાય તેની તાલીમ આપવામાં આવી હતી. સાથે સાથે સમિતિના દરેક સભ્યની ભૂમિકા શું હશે અને પ્રવૃત્તિઓનું આયોજન કેવી રીતે કરવામાં આવશે તેની કાર્યગત વ્યવસ્થા વિશે ચર્ચા કરવામાં આવી હતી. દરેક સ્થળે ત્રણ લાભાર્થીઓની બનેલી એક ખરીદ સમિતિ રચવામાં આવી છે. તેમાં એક ક્ષેત્રીય પ્રાયોજક હોય છે અને 'ઉન્નતિ'ના કાર્યકર પણ તેમાં હોય છે. આ સમિતિથી કાચા માલની પ્રાપ્તિ ઓછી ખર્ચાળ અને પારદર્શક બને છે. સાથે સાથે જોખમનું વિશ્લેષણ પણ કરવામાં આવે

છે અને એ જોખમ નિવારવા માટે આયોજન પણ કરવામાં આવે છે. કામનાં તમામ સ્થળોએ આરોગ્ય અને સફાઈ વિશે એક દિવસની તાલીમો ગોઠવવામાં આવી હતી. તેમાં સિંધરી અને શેરગઢ તાલુકાની ગ્રામ વિકાસ સમિતિઓના સભ્યો હાજર રહ્યા હતા.

ગુજરાતમાં કચ્છ જિલ્લામાં ગાંધીધામ ખાતે તા. ૧૬થી ૧૮ જુલાઈ, ૨૦૦૮ દરમ્યાન 'માલિક પ્રેરિત પુનર્બાંધકામઃ નીતિ વિષયક માળખાં તરફ' વિષય વિશે એક રાષ્ટ્રીય પરામર્શ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દક્ષિણ એશિયાના 'બેઝિન'ના સભ્ય હોવાના નાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સંસ્થા આપત્તિના સામનાની તૈયારી માટેનું એક નેટવર્ક છે. તેમાં ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને ભારતના ગુજરાત, તામિલનાડુ તથા કાશ્મીરના અનુભવો વિશે આપ-લે કરવામાં આવી હતી. માલિકો પોતે જ ગૃહ નિર્માણ કરે તે માટેનું તંત્ર વિકસાવવા અંગેના અનુભવો સૌએ જણાવ્યા હતા. આ પ્રકારની નીતિથી માત્ર માલિકનું સંતોષનું સ્તર ઊંચું જાય છે એવુ નથી પરંતુ આપત્તિનું જોખમ ઘટાડવા માટે સલામતી અંગે કયાં પગલાં જરૂરી છે તેને વિશેની જાગૃતિમાં પણ વધારો થાય છે. તે ઉપરાંત સરકારનું વળતર મેળવવાની અને તેનો ઉપયોગ કરવાની પ્રક્રિયા વિશે પણ જાણકારી પ્રાપ્ત થાય છે. 'ઇકો'ના ટેકાથી અને 'સહભાગી શિક્ષણ કેન્દ્ર'ના સહયોગથી ઉત્તર પ્રદેશમાં બહેરિચ જિલ્લામાં કેસરગંજ તાલુકાની પાંચ પંચાયતોમાં 'પૂરગ્રસ્ત વિસ્તારોમાં આપત્તિના સામનાની શક્તિમાં વૃદ્ધિ' વિષય વિશે એ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. તેનો ઈરાદો ઘરથાળની જમીન ઊંચી લાવવાનો, હેન્ડપંપની જગ્યા ઊંચી લાવવાનો અને અસહાય જૂથના લોકોને કામને બદલે રોકડ રકમ મળે તેમ કરવાનો તથા આપત્તિના સામનાની તૈયારી માટે સમુદાયને તાલીમ આપવાનો છે.

કચ્છ જિલ્લામાં ભચાઉમાં અસહાય પરિવારો માટે ૧૫૬ ઘરો બાંધવા માટેની પ્રક્યિા પૂરી થઈ ગઈ છે. 'આપત્તિ સામેના પ્રતિભાવમાં માનસિક-સામાજિક સંભાળઃ મહત્ત્વના સિદ્ધાંતો અને પગલાં' તથા 'આપત્તિ બાદ પુનર્બાંધકામમાં અર્ધા કાયમી વચગાળાના આવાસોઃ માનસમાં પરિવર્તનની જરૂર' એમ બે પુસ્તિકાઓ અંગ્રેજીમાં પ્રકાશિત કરવામાં આવી છે.


ઉન્નતિ

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: unnati.org

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૩ ૦૦૮, રાજસ્થાન.

ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૯૮૨૫૧૫૬૪૦૨



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.